કુમાર

આવતી કાલનાં નાગરિકોનું
માસિક
સળંગ અંક
૪૮૮

સંસ્થાપક: રવિશંકર મ. રાવળ
તંત્રી: બચુભાઈ રાવત

વર્ષ ૪૧ · અંક ૮
ઓગસ્ટ ઈ. ૧૯૬૪



સત્તરમું સરવૈયું

સાંકળિયું

ઑગસ્ટ ૧૯૬૪ · અંક ૪૮૮

કોઈ આકસ્મિક કારણે અંક મોડો ન થયો હોય તો 'કુમાર' દર માસની ૧૫મી તારીખે બહાર પડે છે; એટલે તે અરસામાં અંક ન મળે તો તરત તેની ફરિયાદ કરવી. અકસ્માતે ગુમ થએલા અંકોની ફરિયાદોને, અમારી પાસે નકલો હોય છે ત્યાં સુધી તો પહોંચી વળવાનો અમે પ્રયત્ન કરીએ છીએ; પરંતુ એવા ગુમ થએલા કોઈ પણ અંકો ભરપાઈ કરી આપવાનું કશું બંધન અમારે માથે રહેતું નથી.

કુમાર કાર્યાલય લિમિટેડ તરફથી તંત્રી, મુદ્રક અને પ્રકાશક: બચુભાઈ પોપટભાઈ રાવત
મુદ્રણ-પ્રકાશનસ્થાન: કુમાર પ્રિન્ટરી, કુમાર કાર્યાલય લિ., ૧૪૫૪ રાયપુર, અમદાવાદ
વાર્ષિક લવાજમ રૂા. ૧૨; પરદેશમાં રૂ. ૧૫ અથવા શિ૦ ૨૪; છૂટક નકલ: રૂ. ૧-૨૫

વાચકો લખે છે

જુલાઈ અંકમાં સર ફ્રાંસિસ એડવર્ડ યંગહસબન્ડનું ચરિત્ર વાંચી વર્ષો પર આપણા દેશ ઉપર ચીને કરેલા આક્રમણની યાદ તાજી થઈ. બ્રિટિશ અમલ દરમ્યાન તેમણે જ કરેલાં સર્વ કાર્યોને શંકા ને ઘૃણાની નજરે જોવાની આપણામાંના ઘણાને હજુ આદત છે. આપે મૂકેલું ચરિત્ર આપણો દૃષ્ટિકોણ થોડોઘણો બદલાવશે એવી આશા છે.

આ દેશના સંરક્ષણ માટે કેટલી ચીવટ અને તકેદારી એ પરદેશી શાસકો રાખતા હતા તે જોતાં આપણે સ્વરાજ પછી બતાવેલી બેદરકારી બદલ શરમ અને દિલગીરીની લાગણી થયા વગર રહેતી નથી. ઉત્તર અને પૂર્વ એશિયાનાં બે બળવાન અને આક્રમક વૃત્તિ ધરાવતાં રાષ્ટ્રો સામે અફઘાનિસ્તાન અને તિબેટ સ્વતંત્ર 'બફર' રાજ્યો રહે એ હિંદના સંરક્ષણ માટેની પહેલી જરૂરિયાત હતી—અને છે. આશા છે કે એક કડવા અનુભવ પછી આપણા દેશનેતાઓ બીજી વાર ભૂલ નહિ કરે.

સ્મરણીય વ્યક્તિની સત્યકથામાં શ્રી પારાશર્યના લેખો મુગ્ધ કરે છે. આપણા ગુજરાતમાં પણ આવી સન્નિષ્ઠ તેમજ માનવતા અને વફાદારીભરી વ્યક્તિઓ થઈ ગઇ છે એ જાણતાં શુદ્ધ આનંદ અને ગૌરવ અનુભવાય છે. એમ લાગે છે કે ગુજરાતમાં જન્મવું એક વૃથા નથી.
(અમદાવાદ) —મણિલાલ દેવશંકર પંડયા

જૂન '૬૪નો અંક ખાસ ધ્યાન ખેંચે એવો બન્યો છે. શ્રી નેહરુના નિધન પ્રસંગે અન્ય સ્થળે પ્રકટ થએલાં એમનાં ચિત્રોમાં ઉપર્યુક્ત અંકનું મુખપૃષ્ઠ પરનું એમનું ચિત્ર વિશિષ્ટ છે.

શ્રી રવિભાઈનું 'જીવનચરિત્ર' તદ્દન નીરસ હેતુવિહીન ગદ્યની લખાપટ્ટી જેવું લાગે છે. સાથેસાથે એમનાં ચિત્રો તો તદ્દન ગાંડી–કૃત્રિમ – ગંદાં અને દૃષ્ટિને ત્રાસ આપે એવાં છે. (તંબૂર વગાડતા એક વૃદ્ધના ચિત્રમાં પાત્રનો અંગૂઠો જોયો !) મને નથી સમજાતું કે આપ જેવા સૂક્ષ્મદૃષ્ટિવાળા માણસની નજરમાંથી આ કેમ છટકી જાય છે.

પ્રશ્નોરા જ્ઞાતિને કેન્દ્રમાં રાખી લખાતી શ્રી પારાશર્યની લેખમાળા પણ એવી જ રસહીન છે. ક્યારેક સારા પ્રસંગો જોવા મળે છે.

શ્રી મોહનલાલ પટેલની બે લઘુકથાઓ રસિક સાબિત થઈ શકી નહિ. કવિતાઓમાં મુક્તકને નામે પૃષ્ટ-પૂરકો કેમ ઘૂસી જતાં હશે ? શ્રી રવિભાઇ જેવા પાસેથી તો ચિત્રકળા અંગેની સમર્થ લેખમાળાની અપેક્ષા રહે. 'જીવનપટનાં સ્મૃતિચિત્રો' વિષે શ્રી વિ. ર. ત્રિ.ના અભિપ્રાયને (જે તદ્દન શરૂઆતમાં મોકલવામાં આવેલો તેને) યાદ ન કરાવે તો સારું.
(જામનગર) —બળવંત જોષી

[*ચિત્રકળા વિષેની લેખમાળા તો ક્યારની યે આવી ગઈ એ આપના ખયાલ બહાર રહી ગયું લાગે છે. અને 'આત્મકથાનક'માં સંખ્યાબંધ વાચકોને અત્યંત રસ પડવા ઉપરાંત સામાજિક ઇતિહાસ પરત્વેનું દસ્તાવેજી મૂલ્ય પણ ઉપયોગનું લાગ્યું છે એનું શું ? કેટલીક વાર કદાચ આપણાં ચશ્માંના કાચ બદલવાની જરૂર પણ નથી હોતી ?]

પુનર્જન્મ વૈજ્ઞાનિક રીતે કોઇ સમજાવી શકશે ? અન્ન પછી સાત ધાતુ શરીરમાં જ બને છે. છેલ્લે શુક્ર અને રજ (?) બને છે. વૃષણ કે ઓવરીમાંનાં બન્ને જીવંત જીવાણુમાંથી એક જીવવાળી વ્યક્તિ જન્મે છે. તો પુનર્જન્મવાળો જીવ ક્યાંથી, ક્યારે, કેમ જન્મે છે ? રશિયામાં શુક્રાણુના અંશ DTN(?)નું રાસાયણિક જ પૃથક્કરણ નક્કી થઈ શક્યું છે. તો જીવ શું? જીવનના આ અતિ જરૂરી પ્રશ્નના જ્ઞાનનો પિપાસુ
(સાંટાક્રૂઝ) —મોતીલાલ કેશવલાલ ઘોળકિયા

ઓમકારનાથ ઠાકુરને બનારસ હિંદુ યુનિવર્સિટીએ ડી. લિટ. બનાવ્યા તે પહેલાં લેડી પ્રેમલીલા ઠાકરસીને બનાવ્યાં હતાં; એટલે ઓમકારનાથ વખતે 'એક માત્ર ગુજરાતી'નો ઉલ્લેખ બરાબર નથી.
(મુંબાઈ) —ઉમેદભાઈ મણિયાર

કલા અને કલ્પનાના યોગ્ય સંગમથી સર્જાએલું જૂનના 'કુમાર'નું પૂઠું 'કુમાર'ની શોભા તથા કીર્તિમાં અભિવૃદ્ધિ કરે છે. શ્રી નેહરુના જીવનના પ્રસંગોને 'કુમારે' ચિત્રોઅને લખાણથી યોગ્ય રીતે ટાંકયા છે. શ્રી નેહરુના જીવનની ઘણી તસવીરો જોવા મળેલી પણ 'કુમાર'માં દરેક અંકે કંઈક નવું હોય છે તેમ આ વખતે પણ શ્રી નેહરુની તસવીરો અસામાન્ય હતી. તેમાં પણ 'એકમાત્ર મૂછવાળો ફોટો' તો ખરેખર ક્યાંય જોવા મળેલો નહિ.
(કલકત્તા) —સુરેશ શાહ

'કુમાર'માં છપાતી શેક્સપીઅરનાં નાટકોની કથાવલિ ખરેખર સુવાચ્ય અને આકર્ષક છે. અનુકૂળતા હોય ત્યારે બધાં કથાનકો એક પુસ્તક રૂપે છપાય તો સારું.
(વડોદરા) —(ડૉ.) ભોગીલાલ સાંડેસરા

પંડિત નેહરુને પ્રિય રૉબર્ટ ફ્રૉસ્ટની કાવ્યપંક્તિઓનો ગુજરાતીમાં કોઈએ અનુવાદ કર્યો છે? એ પંક્તિઓ પરથી લાગે છે કે નેહરુને મૃત્યુના ભણકારા વાગી ચૂક્યા હતા. તેનો સરસ અનુવાદ કરાવી 'કુમાર'માં આપો તો?

જેવો 'કુમાર'નો આ વખતે અંક કાઢ્યો તેવો પ્રસંગાનુકૂળ અંક અંગ્રેજીમાં પણ જોવા નથી મળ્યો. 'કુમાર'નો આ અંક ખરેખર ચિરંજીવ રહેશે. એમાંથી બીજા લેખો કાઢી નાંખીને નેહરુ વિષે થોડું વધુ સાહિત્ય મૂકી એક બીજો 'સ્મૃતિઅંક' કાઢો તો?
(મોહોને : કલ્યાણ) —પદ્મકાન્ત ર. શાહ

જુલાઇના અંક(કંકાવટી)માં 'સુગંધાતેલો' ના લેખમાં છે કે વાળ વધારવા માટે પ્રોટીન, વિટામીન 'બી', લોહક્ષાર, ચૂનાના ક્ષારો અને આયોડીનની જરૂર છે. તો આ બધાં તત્ત્વો શામાંથી મળે છે તે વિષે વિસ્તારથી હવેના અંકમાં આપો તો મારી જેમ ઘણી બહેનોને રાહત મળશે. અગાઉ 'કુમાર'માં આવેલી તેલ બનાવવાની રીત (દાદીમાની ડાયરીમાંથી) પ્રમાણે જ હું બનાવું છું, બજારુ તેલ કદી પણ વાપરતી નથી, છતાં વાળ તો પુષ્કળ ઊતરે છે. તેનું કારણ કદાચ શરીરમાં જ કોઇક તત્ત્વોનો અભાવ હશે તેમ માનું છું. તો ઉપર પૂછેલાં તત્ત્વો રોજિંદા કયા ખોરાકમાંથી મળે તે જરૂરથી આપશો. —અનામિકા

ગીર-વનરાજના લેખમાં છાપભૂલો થઈ ગઈ લાગે છે: (૧) સિંહણને ગર્ભ રહી ગયા પછી ૧૦૫ અથવા ૧૦૮મે દિવસે પ્રસૂતિ આવે છે. (૨) સને ૧૯૫૦માં સિંહોની ગણતરીના આંકડા ૨૧૯ બોલે છે. આજથી એક સૈકા પહેલાં ગીર જંગલ ૬૦ માઈલ લાંબું અને ૨૦ માઈલ પહોળું હતું – એટલે કે ૧૨૦૦ ચોરસ માઈલ હતું; આજે ફક્ત ૫૦૦ ચોરસ માઈલ રહ્યું છે. અને ગિરનાર (ડુંગર)નું જંગલ માત્ર ૮૦ ચોરસ માઈલ રહ્યું છે.
(જૂનાગઢ) —દત્તાત્રેય મો. ફાટક

જુલાઈ અંકમાં યંગહસબન્ડ વિષેની માહિતી વાચનીય અને પ્રાસંગિક પણ છે. શ્રી રવિભાઈના આત્મકથાનકમાં મુંબઈથી નાસિકના પ્રવાસનું જે વર્ણન આવે છે તેમાં કસારાઘાટ છોડયા પછી 'ડયૂક્સ નોઝ' (જ્યાં ડયૂક ઑવ વેલિંગ્ટને પેશ્વાઈ સત્તાને પરાસ્ત કરી હતી)નો ઉલ્લેખ આવે છે. આ હકીકતદોષ હોઈ સુધારવો જરૂરી છે. 'ડયૂક્સ નોઝ' પૂના જતાં ખંડાળા ઘાટ પર છે, અને નહિ કે દેવલાલી-નાસિક જતાં કસારાઘાટ પર. કસારાઘાટ પર તો વિલ્સન પૉઈન્ટ છે.
(મુંબાઇ) —શાંતિલાલ તોલાટ

જુલાઈ અંકમાંનાં પદ્મનાભપુરમના રાજમહેલનાં ચિત્રોનાં રેખાંકનોને જ મળતાં ભીંતચિત્રો કોચીનના મટ્ટનચેરી રાજમહેલમાં પણ છે. તેમાંના શિવ અને ગણેશ વગેરેનાં રેખાંકનોમાં ખાસ ફેર દેખાતો નથી. એ ચિત્રોની નકલો મારા મિત્ર જયંતીલાલ પારેખ પાસે ત્યાંની સરકારે કરાવેલી. તે કહે કે મટ્ટનચેરીનાં ચિત્રો હજાર વર્ષ જૂનાં નથી.

નીચેનું અવતરણ, Superintendent, Cochin Government Press(1945) તરફથી બહાર પડેલી સચિત્ર પુસ્તિકામાંથી ઉતારી મોકલું છું: 'Topacify him(Raja) the Portuguese built and presented to him the Mattancheri Palace in or about the year 1555... These murals were hainted during the reign of Vira Kerala (1646–'50). The work of painting was not finished during his reign. It was continued by his successors Goda Varma (1662–1663) and Vira Kerala Varma 1663–1687).'

પદ્મનાભપુરમ્ અને મટ્ટનચેરી રાજમહેલનાં ચિત્રો વચ્ચે ૯૦૦ જેટલાં વર્ષોનો ગાળો હોય અને છતાં લગભગ એક જ જાતનું કામ થયું હોય તો તે આશ્ચર્યજનક કહેવાય. અને તો વચલા ગાળામાં પણ સળંગ થયું હોવું જોઈએ ને મળવું જોઈએ. અથવા તો ચિત્રોના સમય નોંધવામાં ક્યાંક ભૂલ હોય.

શ્રી જવાહરલાલ વિષેના 'કુમાર'નાં લખાણ વગેરે માટે ઘણાઓએ લખ્યું છે. લખાણની રજૂઆત, ફોટાઓની વિવિધતા અને તે આટલી જલ્દીથી સામગ્રી પીરસાઇ, તે તરફ મારું ધ્યાન ખૂબ જ ખેંચાયું.
(પૉંડીચેરી) —કૃષ્ણલાલ ભટ્ટ

[*અમારી માહિતી 'ઈલસ્ટ્રેટેડ વીકલી'ના એક અતિ પુરાણા અંક (જેમાં એ ચિત્રો છપાયાં છે)માંના તેના પરિચયના લેખક શ્રી ટી. એ. રામનના આધારે હતી. આપની વાત સાચી લાગે છે.]

જવાહરલાલ નેહરુના સંક્ષિપ્ત ચરિત્રમાં લગ્ન વખતે ઉમર વર્ષ ૨૨ લખાએલી છે તેને બદલે ઉમર વર્ષ ૨૭ લખાવું જોઈએ, કારણ કે લગ્નની સાલ ૧૯૧૬ જણાવી છે.

(વિલેપારલે) —કુ૰ જયશ્રી શાહ

જુલાઈ અંકમાં શ્રી રવિશંકર રાવળે 'ભાઈશંકર દવે ગઝલગાયક, જાણીતા ક્રિકેટીઅર' એમ લખ્યું છે. ખરો શબ્દ 'ક્રિકેટર' જોઇએ.

(મલાડ) —કિરણ એ. દેસાઈ

'કુમાર'ના અંકમાં ભાયાણીએ 'પાનેતર'ની શબ્દકથામાં શ્રી હર્ષવર્ધન સુધી કથા આપી છે તે મહાકવિ કાલિદાસ અને કૌટિલ્ય સુધી લંબાવી શકાય એમ છે. કૌટિલ્યનો સમય લગભગ પ્રમાણભૂત ગણાય છે, અને એનું અર્થશાસ્ત્ર ઘણા વિષયોની અધિકૃત વિગત નોંધે છે. કામળાને વર્ણવતું આવું પદ છે: खचितं वानचित्रं खण्ड साङ्घात्यं तन्तुविच्छिन्नं च कम्बलः। 'વાનચિત્ર' એ વણાટમાં જ ચિત્ર કે ભાત ઉપજાવેલી હોય તેને માટે યોજાએલો શબ્દ લાગે છે; અને 'ખચિત' શબ્દ ભરત માટે કે કદાચ કસબ માટે પણ હોય.

ભિન્નભિન્ન દુકૂલની સમજ આપતું પદ છે: वाङ्गकं श्वेतं स्निग्धं दुकूलं, पौण्ड्रकं श्यामं मणिस्निग्धं; सौवर्णकुड्यकं सूयवर्णं मणिस्निग्धोदकवानं च चतुरश्रवानं व्यामिश्रवानं च।

આમાં શ્વેત સુંવાળા દુકૂલને બંગાળ(કે આસામ)માં બનતું જણાવ્યું છે; હાથીદાંત જેવું સુંવાળું (ગુજરાતીમાં હાથીદાંતની ચૂડીને નંગ કે મણિસમ કહેવામાં આવે છે) ચમકતું સુંવાળું, અને શ્યામ પૌંડ્રમાં સૂર્ય સમાન ચમકતું, સુંવાળું, પાણી (દરિયાનાં મોજાં) જેવા વણાટવાળું, સુવર્ણકુડયમાં ચોરસ વણાટમાં અને વ્યામિશ્ર વણાટમાં. ઉત્તર ભારતના ઘણા ભાગોમાં (બંગાળનું) આ શ્વેત દુકૂલ-પાનેતર-કન્યાને વિવાહ સમયે પહેરાવાય છે.

મહાકવિ કાલિદાસના 'કુમારસંભવ'માં બટુક વેષે મહેશે પાર્વતીને કલ્પનાસભર શબ્દચિત્ર દોરતો કહેલો શ્લોક (જો પાર્વતી તપ સિદ્ધ કરીને મહેશને મેળવશે તો પાનેતરની–વધુદુકૂલની, છેડાછેડી શાની સાથે બંધાશે તેની કલ્પના કરવા જણાવતો) જુઓ:

त्वमेव तावत्परिचिन्तय स्वयं
कदाचिदेते यदि योगमर्हत?।
वधूदुकूलं कलहंसलक्षणं
गजाजिनं शोणितबिन्दुवर्षि च ॥

[તું જ પોતે વિચાર કર: જો કદાચ એ રાજહંસની ભાતવાળું (કે છાપવાળું) પાનેતર ને લોહીનાં ટીપાં નીંગળતા હસ્તી અજિનની છેડાછેડી (યોગ) યોગ્ય થાય તો?]

આમાં 'લક્ષણ' સાથે એ અર્થનું સૌરાષ્ટ્રી 'આળખવું' સરખાવવા જેવો છે. કદાચ આલેખન એ અર્થમાં કૃત્રિમ ઉપજાવેલું રૂપ હોય?

અજંટાનાં ચિત્રોમાં પણ રાજહંસની ભાતનું વસ્ત્ર ધારેલું સ્ત્રીપાત્ર છે. ઉપર 'વધુદુકૂલ' શબ્દ છે, એ જ નવવધૂનું શ્વેત બંગાળી વસ્ત્ર, પાનેતર છે: જેમાં રાજહંસની છાપ—ભરત 'લક્ષણ'પદથી સૂચવાય છે.



અજંટા ગુફા નં. ૧ માંનું હંસભાતનું ચિત્ર (રેખાનુકૃતિ: ખોડીદાસ પરમાર)

'નેત્રાંબર' શબ્દનો કદાચ મૂળ અર્થ 'રેશમી વસ્ત્રની ફરતી કિનાર ઉપર આંખના ડોળા જેવી બાંધણુંથી બાંધેલી ચૂંદડીભાત' હોય; એટલે 'છૂંદણાં'વાળી ભાતથી 'ચૂંદડી' કહેવાતી હોય; અને એનું સંસ્કૃત રૂપ પરિનેત્ર. તળપદા તમિળ શબ્દ 'ચેટ્ટી'નું 'શ્રેષ્ઠી' થયું અને એનું 'શેઠ'; એમ ચૂંદડી પાકૃતનું પરિનેત્રાંબર અને પાછું એનું પાકૃત પાનેતર થયું હોય.

આમ 'પાનેતર' લોકજીવન દ્વારા મળેલો અને રૂઢ થએલો શબ્દ લાગે છે, જેનો સંસ્કૃત મૂળ પર્યાય વધૂદુકૂલ જણાય છે. આજે ય હજુ કેટલા યે ઉચ્ચ વર્ણમાં ભાત વિનાનું શ્વેત પાનેતર જ પહેરાય છે, જ્યારે કહેવાતા નીચલા વરણમાં વિવિધ કોમોમાં ભિન્નભિન્ન પ્રકારનાં ભાતવાળાં પાનેતર પહેરાય છે

(ભાવનગર) —ધીરજલાલ અ. વૉરા

વતનવાટે બપોર / બાલમુકુન્દ દવે

· સ્રગ્ધરા ·

ગાડીથી ઊતરીને, પળભર વિરમી શંભુને શાન્ત દે'રે,
હીંડ્યો હૈયે અધીરે, વતનપથ પરે, ધોમધીખ્યા બપોરે;
ખેલેલો ધૂધરે હું શિશુવય જનનીઅંક, એવાં જ વ્હાલાં,
વૈશાખી વા અડે ને ખડખડ ખખડે ખેતરે ખાલી કાલાં!

આઘેની ભેખડે કો ભડભડ બળતી ચેહ રાતી સ્મશાને,
સામેથી દોડી આવે પરિચિત સરિતા–જાંબુવો ભેટવાને!
એકાદે વૃક્ષકૂંડે 'પ્રભુ તું' 'પ્રભુ તું'ની ધુન માંડે કપોત,
પીતો મધ્યાહ્ન પ્યાસે, હળુહળુ સરિતાનો વટી જાઉં સ્રોત.

ખંભાની ખીંટીએ દૈં ભરવી બગલથેલો, બઢું ઓર આગે,
'આ આવ્યું ગામ મારું' પ્રતિ ડગ ભણકારા ઉરે એ જ વાગે!
પેલી પેખાય ઝાંખી વતનદ્રુમઘટા — જીવને જેની માયા,
દે'રે ઊડે પતાકા, અસલ પરબડી, છાપરાં છાજછાયાં.
થોભો ના, થાકશો ના, ચરણ! અધઘડીનો હવે ખેલ બાકી:
ભાગોળે આપણી તો અગન વરસતી લૂ બની જાય સાકી!

ઘવાએલો સૈનિક

રાવજી પટેલ

· ઉપજાતિ ·

કપાયલી ડાળ પરે ટહૂક્યું
પંખી, અને યાદ બધાંય આવ્યાં.

લાવો લખું કાગળ આજ થાતું,
ને ગામ આખું ઉભરાય ચિત્તે;
લખું ત્યહીં સ્પર્શ થતો સહુનો.

પૂરું કરું વાચન ત્યાં થતું કે
રહી ગયું કૈંક કશુંક; જોઉં
અહીંતહીં, બ્હાર, પણે, કને, આ
બંદૂક જે બિસ્તર પાસ ઊભી
ઉજાગરેથી નબળી પડેલી
પત્ની. ઘવાયો હમણાં ફરીથી.

અમાસની મધરાત / ચંદ્રકાન્ત શેઠ

· ગાન ·

અમાસની મધરાત:
પુલ પર જાણે ભૂરા તેજની ઝરમર ઝીલતો,
અંધકાર મુજ સાથે બેઠો ઝોક્યા કરતો શાંત;
નીચે વ્હેતાં નીર:
જલમાં જાણે રણે કાચની ભૂંગળીઓનાં તોરણ
અડયે સમીર.
સ્ટ્રીટલાઇટ પણ મંદ:
તેજ ઊંઘમાં ખાય બગાસાં, આળસ ખાતો પંથ.
ક્યાંક ઘુવડના ઘોર:
ભયથી શંકિત હવા કંપતી
બિલ્લીની જ્યમ શોધે ભરાઇ જાવા કોઇ બખોલ.

સંકોચીને શરીર, ટૂંટિયું વાળી સૂતું શહેર;
એકલદોકલ જતી કારની પડતાં પ્રકાશ-સેર
શહેર જરા ઝબકીને જાગી ફરી મીંચતું આંખ,
–મરઘીએ સોનાનું ઈંડું મેલ્યું નથી,–નિરાંત.

દૂર ક્યાંક વનરાઇ મહીંથી
સૂનકારને ખખડાવે છે પાંદ,
મારાં લોચન આંસુને જલ ડૂબ્યો ગોતે ચાંદ.

ના જાણું / જશવંત લ. દેસાઈ

· શિખરિણી ·

પડ્યું પક્ષાઘાતે અરધ તન કો કાષ્ઠટુકડા
સમું, બાકી અર્ધું તહીં જીવનના ચિહ્ન સ્વરૂપે
થતો ઊંચો ધ્રૂજી શિથિલ કર માખીથી બચવા;
હું જાણું છું આવે સમય છુટકારો શું મરણ.

હું જાણું છું મૃત્યુ વળી સુખદ ને ધન્ય પણ હો:
હવા આઝાદીની શ્વસત ભૂમિફેરી સરહદે
પડે તૂટી ધાડાં તીડ સમ ઝનૂની રિપુતણાં,
તદા ઝૂઝી અદ્રિ સમ અડગ, પ્રાણાર્પણ થતાં.

છતાં યે ના જાણું: પથ પર મળી જાય કદીક
ધુમાડાથી ધીમા સળગત અડાયું, સમૂહમાં
પ્રભુનામોચ્ચારો સહ સરલ ડાઘુજન થકી
ઉપાડાઈ સ્કંધે અગમપથ યાત્રાળુ, ઘડીક

જતાં થંભી મારાં ચરણ, નીરખું એકીટશ ને
છવાઈ જાતી કાં હૃદયમહીં ઊંડી ગમગીની.

કાવ્ય / રાજેન્દ્ર શુક્લ

· લાવણી ·

ધૂળ પર ખરે મૌનનાં પર્ણ,
પર્ણનો ધૂસર પિંગલ વર્ણ,
તે ઝીલે રતુંબડાં કોઈ કર્ણ,
કર્ણ પર ઝૂલે નીલમ પર્ણ!

રહ્યું / રાજેન્દ્ર શુક્લ

· ગઝલ ·

ખંડેરના એકાંતને પણ એક જણ મળતું રહ્યું,
ને એક સાથે બીજી પળને કો'ક સાંકળતું રહ્યું.
ઊંચાઇઓને આંબવી'તી, ચંદ્ર તો બ્હાનું હતું,
ના વ્યર્થ કૈં સાગરતણું ઊંડાણ ખળભળતું રહ્યું.
આ જિંદગીના ચાર દિનનું ગીત તો પૂરું થયું,
મુજ શૂન્યતા ગાતી રહી, તુજ મૌન સાંભળતું રહ્યું.
ઊગ્યા કર્યું સ્વપ્નોનું લીલું ઘાસ કબરો પર અને
આકાશની આંખો થકી મુજ દર્દ ઓગળતું રહ્યું.
આ વન્ય કેડીઓ – પવન ગાતો રહ્યો મારી ગઝલ,
ને તે ક્ષિતિજને પ્રાંત અણદીઠું વદન ઢળતું રહ્યું.
'ના કોઈની યે વાટ...' કહી જેણે ક્ષિતિજ તાક્યા કર્યું,
છેવટ સુધી એ આંખમાં આકાશ ટળવળતું રહ્યું.
હું તો સમયની જ્યમ તને મુજ સાથ વિસ્મરતો ગયો
યુગ–અંતનું ખાલીપણું મુજ રક્તમાં ભળતું રહ્યું.

આવ્યું'તું કોઈ સ્નેહની જાગીર લઈ,
ને હાથમાં સૌંદર્યનું તકદીર લઈ;
હું વાત કરું ત્યાં કોઈ ચાલ્યું યે ગયું,
શોધું છું હવે આંખમાં તસવીર લઈ.

'આદિલ' મન્સૂરી

પંદરમી ઑગસ્ટ

શ્રી અરવિંદ

આ દિવસે એક જૂનો યુગ પૂરો થાય છે, એક નવો યુગ બેસે છે; એટલું જ નહિ, એક સ્વતંત્ર પ્રજા તરીકેના આપણા જીવન અને કર્મ દ્વારા આખી માનવજાતિના ભાવિ માટે, તેના રાજકીય, સામાજિક, સાંસ્કૃતિક અને આધ્યાત્મિક વિકાસની દિશામાં એક નવા યુગનું મંડાણ પણ આપણે કરી શકીએ છીએ.

પંદરમી ઑગસ્ટ એ મારો જન્મદિવસ પણ છે. આ સુયોગને હું કેવળ એક અકસ્માત તરીકે જ નથી જોતો, પરંતુ મારા જીવનના આરંભકાળથી મેં જે કાર્ય હાથ ધર્યું છે એ કાર્યમાં પ્રભુની દિવ્ય શક્તિને આ સુયોગ દ્વારા પોતાની પૂર્ણ અનુમતિ દર્શાવતી જોઉં છું. મારા જીવનકાળ દરમિયાન જે જે જગદ્વ્યાપી પ્રવૃત્તિઓને સફળ થવાની મેં આશા સેવી હતી, અને તે કાળે જે અવ્યવહારુ સ્વપ્ન જેવી જ દેખાતી હતી, તે સઘળાને હું સફળ થતી, યા તો સફળતાની દિશામાં ગતિ કરતી જોઉં છું.

આ સ્વપ્નોમાં પ્રથમ હતું એક ક્રાંતિકારી આંદોલન દ્વારા સ્વતંત્ર અને સંગઠિત હિંદનું સર્જન કરવું. આજે હિંદ સ્વતંત્ર બન્યું છે, પણ તેણે એકતા સિદ્ધ નથી કરી. હિંદુઓ અને મુસલમાનો વચ્ચેના જૂના કોમી ભેદે દેશના કાયમી રાજકીય ભાગલાનું રૂપ લઈ લીધેલું છે. આ ભાગલા રહેશે ત્યાં સુધી આંતરવિગ્રહનો હમેશાં સંભવ રહેવાનો, એટલું જ નહિ, હિંદ પર કોઈ બહારની સત્તા પણ આક્રમણ કરી શકે અને પરદેશી સત્તાના હાથમાં પાછું હિંદ ચાલ્યું જઈ શકે. ભાગલાને લીધે હિંદનો પોતાનો આંતરિક વિકાસ અને પ્રગતિ પણ અટકી પડે, જગતની પ્રજાઓમાં તેનું સ્થાન નબળું પડી જાય તથા હિંદનું પોતાનું જે વિશિષ્ટ જીવનકાર્ય છે તેને ક્ષતિ પહોંચે એવો સંભવ પણ છે. હિંદના આ બંને ભાગોને એમ લાગવું જોઈએ કે બંને વચ્ચે શાંતિ ને સુમેળની જરૂર છે, એટલું જ નહિ પણ બંનેએ હળીમળીને ભેગું કામ પણ કરવાનું છે. આ વસ્તુનો વધુ ને વધુ સ્વીકાર થતો જાય અને એ બંને ભાગો સહિયારાં કામો કરવા લાગે તથા તે માટે જરૂરી સાધનો ઊભાં કરે તો એ રીતે એકતા છેવટે પાછી આવી શકે છે. આ એકતા પછી ભલે ગમે તે રૂપમાં આવે.

મારું બીજું સ્વપ્ન હતું એશિયાની પ્રજાઓની જાગૃતિનું, તેમની સ્વતંત્રતાનું, માનવસંસ્કૃતિના વિકાસમાં એશિયાએ જે મહાન ભાગ ભજવવાનો છે તે ભજવતું તે થાય તેનું. આજે એશિયા જાગ્યું છે. તેનો ઘણો મોટો ભાગ હવે સ્વતંત્ર થઈ રહ્યો છે. એ બાબતમાં હિંદે પોતાનો ભાગ ભજવવાની સ્ફૂર્તિ અને શક્તિ બતાવી છે.

મારું ત્રીજું સ્વપ્ન હતું જગતના એક રાષ્ટ્રસંઘની સ્થાપના, કે જે દ્વારા માનવજાતિને વધુ સુંદર, વધુ ઉજ્જવળ અને વધુ ઉત્તમ જીવન જીવવા માટે એક બાહ્ય ભૂમિકા પ્રાપ્ત થાય. એ દિશામાં હજી એક અપૂર્ણ એવું સંગઠન શરૂ તો થયું છે, પરંતુ તેની સામે પ્રચંડ મુશ્કેલીઓ ઊભેલી છે. તો પણ એ કાર્યને વેગ મળી ચૂક્યો છે. એ વેગ વધુ ને વધુ વધતો જશે અને છેવટે આ પ્રવૃત્તિ વિજય પામવાની છે. આ વિષયમાં પણ હિંદે આગળપડતો ભાગ ભજવવા માંડ્યો છે. જગતની પ્રજાઓ એક બને એ કુદરતની પોતાની જ આવશ્યકતા છે. જો માનવજાતિ નિર્વીર્ય હશે અને મૂર્ખરીતે સ્વાર્થમાં ડૂબેલી રહેશે તો જ આ એકતા સિદ્ધ નહિ થાય. આ સિદ્ધિ માટે એકલી બાહ્ય ભૂમિકા જ પૂરતી નથી. જગતમાં એક આંતરરાષ્ટ્રીય ભાવના અને દૃષ્ટિનો પણ ઉદય થવો જોઈશે. માણસોને બેવડી અથવા તો અનેકદેશીય નાગરિકતાના હક્ક મળે, સંસ્કૃતિઓનો બુદ્ધિપૂર્વક વિનિમય થાય, તેમનું સ્વેચ્છાપૂર્વક સંમિશ્રણ થાય, એવીએવી પ્રવૃત્તિઓ શરૂ થવી જોઈશે.

મારું એક અન્ય સ્વપ્ન હતું હિંદે જગતને આપવાની આધ્યાત્મિકતાની ભેટ. એ કાર્ય પણ શરૂ થઈ ચૂક્યું છે. હિંદની આધ્યાત્મિકતા યુરોપ અને અમેરિકામાં વધુ ને વધુ પ્રમાણમાં પ્રવેશ કરી રહી છે. લોકો હિંદની તત્ત્વદૃષ્ટિને અનુસરવા લાગ્યા છે એટલું જ નહિ, હિંદની સૂક્ષ્મ અને આધ્યાત્મિક સાધનાનો પણ આશ્રય લેવા લાગ્યા છે.

મારું છેલ્લું સ્વપ્ન હતું માનવવિકાસમાં સાધવાનું એક નવું પગલું, એક નવી ભૂમિકાની પ્રાપ્તિ. એ એક એવું પગલું હશે કે જેને લીધે મનુષ્ય એક વધુ ઉચ્ચ અને વિશાળ ચેતનાની અંદર આરોહણ પામશે. પરંતુ આ તો હજી મારી અંગત આશા જ છે, અંગત આદર્શ જ છે. તોપણ હિંદમાં તેમજ પશ્ચિમમાં પણ એ આદર્શે ચિંતનશીલ માણસોને આકર્ષવા માંડ્યા છે. આ કાર્ય આંતરચેતનાના તથા આત્માના વિકાસ દ્વારા જ શક્ય બનવાનું છે. અને આ વિષયમાં પણ આરંભ હિંદ જ કરી શકે તેમ છે.

હિંદની સ્વતંત્રતાના આજના દિવસનું રહસ્ય હું આ રીતે જોઉં છું. આ આશા કેટલી સફળ થશે એનો આધાર હવેના સ્વતંત્ર અને નૂતન હિંદ પર રહે છે.

(અનુવાદ : સુન્દરમ્)

(૧૪-૮-૧૯૪૭ના રોજ ત્રિચિનાપલીથી પ્રસારિત આકાશવાણીમાંથી તારવીને)

ભારતીય સંગીતના ભીષ્માચાર્ય

ઉસ્તાદ અલ્લાઉદ્દીનખાં

લેખક પ્રો. વસંત જોષી



બે માસ પછી ૧૦૨ વર્ષ પૂરાં કરશે

ભારતના સાજસંગીતની આજની સમૃદ્ધ મૌઢી જેમને ખાસ આભારી છે એવા, ભારતીય સંગીતના ભીષ્માચાર્ય સમા ઉસ્તાદ અલ્લાઉદ્-દીન-ખાં આવતા આસો માસની સુદ આઠમે(દુર્ગાષ્ટમીને દિવસે) જીવનનાં એકસો ને બે વર્ષ પૂરાં કરી ૧૦૩ના વર્ષમાં પ્રવેશ કરશે. ભારતની ઉજ્જ્વલ સંગીત પરંપરામાં પ્રકાશી ગએલી અનેક પ્રતિભાઓની આગલી હરોળમાં આવનારા ખાંસાહેબની ખરી મહત્તા તો નવા રાગ ઉપજાવવાની એમની સર્જકશક્તિમાં અને જૂની પરિપાટિને નવા અંકુરો વડે ફલવતી કરવામાં રહેલી છે.

શરૂઆતનાં વર્ષોમાં ભૂખે મરવા સુધીની કપરી ગરીબી અને આપઘાત કરવા સુધીની અફલનિરાશામાંથી તરી પાર ઊતરીને એમણે રોજના વીસત્રીસ કલાક સુધી સંગીતની જે કઠોર સાધના કરી; એ પછી અદ્વિતીય સિદ્ધિઓ છતાં જાહેર પ્રજાએ કરેલી અવગણના પ્રત્યે તેઓ જે સ્વસ્થતાથી નિરામય રહ્યા અને કીર્તિ જ્યારે બારણાં ઠોકતી આવી ત્યારે દુન્યવી લાલચો કે પૈસાની પરવા કર્યા વિના પોતાના મામૂલી વતનને જ વળગી રહ્યા એ બધી એમના તપઃપૂત જીવનની ઉજ્જ્વળ આભા છે.

સાદો સફેદ પોશાક, નાનકડી દાઢી, વિશાળ કપાળ અને શાંત મુદ્રાવાળા ખાંસાહેબનું દર્શન કોઈ સાત્વિક પુરુષ જેવું લાગે; પણ એ આભાની પાછળ લગભગ સો વર્ષનું રોમહર્ષણ જીવન રહેલું છે.

પશ્ચિમ બંગાળની પૂર્વમાં અને આસામની નૈર્ઋત્યે આવેલા ત્રિપુરા રાજના શિવપુર ગામમાં ઈ. ૧૮૬૨માં એક મુસ્લિમ કુટુંબમાં એમનો જન્મ થયો. એમનું બાળપણનું નામ આલમ. પિતાને સંગીતનો શોખ ખરો, પણ આ નાનકડો આલમ ભવિષ્યમાં ભારતનો મહાન સંગીતકાર બનશે અને શતાયુ થઈ ભારતના રાષ્ટ્રપતિના હાથે ‘પદ્મભૂષણ’નું સન્માન પામશે એવો ખયાલ એના કુટુંબીજનોને સ્વપ્નામાં ય નહિ આવ્યો હોય.

પણ પિતાનો એ વારસો એનામાં બરાબર ઊતર્યો હતો. એનું મન ભણવામાં જરાયે લાગતું નહિ. નિશાળે જવા ખાતર એ ઘેરથી નીકળતો પણ રસ્તામાં એક શિવમંદિર હતું એમાં રોજ જઇને બેસતો. મંદિરમાં હમેશાં ભજન-કીર્તન ચાલતાં જ હોય. તે આલમ તલ્લીન થઇને સાંભળતો ને મનમાં શોચતો: ‘અફસોસ! મારા કંઠમાં આવું માધુર્ય હોત તો!’ તેમાં યે સાધુના સિતાર ને ખોલવાદનથી તો તે મુગ્ધ થઈ જતો. આમ ત્યાં આખો દિવસ ગાળતો ને નિશાળ છૂટવાનો વખત થાય ત્યારે મંદિરમાંથી નીકળી ઘેર પહોંચી જતો. કેટલાય દિવસ આમ ચાલ્યું. આખરે એક દિવસ મહેતાજીએ આલમને ઘેર ફરિયાદ કરી કે છોકરો નિશાળમાં કોઇ દિવસ હાજર રહેતો નથી. આલમની માતા રોષે ભરાઈ અને તે સાંજે એણે છોકરાને સારી પેઠે માર્યો. પણ પરિણામ ધાર્યા કરતાં અવળું જ આવ્યું. એ જ રાત્રે ઘરમાંથી થોડા પૈસા લઈ આલમ ફરતા સંગીતકારોની એક ટોળીમાં નાસી ગયો અને રખડતો રખડતો કલકત્તા પહોંચ્યો. ત્યારે એની ઉંમર સાત વર્ષની હતી.

સંગીતજ્ઞ બનવાની અદમ્ય આકાંક્ષાથી આલમ કલકત્તાના રસ્તાઓમાં ભૂખ્યોતરસ્યો રખડવા માંડયો. પણ એ શહેરમાં એને કોણ ઓળખતું હતું? ખાવાનું મળતું ન હતું, રહેવા માટે સ્થાન હતું નહિ. ત્યાં કોઈ બદમાશે એની પાસેના પૈસા પડાવી લીધા અને નિરાધાર આલમ શહેરમાં આમતેમ ભટકતો દિવસ વિતાવવા લાગ્યો. એવામાં એક દિવસ ત્યાંના એક જમીનદાર હીરેશ્વર રૉય સાથે એનો અચાનક ભેટો થઈ ગયો. એમણે શાંતિથી આલમની વાત સાંભળી. અને સંગીતજ્ઞ થવાના એના કોડને ઉત્તેજન આપવા એ વખતના એક દરબારી ગાયક શ્રી ગોપાલચંદ્ર ભટ્ટાચાર્યને ત્યાં એને મોકલ્યો. આમ એની સંગીતની આરાધના શરૂ થઇ. એક ગુરુ—જો એ બાર વર્ષ સુધી અખંડ ઉપાસના કરે તો એને સિતાર શીખવવા તૈયાર થયો. બીજા એક ગુરુએ એવી જ શરતે તબલાં અને મૃદંગ શીખવવાની હા પાડી. ભિખારીઓને મળતા મફત ભોજનના સદાવ્રતમાં માત્ર એક જ ટંક ખાઇને અને એક નાનકડી દવાની દુકાને રાત વિતાવીને આલમે સંગીતની સાધનામાં સાત વર્ષ ગાળ્યાં. પણ...

આલમ ઘેરથી નાસી ગયો ત્યાર પછી એના વાલીઓ કંઇ શાંત બેસી રહ્યા ન હતા. એમની તલાશ તો ચાલુ જ હતી. કોઇ હિતૈષી દ્વારા એમણે જાણ્યું કે છોકરો કલકત્તામાં સંગીત શીખે છે. તરત જ ઘરના લોકો ત્યાં જઈ પહોંચ્યા અને સિફતથી એને પકડી ઘેર લાવ્યા. હવે ફરીથી એ ભાગી ન જાય તે માટે એમણે એક યોજના કરી. ઢાકા જિલ્લાના રાયપુર ગામની એક છોકરી સાથે એમણે એની શાદી ઠરાવી. પણ શાદીની રાતે જ તે બીજી વાર ઘેરથી નાસી ગયો.

કલકત્તા આવતાં ખબર પડી કે એના ગુરુ અવસાન પામ્યા હતા. એટલે જેનો પણ પરિચય થાય તે સંગીતકારના સંપર્કમાં આવી તે જ્ઞાન મેળવતો અને એમની કલાનું આબેહૂબ અનુકરણ કરતો. એમાં એને



અલીઅકબરખાં અને રવિશંકર
સરોદ-સિતારની જુગલબંધી...અને સાળા-બનેવી

નિપુણતા મળતી ગઈ અને થોડા સમયમાં તે એટલો જાણીતો થયો કે લોકો એને 'હરફન મૌલા' તરીકે ઓળખવા લાગ્યા. એવામાં સ્વામી વિવેકાનંદના એક ભાઈ જે નિષ્ણાત વાદ્યસંગીતકાર હતા એમણે કૃપા કરી એને પોતાની પાસે રાખીને વાયોલિન, પીઆનો, કૉરૉનેટ, ક્લૅરિયોનેટ, ફ્લ્યૂટ ને શહનાઈ શીખવ્યાં; ઉપરાંત કલકત્તાની એક વાદ્ય-મંડળીમાં વાયોલિન બજાવનારની નોકરી પણ અપાવી. વળી મહારાજા જતીન્દ્રમોહન ટાગોર પણ એના આશ્રયદાતા બન્યા, જેમની સહાયથી એણે તે કાળના એક વિખ્યાત ઉસ્તાદ પાસેથી સરોદવાદનની ઉચ્ચ કળા હસ્તગત કરી. આમ એણે ઘણા ગુરુઓ પાસેથી વિદ્યા મેળવી. અમૃતલાલ દત્ત, શ્રી નંદબાબુ, ઉસ્તાદ અહમદઅલીખાં, ઉસ્તાદ આબિદઅલીખાં જેવા સંગીતકારો પાસેથી એ ઘણું શીખ્યો. વિવિધ શૈલીઓનો પણ અભ્યાસ કર્યો. પણ મનમાં સંતોષ ન હતો. હજી સારા ગુરુ મેળવવાની ઇચ્છા હતી અને એમની શોધમાં એને રખડવું હતું.

ઉત્તર પ્રદેશનું રામપુર ગામ એ વખતે સંગીતનું કેન્દ્ર ગણાતું. ત્યાં તાનસેનની કન્યાના વંશજ ઉસ્તાદ મહંમદ વજીરખાં રહેતા હતા, જે શ્રેષ્ઠ બીનકાર તરીકે દેશ આખામાં પ્રખ્યાત હતા. એમની પાસેથી વિદ્યા મેળવવાની આશાએ આલમ રામપુર આવ્યો. ખુદ રામપુરના નવાબ એ વજીરખાંના શાગીર્દ હતા. આવા મોટા માણસ પાસે પહોંચવું એ કંઇ સહેલી વાત ન હતી. બીજી બાજુ રોટલો અને ઓટલો બંનેનાં સાંસાં હતાં. આમ છ મહિના લગી એણે હવાતિયાં માર્યાં. હવે ભૂખે મરી જવાનો સમય ઝાઝો દૂર દેખાતો ન હતો અને ચારે તરફ તો એવી ઘોર નિરાશા વ્યાપી રહેલી હતી કે એક વાર તો એણે આપઘાતનો પ્રયત્ન પણ કર્યો. પરંતુ જે મરણિયો થાય છે તેને ઇશ્વર જીવવાનો રસ્તો બતાવી જ દે છે.

એક દિવસ રામપુરના નવાબ સાહેબ ઘોડાગાડીમાં બેસી ફરવા નીકળ્યા. ત્યાં રસ્તામાં ગાડી નીચે કોઈ યુવાન આવી ગયો! ગાડી રોકવાની ફરજ પડી. નવાબ ગુસ્સે થયા. નોકરોએ આલમને પકડી લીધો. એને શરીરે ઠીકઠીક વાગ્યું હતું. એ જ દશામાં નોકરો એને નવાબ પાસે લઇ ગયા. એણે નવાબને પોતાની કથા સંભળાવી, પોતાની આકાંક્ષા વર્ણવી અને વજીરખાં પાસે સંગીત શીખવાની તક મળે એવી અરજ ગુજારી. નવાબને એના પર કરૂણા પ્રકટી અને બીજે દિવસે દરબારમાં આવવાની આજ્ઞા કરી. દરબારમાં આલમે પોતાને આવડતું હતું એ સંગીતની ઝાંખી નવાબ સાહેબને કરાવી. સંગીત સાંભળી નવાબ પ્રસન્ન થયા ને એમણે આલમને વજીરખાં પાસે મોકલ્યો.

ગુરુની સેવા આલમે ખરા દિલથી કરી. દરબારીઓ અને અદેખા કળાકારોએ તેને પારાવાર હેરાનગતિનો અનુભવ કરાવ્યો. પણ એ ડગ્યો નહિ. આમ એ ગુરુની સેવામાં એણે તેત્રીસ વર્ષ કાઢ્યાં. ત્યાં એ રબાબ સરોદ અને સુરબહાર શીખ્યો. ઉપરાંત ધ્રુપદ અને હોરીમાં તે પારંગત બન્યો. અને આ તપનું ફળ એને છેવટે ભવાનીપુરના સંગીત સંમેલનવેળા મળ્યું. ત્યાં શ્રોતાઓને એનું સરોદવાદન એટલું મનોહારી લાગ્યું કે એમણે ત્યાં જ એને 'અલ્લાઉદ્દીનખાં'ના બિરુદથી નવાજ્યો. તે દિવસથી આલમ નામ ભુલાઈ ગયું ને અલ્લાઉદ્દીનખાં પ્રચલિત થયું.

હવે એમની કીર્તિ દેશમાં ફેલાવા લાગી અને એમને આમંત્રણો મળવા લાગ્યાં. એક વખત તેઓ મૈહર ગયા હતા ત્યારે એમનું સંગીત સાંભળી ત્યાંના મહારાજા એટલા તો પ્રભાવિત થઇ ગયા કે કાયમને માટે મૈહરમાં રહેવાની એમણે એમને વિનંતિ કરી. ત્યારથી અલ્લાઉદ્દીનખાં મૈહરમાં વસ્યા. મહારાજે એમને પૂરા માનથી રાખ્યા અને એમના ઉદાર આશ્રય નીચે ખાંસાહેબની કલાનો પરમ ઉત્કર્ષ થયો.

એમની કીર્તિ હવે ભારત પૂરતી જ મર્યાદિત ન રહી. ઈ. ૧૯૩૫માં વિખ્યાત નૃત્યકાર ઉદયશંકરે એમને પોતાના વિશ્વપ્રવાસમાં સંગીત આપવા માટે નિમંત્ર્યા. ખાંસાહેબ પોતાના પુત્ર અલીઅકબરખાંને સાથે લઇને ગયા. ત્યાં ઉદયશંકરના નાના ભાઇ રવિશંકર એમના સંપર્કમાં આવ્યા, અને અલીઅકબરખાં તેના સમવયસ્ક હોઈ બંને જણે સાથે જ ખાંસાહેબ પાસે સંગીતની તાલીમ લેવા માંડી. એ વિશ્વપ્રવાસમાં ખાંસાહેબે જર્મની, બ્રિટન, ઈટાલી ફ્રાન્સ આદિ દેશોમાં પોતાની પ્રતિભા બતાવી અને ભારતીય સંગીતની પ્રતિષ્ઠા સ્થાપી.

ત્યાર પછીની હકીકત તો મોટે ભાગે જાણીતી છે. ઉદયશંકર સાથેના વિશ્વપ્રવાસ પછી એમનો યશઃસૂર્ય પૂર્ણ કળાએ તપવા લાગ્યો. અનેક વાદ્યો ઉપર અપ્રતિમ કાબૂ ધરાવવા ઉપરાંત ભારતીય વાદ્યોનું વૃંદવાદન (ઑર્કેસ્ટ્રા) સર્જવાની એમણે કરેલી પહેલ એમની કીર્તિદા બની છે; મૈહરનું એમણે સ્થાપેલું 'સ્ટેઇટ બૅન્ડ' આજે પણ ભારતખ્યાત છે. દેશમાં ઠેરઠેર એમનું બહુમાન થવા લાગ્યું. કલકત્તાની 'તાનસેન સમિતિ'એ એમને 'આફતાબ-ઈ-હિન્દ'નો ઈલકાબ આપ્યો, ખૈરાગઢ સંગીત વિદ્યાપીઠે એમને ડૉક્ટરેટ આપી અને ઈ. ૧૯૫૮માં ભારતરાષ્ટ્રે એમને 'પદ્મભૂષણ'નું બિરુદ આપ્યું. એમને આમ ઘણી ઉપાધિઓ મળી છે છતાં લોકો તો એમને પ્રેમ અને આદરના ભાવથી ભરેલા 'બાબા'ના લાડીલા નામથી જ ઓળખે છે.

બાબાએ ઘણા શિષ્યોને વિદ્યા આપી છે. એમના ત્રણ શિષ્યોએ બાબાને દુનિયાભરમાં જાણીતા કરી દીધા છે. એમના મુખ્ય શિષ્ય ઉદયશંકરને કોણ નથી ઓળખતું? ભારતીય નૃત્યને ઉદયશંકરે જગતમાં પ્રખ્યાત કર્યું, એમાં નવનવા ઉન્મેષો નિર્માણ કર્યા અને સંગીતના અભિનવ પ્રયોગો કર્યા એની પાછળ બાબાની જ પ્રેરણા, તપશ્ચર્યા અને શિખામણ હતાં. ઉદયશંકરના નાના ભાઈ રવિશંકર મોટા ભાઇની પાર્ટીમાં નૃત્ય કરતા. એમણે બાબા પાસે સિતારની તાલીમ લેવાની શરૂઆત કરી અને આખરે નૃત્યને કોરે મૂકી તેઓ સિતારના આરાધક બન્યા. આજે આપણા દેશમાં જ નહિ પણ જગતભરમાં વાદ્ય તરીકે સિતારને જે સ્થાન મળ્યું છે એ રવિશંકરને જ આભારી છે.

અને બાબાના પુત્ર ઉસ્તાદ અલીઅકબરખાંના નામથી તો કોઈ સંગીતપ્રેમી ભાગ્યે જ અજાણ્યો હશે. એના સરોદવાદને તો યહૂદી મેન્યુહીન જેવા મહાન પાશ્ચિમાત્ય વાદ્યકારને આકર્ષી ભારતીય સંગીતના પૂજારી બનાવ્યા, એટલું જ નહિ પણ એમણે તો રવિશંકર-

અલીઅકબરખાની જુગલબંધીના કાર્યક્રમો રાખી એ બંનેની કળાને જગતભરમાં જાણીતી કરી.

બાબાની કન્યા અન્નપૂર્ણા પણ અચ્છી સંગીતકાર છે. એણે સૂરબહાર પર અદ્‌ભુત કાબૂ મેળવ્યો, અને શરૂઆતમાં તો એ રવિશંકર સાથે જુગલબંધીના કાર્યક્રમોમાં ભાગ લેતી. કહેવાય છે કે બાબા પાસેથી પૂરું વિદ્યાર્જન કર્યા પછી રવિશંકરે એમને ગુરુદક્ષિણા આપવાની ઇચ્છા પ્રદર્શિત કરી. 'અન્નપૂર્ણા સાથે તું પરણી જાય એના જેવી ગુરુદક્ષિણા મને બીજી નહિ ગમે' એવો ગુરુનો આદેશ થયો અને રવિશંકરે અન્નપૂર્ણાનો સ્વીકાર કર્યો. લગ્ન પછી અન્નપૂર્ણાએ વાદનના જાહેર કાર્યક્રમોમાં ભાગ લેવાનું બંધ કર્યું છે. સ્વ. પન્નાલાલ ઘોષે પણ બાબા પાસેથી જ વિદ્યા લીધી હતી, અને એમણે વાંસની બાંસરીમાંથી કેવું સંગીત નિર્માણ કર્યું છે તે સૌને વિદિત છે. નિખિલ બૅનર્જી, શરણરાણી માથુર, તિમિરવરણ, ભારતસરકારના ફિલ્મ્સ ડિવિઝનના મુખ્ય સંગીત નિર્માતા વિજયરાઘવરાવ, બહાદુરખાં આદિ સંગીતકારો બાબા પાસે જ શીખ્યા છે. એ ઉપરાંત અનેક નૃત્યકારો, સિતારિયા, સરોદિયા, બંસરીવાદક એવા વિવિધ પ્રકારના શિષ્યો બાબાએ તૈયાર કર્યા છે જે એમની સર્વંકષ સંગીતકલાનો પુરાવો છે.

મૈહરમાં બાબાનું મકાન 'મદીના-ભવન' અને 'શાન્તિ-ભવન' એવાં બે નામથી જાણીતું છે. મકાનની આગળ બગીચો છે એમાં તુલસીના ક્યારા છે. મકાનમાં પણ મુરલીધર બાલકૃષ્ણનું ચિત્ર દેખાશે. સાથે જ ભગવાન રામની મોટી તસવીર જણાશે. શ્રી અરવિંદ અને રવીન્દ્રનાથ ટાગોરની છબીઓ ઓરડામાં છે અને સાથે ભગવાન બુદ્ધની મૂર્તિ પણ છે. બાબાનું દૈવત છે શારદા. મૈહરમાં શારદામ્બાનું મંદિર છે ત્યાં જઈ રોજ બાબા દેવીની પૂજા કરે છે. એકાદશીના ઉપવાસ પણ કરે છે. અને કલકત્તા જવાનું થાય ત્યારે ગંગાસ્નાન કર્યા વિના રહેતા નથી. એમની કુરાને શરીફની નકલ પાસે જ ભાગવત અને રામાયણની નકલો તમે જોશો. સર્વ ધર્મો વિષે તેઓ સમાનતા કેળવી શક્યા છે. નાદબ્રહ્મની ઉપાસના કરવાથી ધર્મભેદો કેવા લુપ્ત થઇ જાય છે અને અખિલ વિશ્વની એકતાની પ્રતીતિ થાય છે તે જોવું હોય તો બાબા જેવો આદર્શ પુરુષ જ જોવો રહ્યો. સ્વભાવે તે એવા શાન્ત, સંયમી અને નમ્ર છે કે શ્રી રવિશંકરે એમનો પરિચય આપતાં સાચા 'વૈષ્ણવજન' કહ્યા છે. તે સર્વથા ઉચિત લાગે છે. બાબાને અમદાવાદમાં પ્રેમાભાઈ હૉલમાં એક વખત જોયા અને સાંભળ્યા હતા. શ્વેત ઝભ્ભો અને પાયજામો પરિધાન કરેલી એમની એ ઊંચી અને કૃશ મૂર્તિ અવિસ્મરણીય છે. માથે સફેદ ટોપી, ગૌરવર્ણ શરીર, ચમકતી આંખો, સફેદ નાની સરખી દાઢી અને અંગપ્રત્યંગમાં પ્રતીત થતો વિનય આજે પણ ભુલાતો નથી. બાબા સરોદ વગાડતા હતા ત્યાં સાણંદના સંગીતજ્ઞ દરબાર સાથે ઉસ્તાદ ફૈયાઝખાં આવ્યા ત્યારે બાબાએ ફૈયાઝખાંને ઉમળકાથી પણ એવા વિનયથી આવકાર આપ્યો કે એ જોઈને



ઉસ્તાદની આરાધ્ય શારદાદેવી

મનમાં થયું : આવો જ્યેષ્ઠ અને શ્રેષ્ઠ પુરુષ પણ કેટલો નમ્ર!

બે વર્ષ પર એમની શતાબ્દી ઉજવાઈ ત્યારે એ બીમાર હતા. પણ બીમારીમાંથી તાજા જ ઊઠીને એમણે આકાશવાણી પરથી લાગટ દોઢ કલાક સુધી સરોદ પર છાયાનટ, મલ્હાર અને વસંતનો જે કાર્યક્રમ આપ્યો તે દંગ કરી દે તેવો હતો. ગંભીર માંદગી પછીની અશક્તિ ને વૃદ્ધાવસ્થા પર આવો વિજય માત્ર અનન્ય સંગીતભક્તિ અને અતુલ સંકલ્પબળ જ મેળવી શકે. એ શતાબ્દીના અરસામાં એક ભાઈ એમને મળવા ગયા હતા. ત્યારે બાબાએ વ્યક્ત કરેલા કેટલાક અનુભવો અને વિચારો યાદ રાખવા જેવા છે.

'મારા ગુરુએ મને કહ્યું હતું કે સંગીતની સાધના કરવી એટલે સંગીતને જીવન આપી દેવું. એવું કરીશ તો સંગીતથી જે ધારીશ તે કરી શકીશ. આગને પાણીમા લહરાવી શકીશ....રાગરાગિણીઓ દેવી સરસ્વતીએ અને ઋષિમુનિઓએ બનાવી છે. અમે બનાવી છે એમ કહેવું એ પાપ છે. હા, મારી પત્નીની સ્મૃતિમાં મેં એક રાગ બનાવ્યો છે : મદનમંજરી રાગ. એક વાદ્ય પણ મેં બનાવ્યું છે : એનું નામ ચંદ્રસારંગ...આજકાલ ભારતીય સંગીતનું પતન થતું જાય છે. કોઇને સાધના કરવી નથી. સત્યયુગ, ત્રેતાયુગ, દ્વાપરયુગમાં સાધના થતી. આજે કલિયુગમાં તો બધાને બસ પૈસા જોઈએ છે! કોણ જાણે સંગીતનું શું થશે...સફળતાથી સંગીતસાધના કરવી હોય તો? તો પહેલું બ્રહ્મચર્ય. હંમેશા સત્ય બોલવું. બીજાને કોઈ દિવસ કડવું વેણ કહેવું નહિ —કોઈને દુ:ખ ન દેવું. હંમેશાં આંખ નીચે રાખી ચાલવું, સચ્ચરિત રહેવું અને સાધના કરવી. સચ્ચરિત વિના સાધના નહિ થઇ શકે. ગુરુની સેવા વિના પણ કશું જ નહિ મળે.'

બાબાના સો વર્ષ ઉપરાંતના જીવનની સિદ્ધિનો આ છે મહામૂલો મહામંત્ર. આજે અકાદમીઓ અને આકાશવાણી સંગીતને પુનર્જીવન આપવા પ્રયત્ન કરે છે પણ બાહ્ય પુરસ્કારો મળ્યાથી સંગીતનો કે કોઈ પણ કલાનો પ્રકર્ષ થતો નથી; એને માટે દુર્દમ્ય લગની અને તપશ્ચર્યાની જરૂર હોય છે. સદ્‌ભાગ્યે જૂની પેઢીમાં એવા અસંખ્ય તપસ્વીઓ થઇ ગયા. એમનો વારસો જાળવવાની પ્રેરણા આજના યુવાનો બાબાના ચરિત્રમાંથી મેળવે.

સત્તરમું સરવૈયું

સ્વાતંત્ર્યને સત્તર વર્ષ પૂરાં થયાં એ નિમિત્તે યોજેલા આ અંકના પૂઠા ઉપર એ સત્તર વર્ષમાં આપણે જે અનેકવિધ કાર્યદિશાઓમાં કામગીરી બજાવવા નિર્ધાર્યું કે બજાવી છે એમાંથી સત્તરેક કારીગીરીઓનો નિર્દેશ કરેલો છે. એ કાર્યો છે : દેશી રાજ્યોનું વિલિનીકરણ, નવા માર્ગો, બંધ અને નહેરો, વધુ અનાજનું ઉત્પાદન, ભારે ઉદ્યોગો, અવકાશ અને અણુશક્તિ-સંશોધનો, જળવિદ્યુત, રાષ્ટ્રસંઘમાં કામગીરી, વધુ વસવાટો, વૈજ્ઞાનિક સંશોધનો, વનવિસ્તરણ, વૈદ્યકીય સહાય, કાપડ, ખનિજ તેલ ને તેને લગતા ઉદ્યોગો, શિક્ષણ અને લશ્કરી સરંજામ વગેરેનું નિર્દેશન કરતાં આલેખનો અહીં મૂક્યાં છે. આ નિદર્શન એ કોઈ મોજણી નથી. આ ઉપરાંત પણ પુષ્કળ ક્ષેત્રોમાં આપણે ભારે કામગીરીઓ ઉપાડી છે ને એ દરેકમાં ઓછીવત્તી પ્રગતિ પણ કરી છે. આ નિર્દેશક આલેખનોની સત્તરની સંખ્યા તો માત્ર આઝાદીનાં સત્તર વર્ષની જ દ્યોતક છે. એનું સરવૈયું કેવું નીકળે છે તે ગંભીરપણે વિચારવાની આપણી સૌની ફરજ છે.

મચ અડૂ અબાઉટ નથિંગ

સંક્ષેપકાર - ડૉ. મધુસૂદન પારેખ

મેસીના નગરીનો ગવર્નર વૃદ્ધ લીઓનાટો ઉત્સાહપૂર્વક સ્વાગતની તૈયારીમાં લાગી ગયો હતો. એની એકની એક દીકરી હીરો પણ ઉમંગભેર કામમાં મચી પડી હતી. એમને ત્યાં રાજકુમાર પેડ્રો મહેમાન થવાના હતા. એમની સાથે બીજા બે ઉમરાવ – ક્લૉડિયો અને બેનિડિક પણ આવવાના હતા. એ લોકો આવતા ત્યારે લીઓનાટોના મહેલમાં કિલ્લોલ મચી રહેતો. લીઓનાટોની ભત્રીજી બીઆટ્રીસ અને બેનિડિક વચ્ચે વાતવાતમાં વિવાદ જામતો અને સહુ ભેગા મળીને એ એના ઝઘડાની લિજ્જત માણતા. બેનિડિક પણ ફરી પાછો આવવાના સમાચાર સાંભળીને બીઆટ્રીસની આંખમાં ચમકારો થયો. એણે રાજકુમારના સંદેશવાહકને રોકીને કટાક્ષમાં પૂછ્યું: 'શ્રીમાન બેનિડિક લડાઈ લડવા ગયા હતા તે પાછા આવી ગયા? લડાઈમાં કંઈ પરાક્રમ કરી આવ્યા કે પછી માખીઓ જ મારી આવ્યા?' પેલો બિચારો ડઘાઇને ઊભો એટલે વળી ચાબખો વીંઝાયો: 'સૈનિકો ઉપર તો કોણ જાણે પણ ભોજન પર તૂટી પડવામાં એ ભારે પાવરધા છે. ભગવાને એમને માણસની હોજરી આપી છે કે ઘોડાની તે જ સમજાતું નથી.'

બીઆટ્રીસ અને બેનિડિક વચ્ચે બારમો ચંદ્રમા હતો. એ ક્યારેક પણ ભેગાં મળતાં તો લડીને જ છૂટાં પડતાં. બેનિડિકની ઇંટનો જવાબ બીઆટ્રીસ પથ્થરથી વાળતી. થોડા સમયમાં જ મહેમાનો આવ્યાં, અને જોતજોતાંમાં ઘરનાં માણસ બની ગયાં. બેનિડિકની લગામ છૂટી હતી. એની વાગ્ધારા અસ્ખલિત ચાલતી. એના કટાક્ષની રંગત સૌ માણતા. પણ એના બકવાદથી છેડાએલી બીઆટ્રીસ બોલી ઊઠી: 'શ્રીમાન બેનીડિક, તકવાદ અને બકવાદ બંનેમાં તમે શૂરા છો એ આજે જાણ્યું. પરંતુ તમારો બકવાદ અહીં કોઈ સાંભળે છે કે નહિ તે પર પણ જરા લક્ષ આપો તો? બહુ બોલનાર બેવકૂફ કહેવાય છે એ ખબર હશે જ ને?'

બેનિડિકે પણ હમણાં જ બીઆટ્રીસની હાજરી જોઈ હોય તેમ સપાટો લગાવ્યો: 'ઓહ સન્નારી, તમે હજુ જીવતાં છો?' અને બંને વચ્ચે ટપાટપી શરૂ થઈ ગઈ. વાતવાતમાં બેનિડિકે સંભળાવ્યું: 'તમારો મત મારા વિષે ભલે ગમે તે હોય, પરંતુ તમારા જેવી સેંકડો યુવતીઓ મારી પાછળ ભમે છે, પણ મને તેની તમા નથી.'

'ભોગ લાગ્યા હોય તે તમારા જેવા ઉમરાવ સાથે પ્રેમ કરે! મહેરબાની કરીને તમે પરણશો જ નહિ. બિચારી કોઇનું જીવતર બગાડશો.'

'મારી પણ તમને એ જ સલાહ છે. કૃપા કરીને કોઇ આશાભર્યા જુવાનનો ભવ બગાડશો નહિ. પોપટની જેમ ચોવીસ કલાક તમારો પટપટારો સાંભળીને એ બિચારો આપઘાત જ કરશે.'

'જાનવરની જીભ હોય તેના કરતાં પોપટની સારી!'

'બસ, હું ધરાઈ ગયો. તમારી જીભની ગતિ મારા ઘોડામાં હોત તો ય સારું થાત.'

'તમેય ઘોડાના જેવી જ તરકીબ હમેશાં અજમાવો છો ને? દલીલ ખૂટી જાય એટલે અડિયલ ટટ્ટુની માફક બેસી પડો છો.'

બંનેની આ હોંસાતોંસી જોવાની સહુને મોજ પડી. માત્ર હીરો નીચું મુખ રાખી શાંત ચિત્તે બેસી રહી હતી. મહેમાનોની હાજરીમાં એક હરફ પણ તેણે ઉચ્ચાર્યો નહોતો. તે ખૂબ શરમાળ અને સૌમ્ય હતી. બીઆટ્રીસ વીજળી હતી, હીરો વાદળી. ભોજનની તૈયારી માટે એ ઊઠી. એને જાણ નહોતી કે બે પ્રેમભરી આંખો એના સૌંદર્યની પાછળ ઘેલી બની હતી. ક્લૉડિયો એની લજ્જા અને શાંત પ્રકૃતિથી મુગ્ધ થઇ ગયો હતો. એ જુવાની વટાવી ચૂકેલો હતો. એને પ્રેમનો ચમકાર જોઇતો ન હતો, પ્રેમજળનો એ તરસ્યો હતો. હીરો એના હૈયામાં મઢાઈ ગઈ.

બધાં વીખરાયા પછી એણે એકાંતે બેનિડિકની સલાહ પૂછી. પણ બેનિડિક તો સ્ત્રી-શત્રુ હતો. સ્ત્રીજાતિ માટે એને જરા ય આદર નહોતો. એણે ક્લૉડિયોની વિહ્વળતા સમજી જઇને કટાક્ષમાં પૂછ્યું: 'તમે સાચે જ હીરોને પરણશો? આ દુનિયામાં મને એકાદ આદમી પણ કુંવારો જોવા નહિ મળે? ભલે ભાઈ ભલે. હીરો સુંદર છે. એ ફાંસો ગળામાં નાખો અને પ્રેમમાં પડીને પોચકાં મૂક્યા કરો! લગ્ન કરીકરીને લોકો ખુવાર થશે તો ય લગ્ન કરવાનું નહિ છોડે!'

બેનિડિક પાસેથી આ નવોદિત પ્રેમની વાત રાજકુમાર પેડ્રોએ પણ જાણી. એણે ઘણી ખુશીથી સંમતિ આપી. બેનિડિક ભભડી ઊઠ્યો: 'સ્ત્રી વિના આ દુનિયામાં રહેવાય જ નહિ કે શું? અલબત્ત, સ્ત્રીજાતિએ મને જન્મ આપ્યો છે તે માટે હું તેનો ઋણી છું; મને ઉછેરીને મોટો કર્યો તે ઉપકાર કર્યો. પણ સ્ત્રીજાત મને માફ કરે. પરણીને મારે માથે શીંગડાં નથી ઉગાડવાં. સ્ત્રીમાત્રને હું આશંકાથી નથી જોતો, પણ એ (અ)બલાથી છેટા સારા!'

સ્ત્રીસન્માન(!)ની એની આ ભાવના જોઈ પેડ્રો હસ્યો: 'હજુ પ્રેમબાણ વાગ્યાં નથી ત્યાં સુધી આ મિજાજ છે! પછી જોજોને હાલ!'

બેનિડિકે ચિડાઇને કહ્યુ: 'હું પ્રેમમાં પડું તો મને જાનવર જાણજો, બસ?' અને લગ્ન નહિ કરવાના તેણે શપથ લીધા.

ક્લૉડિયોએ હીરોને તો પસંદ કરી, પણ હીરોની સંમતિ હજુ બાકી હતી. રાત્રે પાર્ટીમાં સૌ ગમ્મત ખાતર એકબીજાનાં મહોરાં પહેરીને આવ્યા હતા. ક્લૉડિયો જરા પ્રૌઢ પણ સ્વભાવે ઢીલો હતો. એટલે પેડ્રોએ ક્લૉડિયોની સંમતિથી એનું મહોરું પહેરી પાર્ટીમાં હીરોનું સંવનન કર્યું અને ક્લૉડિયો માટે હીરોની સંમતિ પણ મેળવી લીધી.

પરંતુ એમાં એક મુસીબત ઊભી થઈ. પેડ્રો અને હીરો વચ્ચેનો એ પ્રેમાલાપ એક જુવાન બોરાશિયો સાંભળી ગયો. એણે આ વાત ડૉન જૉનને કરી. ડૉન જૉન હતો તો પેડ્રોનો ભાઈ, પણ સ્વભાવે અત્યંત દુષ્ટ અને વિઘ્નસંતોષી. ક્લૉડિયો અને હીરોનાં લગ્ન થાય તે તેની આંખમાં ખૂંચ્યું. તેણે મિત્રતાનો ડોળ કરી ક્લૉડિયોને ભરમાવ્યો: 'મારો ભાઈ હીરોના પ્રેમમાં છે. ક્યાં અમારું ઉમદા ખાનદાન અને ક્યાં આ હીરો! તમે જરા એને વારો તો?'

ક્લૉડિયો ચમકી ઊઠ્યો: 'ખોટી વાત.'

ત્યાં બોરાશિયોએ ટાપશી પૂરી: 'મેં મારા સગા કાને એ બંને વચ્ચેની પ્રેમગોષ્ઠિ સાંભળી છે. એ નક્કી હીરોને પરણી જવાનો.'

ક્લૉડિયો ભરમાયો. એને ખૂબ અફસોસ થયો. કુમાર મને છેતરી ગયા? મેં શોધેલું પ્રેમપાત્ર એ ઉઠાવી ગયા? પ્રેમમાં મિત્રનો ય ભરોસો નહિ! પણ મેં ય ભૂલ ન કરી? 'પ્રેમવહેવાર જાતે સાંભળવાને બદલે અવેજીમાં કુમારને મોકલ્યા. પ્રેમમાં અવેજી! ખરો ફસાયો હું.'

બેનિડિક આગળ પોતાની હૈયાવરાળ ઠાલવીને જાત પર ધૂંધવાતો ને આખા જગત પર ખફા થતો ક્લૉડિયો રિસાઇને એક ઝાડ તળે નિસાસા નાખતો સૂતો.

પાર્ટી પૂરી થયા પછી લીઓનાટોએ હીરોની ઈચ્છા જાણી લીધી. એને સંતોષ થયો. પણ બીઆટ્રીસ ચિડાઈ ઊઠી. પુરુષજાત પર તેને ભારે અવિશ્વાસ હતો. લીઓનાટોએ એને ચીડવવા માંડી: 'બીઆટ્રીસ, આ હીરો તો પરણી ચાલી. તું હવે વરણાગી કરવા રહીશ તો રહી જઈશ.'

બીઆટ્રીસ છંછેડાઈ: 'હું ભગવાન પાસે એ રહી જવાનું જ માગું છું. પુરુષજાત, અને તેમાં યે દાઢીમૂછવાળો પતિ? તોબાહ!!'

'તારે માટે દાઢીમૂછ વિનાનો કોઈ પતિ શોધીએ; બોલ, છે કબૂલ?' લીઓનાટોએ તેને ચગાવી.

'ના આ...રે! એવા નમૂછિયાને શું કરું? મારાં લૂગડાં પહેરાવીને એને બાંદી બનાવું? મૂછ વિનાનો પતિ મરદ શેનો?'

બહેનનો આ મિજાજ જોઇને હીરો મલકી રહી.

ડૉન પેડ્રો શોધીશોધીને થાક્યો પણ ક્લૉડિયોનો પત્તો મળ્યો નહિ. આખરે બેનિડિકે ખબર આપી: 'એ રિસાયો છે. પંખીનો માળો બતાવ્યો એણે, અને ચોરી ગયા તમે!'

પેડ્રો હસી પડ્યો. એણે ક્લૉડિયોને પકડ્યો: 'જો, તારે માટે હીરોની સંમતિ મેળવી લાવ્યો છું. હવે જાળવજે એને. તારે માટે જ છે.'

ક્લૉડિયો અજાયબીથી જોઈ જ રહ્યો. લીઓનાટોએ પણ ત્યાં જ સંમતિ જાહેર કરીને કહ્યું: 'હવે મારું રતન તમને સોંપું છું; સાચવજો. ભગવાન તમારો સંસાર સુખી રાખે!'

ક્લૉડિયોનું મુખ શરમથી ઢળી ગયું. મિત્ર માટે તેણે કેવી બેહૂદી કલ્પના કરી હતી! એ મિત્ર સાચો નીકળ્યો, પોતે કાચો નીવડ્યો.

લગ્નની તારીખ એક સપ્તાહ પછીની નક્કી કરવામાં આવી. એ પહેલાંનું આખું સપ્તાહ કેમ ઊજવવું તેની વેતરણમાં સહુ ગૂંથાયાં. રાજકુમાર પેડ્રોને એક ગમ્મત સૂઝી. બેનિડિક અને બીઆટ્રીસ વચ્ચે રોજનું બિયાબારું હતું. એ બંનેની તકરારનો કાયમનો નિકાલ આવી જાય અને બંને લગ્નથી જોડાય એવી તરકીબ પેડ્રોએ કહી સંભળાવી. બધાંને એ ખૂબ ગમી ગઈ. એ બંનેની ગમ્મત કરવા માટે સહુ પ્રવૃત્ત થયાં. હીરો પણ આ શુભ કાવતરામાં સામેલ થઈ.

બીજે દિવસે લીઓનાટોના ઉદ્યાનમાં બધા ભેગા મળ્યા. લીઓનાટોએ બેનિડિક ને બીઆટ્રીસના નવોદિત પ્રેમસંબંધની વાત છેડી. બેનિડિક મોડો પડવાથી સહેજ ઉતાવળે આવતો હતો. બીઆટ્રીસ સાથે પોતાનું નામ સંકળાએલું સાંભળી એ ચમકીને ઊભો રહી ગયો. આ મિત્રોની વાતોમાં તેને ઊંડો રસ જાગ્યો. તે સંતાઈ ગયો. પરંતુ એના આગમનનો સંકેત આ મંડળીને મળી ચૂક્યો હતો. કુમાર પેડ્રો આશ્ચર્યચકિત થઈ બોલ્યો: 'સાચી વાત છે? બીઆટ્રીસ ખરેખર બેનિડિકને ચાહે છે? આમ તો એ બેને ઊભે ય બનતું નથી!'

લીઓનાટોએ ગંભીરતાથી કહ્યું: 'મને પણ પહેલાં તો આશ્ચર્ય થયું, પરંતુ મારી દીકરી હીરોએ મને બાતમી આપી. બિચારી, બેનિડિક માટે ખૂબ ઝૂરે છે. અરે કેટલા ય પ્રેમપત્રો લખ્યા ને એના ચીરા કર્યા. મનમાં મૂંઝાય છે. જે બેનિડિકને અત્યાર સુધી ધુત્કાર્યો એની સમક્ષ હવે કયે મોઢે એ પ્રેમની વાત કરી શકે?'

બધા ખૂબ વિચારમાં પડ્યા હોય તેમ મૂગા થઇ ગયા. બેનિડિકની આંખોમાં આનંદની ચમક આવી ગઈ: 'બીઆટ્રીસ મને છૂપી રીતે ચાહે છે, એમ? મને પ્રેમપત્ર લખે છે? અદ્‌ભુત!'...પણ કદાચ આ તરકટ તો ના હોય? મને શીશામાં ઉતારવાની વેતરણ હશે તો?... ના...ના આવી વૃદ્ધ અને સન્માન્ય વ્યક્તિ જૂઠું તો ન જ બોલે. વીજળી એના ચિત્તમાં ચમકારો કરી ગઇ. ફરી એ ધ્યાનપૂર્વક સાંભળી રહ્યો.

'આપણે બેનિડિકને આ કહેવું જોઈએ.' ક્લૉડિયો બોલ્યો.

'ના ના, જોજો એવી ભૂલ કરતા! એ વળી એની બિચારીની મજાક ઉડાવશે; એને ટાણા મારીને પજવશે.' પેડ્રોએ કહ્યું.

લીઓનાટોએ થોડીવાર થોભીને કહ્યું: 'પણ આ બાબતમાં કંઈક કરવું તો પડશે જ. હીરો મૂંઝાતી હતી કે બીઆટ્રીસ કંઈક કરી બેસશે તો? હમણાંની ખૂબ બાવરી બાવરી ફરે છે. સાવ હૈયાસૂની બની ગઈ છે. બહુ ચિંતાનો વિષય છે.'

મંડળીના બધા સભ્યો ચિંતનમાં ડૂબ્યા. બેનિડિક મલકમલક થઇ રહ્યો. એના સૂના હૈયામાં પ્રેમસિતારી બજી રહી. કોઈકના માદક સ્પર્શની કલ્પના એના ચિત્તને ડોલાવી રહી.

મિત્રમંડળ વીખરાયું. ક્લૉડિયોએ ધીમેકથી મમરો મૂક્યો: 'હવે એ લપસ્યો જ જાણો.'

અને એમ જ બન્યું. બેનિડિકના ચિત્તમાં મીઠો અજંપો થવા માંડ્યો: 'બિચારી બીઆટ્રીસ! પોતે એને અત્યાર સુધી નાહક સતાવી! હા, એની જીભ જરા કડવી ખરી, પણ હૈયે તો એ મીઠી જ, હોં. એણે અત્યાર સુધીમાં મને ટોણા મારવામાં બાકી નથી રાખ્યું, પરંતુ એ જ કદાચ એના પ્રેમની રીત ના હોય? પ્રીતની રીત કેટલીક વાર અનોખી હોય છે. અને આ તો ચતુર નારી; એનું ઇંગિત હું પામી ન શક્યો! બેવકૂફ નહિ તો!'

આંખ મીંચીને આનંદસમાધિમાં એ લવી ઊઠ્યો: 'બીઆટ્રીસ, ફિકર ન કરીશ. તારાં પ્રેમબાણ નિષ્ફળ નથી ગયાં. હવે તું જ એની સંજીવની છે, બીઆટ્રીસ! પણ...પણ મિત્રો હવે હસશે; સર્વત્ર મારી હાંસી થશે. હું તો કુંવારોલાલ! નહિ પરણવાનો મારો સંકલ્પ...' એ ઘડીભર મૂંઝાયો; પણ પછી તરત હાથનો ઝાટકો લગાવીને એ બધી દ્વિધાને ચિત્તમાંથી એણે હડસેલી નાખી. 'ભલે લોકો હસે. સંકલ્પ કર્યો એટલે શું એમાં વિકલ્પ ન જ હોય? અરે જગત જખ મારે છે!' અને એ આનંદથી ધ્રૂણી ઊઠ્યો. ત્યાં જ બીઆટ્રીસ તેની પાસે આવી. 'માફ કરજો બેનિડિક, તમને ભોજન માટે આમંત્રણ આપવા... મને એ લોકોએ પરાણે અહીં ધકેલી...'

બેનિડિકને આ ઉદ્‌ગારોમાં ઘણા બધા અર્થ દેખાયા. એણે અપૂર્વ મીઠાશથી કહ્યું: 'આભાર તમારો. પરંતુ તમને અહીં મારી પાસે આવવાની તકલીફ તો નથી લાગી ને?'

'તમે આભાર માનવાની તકલીફ લ્યો છો તેના કરતાં ઓછી. અને મને તકલીફ લાગી હોત તો હું અહીં આવત શાની?'

બેનિડિક આ મીઠાં મર્મવેણ વાગોળી રહ્યો. એને ધરવ ન થયો: 'તમને સાચે જ અહીં આવવામાં આનંદ થયો?'

'હા; પારેવા પર છરી ચલાવતાં તમને આનંદ થાય છે ને, એવો!' અને એ છમ છમ કરતી ચાલી ગઈ.

બેનિડિકના ચિત્તના ક્ષિતિજ પર પહેલી વાર મેઘધનુષ્ય પ્રગટ્યું: 'કેવી ચતુર! વાત સાવ સીધીસાદી, પણ વ્યંજના કેવી! 'તમને આભાર માનવામાં તકલીફ પડી તેના કરતાં ઓછી!' એ વચનનો અર્થ શો? એને જરૂર અહીં આવવું પસંદ પડ્યું છે. અને પારેવડી પર છરીની ધાર! મારી જડતા અને નિષ્ઠુરતા ઉપર જ એનો આ કટાક્ષ નહિ તો બીજું શું? સાચે જ મેં આ ભોળી પારેવડીના કાળજા પર છરી ચલાવી છે! એને હવે જો હું પ્રેમની ઔષધિ ન છાંટું તો મારા જેવો રાક્ષસ બીજો કોણ?' બીઆટ્રીસની મધુર સોબત એ ઝંખી રહ્યો. એનો પૂર્વનો સંકલ્પ પ્રેમની ભરતીમાં ક્યાંય તણાઈ ગયો.

શુભ પ્રપંચનો પૂર્વાર્ધ તો સફળ થયો; પરંતુ ઉત્તરાર્ધ સિદ્ધ કરવાનો હજુ બાકી હતો. એની યોજના હીરોના હાથમાં હતી. તેણે આ

યોજનામાં માર્ગેરેટ અને ઉર્સુલાની સહાય લીધી. પૂર્વસંકેત મુજબ હીરો અને ઉર્સુલા બગીચાની હરિયાળી પર બેઠાં હતાં. માર્ગેરેટ બીઆ-ટ્રીસ પાસે ગઈ અને તેના કાનમાં કશીક વાત કરી. બીઆટ્રીસ ચમકી. 'હીરો અને ઉર્સુલા મારા વિષે શી વાતો કરતાં હશે? જરૂર કંઈક અવનવું બન્યું હશે.' સ્ત્રીસહજ કુતૂહલ એના મનમાં જાગૃત થયું. એ બિલ્લીપગે એક વાડની આડમાં સંતાઇને ગોષ્ઠિ સાંભળવા લાગી. હીરો કહેતી હતી: 'ના રે ના, એ તો નરી મિન્નજી છે!'

'પરંતુ બેનિડિક સાચેસાચ એને પ્રેમ કરે છે?' ઉર્સુલાએ આંખ-માં ચમકારો આણીને પ્રશ્ન કર્યો.

'ખરા હૃદયથી.' હીરોએ ભાર દઈ ને કહ્યું: 'મને રાજકુમારે અને મારા ભાવિ પતિ ક્લૉડિયોએ પણ વાત કરી. અરે, એમણે તો આ વાત બીઆટ્રીસને જણાવવાનું પણ મારે માથે નાખવા માંડયું. પણ તું જાણે છે ને? એના ગર્વનો પાર નથી. બિચારા બેનિડિકને ગધેડે ચડાવે એવી છે.'

બીઆટ્રીસ સરવા કાને સાંભળી રહી. હીરો વળી કહેવા લાગી: 'મને તો બેનિડિકની ખૂબ દયા આવે છે. કેવો સજ્જન! અને સોહામણો પણ એવો જ. છતાં બીઆટ્રીસને તો એ ચાડિયા જેવો જ લાગવાનો. રાતદિવસ એ નિસાસા નાખે છે, પ્રેમજળ માટે માછલાંની જેમ તડપે છે, પણ આ નિષ્ઠુર છોકરીને એની ક્યાં તમા છે? મને તો એના રૂપાળા શરીરની ચિંતા છે. ભગવાન એને સાજોનરવો રાખે.'

બીઆટ્રીસના હૈયા પર નિશાન આબાદ વાગ્યું. હૃદયગઢ ભેદાયો. ઘડીભર તો એને આ વાતમાં કપટ જ લાગ્યું, પણ એના ચિત્તનો ચરખો ચાલવા લાગ્યો. એ વિચારમંથનમાં ડૂબી: 'બેનિડિક મારા પ્રેમ માટે તરફડે? જિંદગીથી હાથ ધોઇ નાખે? કેવું વિચિત્ર! આવી તો સ્વપ્ને ય કલ્પના ન હતી! અને બેનિડિક સજ્જન તો ખરો! સોહા-મણો...' એની નજર સમક્ષ બેનિડિકનો આકર્ષક દેહ તરવરી રહ્યો.

એણે આત્મનિરીક્ષા કરવા માંડી: 'હું ગર્વિષ્ઠ તો ખરી જ. વિના-કસૂર બેનિડિકને કેટલી વાર ધુત્કાર્યો! આ પાપનું પ્રાયશ્ચિત્ત શું!' એના હૈયામાં પ્રેમની સરવાણી પ્રગટ થઇ. એ ધીમેકથી બબડી: 'બેનિડિક! ચાતક તરસ્યો થશે તો મેઘ વરસ્યા વિના રહેશે? તારા પ્રેમનો અના-દર નહિ જ કરું.' બીઆટ્રીસના હૃદયમાં મીઠો કંપ થયો. વીણા રણ-ઝણી ઊઠી. એના ખારાપાટ હૈયામાં અમીવાદળી વરસી ગઇ.

હીરો અને ક્લૉડિયોના લગ્નને એક જ દિવસ બાકી હતો. સહુ આનંદમાં ગુલતાન હતાં. માત્ર એક જ વ્યક્તિના હૈયામાં બેચેની હતી. ઇર્ષ્યાથી એના ચિત્તમાં લ્હાય ઊઠતી હતી. એ વ્યક્તિ તે ડૉન જૉન, રાજકુમાર ડૉન પેડ્રોનો સગો ભાઈ. ક્લૉડિયોનાં લગ્ન થાય તે તેને જરા ય પસંદ નહોતું. કોઈ પણ ઉપાયે એમાં આડખીલી ઊભી કરવા તે ક્યારનો મથી રહ્યો હતો. એના સાથીદાર બોરાશિયોએ તરકીબ લડાવી. તેણે પોતે બરાબર મધરાતે હીરોના આવાસ નજીક જઇ હીરો સાથે ગોષ્ઠિ કરવાની યોજના ઘડી.

ડૉન જૉન એની બેવકૂફી પર હસી પડ્યો. હીરો જેવી છોકરી મધ-રાતે પરાયા પુરુષ સાથે ગોષ્ઠિ કરવા બારીએ આવે? સ્વપ્નામાં ય ના બને તેવી વાત હતી. બોરાશિયોએ ભાર દઈને ફરી કહ્યું: 'તમે ખેલ જુઓ તો ખરા! હીરો નહિ આવે તો...' અને એણે અરધું કાનમાં ને બાકીનું સાનમાં સમજાવી દીધું. જૉન ચકિત થઈ ગયો. એણે બોરા-શિયોનો વાંસો થાબડ્યો. યોજના અફલાતૂન હતી. બોરાશિયોએ હરખાઇને કહ્યું: 'તમે બરાબર એ જ સમયે ક્લૉડિયો અને પેડ્રોને ત્યાં ખેંચી લાવજો. એના મનમાં જરૂર હીરોના ચારિત્ર્ય વિષે શંકા પેદા થશે. અને પછી આવી બેવફા છોકરી સાથે એ લગ્ન કરશે? કદી નહિ.' જૉન આ પ્રપંચ પર વારી ગયો. ક્લૉડિયોના લગ્નમાં ભંગાણ પડયાનું સ્વપ્ન એ માણી રહ્યો.

તક સાધીને એ ક્લૉડિયો પાસે પહોંચ્યો. પેડ્રો પણ ત્યાં જ હતો. જૉને બહુ ચાલાકીથી હીરોની બેવફાઇની માહિતી પ્રગટ કરી.

'ખોટી વાત!' ક્લૉડિયો બરાડી ઊઠયો. પેડ્રોએ પણ મક્કમતાથી ડોકું ધુણાવ્યું.

'હું પુરાવો આપું. મને તો આપના ખાનદાનની ચિંતા છે માટે આવ્યો છું. બીજો કોઈ રસ મને નથી.'

ક્લૉડિયો અને પેડ્રો બંને દિઙ્મૂઢ બની ગયા. ડૉનજૉનની ઠિકી આબાદ લાગી ગઇ હતી. એણે લાગ જોઇને કહ્યું: 'તમે ખોટું માનો છો? ભલે, આજે મધરાતે આવો મારી સાથે. લગ્નની આગલી રાતે જ તમને એની લીલાનો પરચો થઇ જશે.'

ડૉનજૉન એ રાતે બંને જણને ત્યાં ખેંચી ગયો. એક ઝાડની ઓથે અંધકારમાં તે બંને છુપાઈ રહ્યા. એક વ્યક્તિ આવી. બારીની નીચે ઊભા રહીને: 'હીરો! ડાર્લિંગ હીરો!' એવી એણે જરાક ધીમેથી બૂમ મારી. અને એ બારીએ ડોકાઇ. બંને વચ્ચે પ્રેમાલાપ થયો.

ક્લૉડિયાનું ચિત્ત બહેર મારી ગયું! હતી તો એ હીરો જ! ગઈ કાલનો પોશાક પણ હજી એણે કાઢયો નહોતો. એના હૃદયમાં નફ-રત થઇ ગઈ! આ એની ભાવિ પત્ની? ચારિત્ર્યહીન નટડી!

બંને મિત્રોએ નિર્ણય કરી લીધો: 'આ વિવાહ હવે ફોક!'

લીઓનાટો લગ્નની ધમાલમાં હતો, ત્યાં નગરના ચોકીદારો ડૉગ-બેરી અને વર્જિઝ સલામ કરીને ઊભા રહ્યા. તેમણે મધરાતે લીઓ-નાટોના ઘર પાસેથી એક શકમંદ ગુનેગારને પકડી પાડયો હતો ને તેની તપાસ કરવી જરૂરી હતી. પરંતુ લીઓનાટોને તો શ્વાસ ખાવાની પણ ક્યાં નવરાશ હતી? તેણે શકમંદ ગુનેગારની તપાસનું કામ એ ચોકિ-યાતોને જ સોંપીને થોડા સમય પછી તેમને હાજર કરવાનું ફરમાવ્યું.

દેવળમાં લગ્નમંગલની તૈયારીઓ થઈ ચૂકી. ક્લૉડિયો અને પેડ્રો-નાં મુખ સખ્ત હતાં. ધર્મગુરુ ફ્રાન્સિસે હીરો અને ક્લૉડિયોને પો-તાની સમક્ષ બોલાવ્યાં. લીઓનાટો કન્યાદાન દેવા તત્પર થઈ રહ્યો ત્યાં એકાએક ક્લૉડિયોએ ધર્મગુરુને વિધિ કરતાં રોક્યા અને લીઓ-નાટોને સંબોધીને પૂછયું: 'મહાશય, આપ આપની દીકરી પૂર્ણ સંમતિથી મને સોંપો છો ને?'

'ચોક્કસ; પ્રભુએ એ કન્યા મને આપી, હવે એ હું તમને સોંપું છું.'

'ભલે; પણ હું એ કન્યાનો સ્વીકાર કરવાની ના પાડું તો?'

બધા ચમકી ઊઠયા. ક્લૉડિયોનો અવાજ ગાજી રહ્યો: 'આ લગ્ન મને મંજૂર નથી.'

'હેં? હેં?!' લીઓનાટો ફફડી ઊઠયો.

'જી હા. આપની પુત્રી બહારથી ઊજળી છે તેવી અંદરથી પણ હોત તો સારું થાત. મને અફસોસ છે. હીરોના ચારિત્ર્યનો ચળકાટ માત્ર બહારથી જ છે, અંદરથી તો છે ગિલેટ!'

'શું...ઊં...ઊ...? શું કહ્યું?...મારી દીકરી હીરો...' લીઓ-નાટોના શબ્દો ત્રૂટક બની રહ્યા.

'હીરોએ સદાચારનું માત્ર મહોરું પહેર્યું છે; બાકી બદચાલ!'

હીરોના હૈયા પર ભારે ચોટ વાગી અને એ મૂર્છા ખાઇને પડી.

રાજકુમાર પેડ્રોએ ગઇ રાતની સમગ્ર ઘટના લીઓનાટોને કહી. એ સાંભળીને તે પૂતળા જેવો જડ બની ગયો. ક્લૉડિયો અને પેડ્રો બંને આબરૂદાર સજ્જનો હતા. એમની હકીકત ખોટી કેમ હોય?

હીરોના કપાળે કલંકનો ટીકો નાહક લગાડવામાં તેમને શો રસ? એને ભારે નામોશી લાગી. હીરો કલંકિની? એકદમ એ બરાડી ઊઠચો: ‘આ શરમજનક ઘટના પછી પણ હું જીવતો છું? કોક તો મને ખૂની ખંજર હુલાવી દો!’

ક્લૉડિયો અને કુમાર વિદાય થઈ ગયા. બેનિડિકને ખૂબ સાશ્ચર્ય થયું. બાજુમાં ઊભેલી બીઆટ્રીસને એણે પૂછ્યું: ‘તું અને હીરો રોજ એક જ ખંડમાં શયન કરતાં હતાં ને?’

‘હા, બાર મહિનાથી અમે સાથે જ સૂતાં...પરંતુ ગઈ કાલે હું ત્યાં નહોતી.’ બેનિડિક વિચારમાં પડી ગયો.

ધર્મગુરુ ફ્રાન્સિસ ઠરેલ અને વહેવારુ હતો. હીરોની મનઃસ્થિતિ જોતાં જ તે પામી ગયો કે કશીક ગંભીર ભૂલ થઈ છે. હીરો નિષ્કલંક હોવાની તેને પાકી ખાતરી હતી. એણે લીઓનાટોને દિલાસો દઈ શાંત પાડચો અને કહ્યું: ‘હવે હીરો મરણ પામી છે એમ જ સમજો. એ સમાચાર બહાર પણ પ્રગટ કરો.’

લીઓનાટોને આ વાત સમજાઈ નહિ, પરંતુ ફ્રાન્સિસની સલાહ તેણે માન્ય કરી. થોડી વાતચીત કરી એ પાછો ફર્યો.

બીઆટ્રીસની આંખમાં વીજળી ચમકતી હતી. પોતાની બહેનના ચારિત્ર્ય પર કાદવ ઉછાળનાર ક્લૉડિયો પર એના મનમાં ખુન્નસ જાગ્યું હતું. બેનિડિકે તેને શાંત પાડવાનો પ્રયાસ કર્યો પણ એ વાઘણ-ની જેમ ઊછળી: ‘મારી બહેનનું વેર લેનાર કોઇ મરદ નથી? આ દુનિયામાં કાપુરુષો જ છે બધા?’ બેનિડિક ઊમળકાથી બોલી ઊઠચો: ‘તારા પ્રેમને ખાતર હું ગમે તે જોખમ ખેડીશ.’

‘ચોક્કસ?’

‘કસમ ખુદાના.’

‘તો ક્લૉડિયોને ઠાર કરો!’

‘અરે! ક્લૉડિયોને ઠાર કરું? દુનિયાની દોલત મળે તો પણ નહિ.’ એ મૂંઝાઇને બોલી ઊઠચો.

‘ભલે; તો સિધાવો. તમે મૈત્રી ને પ્રેમનાં બણગાં તો બહુ ફૂંક્યાં. મિત્ર માટે જોખમ ખેડચું હોત તો મર્દાનગી ઊજળી દેખાત...’

‘પણ ક્લૉડિયોએ તારું શું બગાડચું છે?’

‘એ શયતાન છે. મારી બહેનના કપાળ પર એણે કલંકનો ડામ દીધો...ખુદાએ મને મરદ ઘડી હોત તો ભરબજારે એનું કાળજું કાપીને ખાઈ જાત. પણ હું અસહાય છું. હું મર્દ બનીને વેર લઈ શકું તેમ નથી, એટલે ઓરતની જેમ રોતી રોતી મરીશ...’

‘બીઆટ્રીસ...બીઆટ્રીસ!’ બેનિડિક શરમિંદો બની ગયો: ‘તારા હૃદય પર હાથ મૂકીને કહું છું. મને તારા પર પ્રેમ છે—પ્રેમ છે...’

‘કૃપા કરો હવે. તમારો એ હાથ સોગંદ ખાવાને બદલે મર્દાનગી દાખવવામાં વાપરો—જો જવાંમર્દી જીવતી હોય તો?’ બીઆટ્રીસના ચાબખાથી એ સમસમી ઊઠચો. એના હૃદયમાં બીઆટ્રીસના રોષથી પ્રેમનો જુવાળ ઊછળ્યો. એના પ્રેમ ખાતર ક્લૉડિયોને યુદ્ધનો પડકાર ફેંકવાના તેણે કસમ ખાધા.

લીઓનાટો મહેલમાં પાછો ફર્યો. એના અજંપાનો પાર ન હતો. જાહેરમાં પોતાની દીકરીની બદનક્ષી કરનાર ક્લૉડિયો પર એને ધિક્કાર છૂટચો. એ એકદમ એમના મુકામે પહોંચ્યો અને બંનેના ખૂબ ઊધડા લીધા. પોતાની નિર્દોષ દીકરીનું ખૂન કરનાર હત્યારા કહ્યા. લીઓનાટોના મનની વ્યથા સમજી બંને ચૂપચાપ તેની કડવી વાણી પી ગયા. એમના દુઃખની પણ સીમા નહોતી...

એ જ સમયે રોષે ભરાએલો બેનિડિક ત્યાં આવ્યો. ક્લૉડિયો પર સીધું નિશાન તાકીને એ ઊછળ્યો: ‘તુ શયતાન છે! હત્યારો છે! એક નિર્દોષ યુવતીની તેં હત્યા કરી છે. મરદ હોય તો મારી સામે મેદાનમાં આવ. નહિતર તારી કાયરતાનો ઢોલ જગત આખામાં હું પીટીશ.’

પેડ્રો અને ક્લૉડિયો આશ્ચર્યચકિત થઈ ગયા. બેનિડિકના આવા વર્તાવની તેમને કલ્પના પણ નહોતી. વાતાવરણમાં ઉશ્કેરાટ વ્યાપી ગયો. ત્યાં તો ચોકીદાર ડૉગબેરી પેલા શકમંદ ગુનેગારને લઇને લીઓ-નાટોને શોધતો ત્યાં આવી પહોંચ્યો. એ ગુનેગાર બોરાશિયો પોતે હતો.

‘મહારાજ, આ નામીચો ગુનેગાર છે.’ ડૉગબેરીએ સલામ ભરીને બયાન કરવા માંડચું: ‘એક જણ છટકી ગયો.’

‘કોણ?’ લીઓનાટોએ પૂછ્યું.

‘ડૉન જૉન.’

‘હેં!’ કુમાર પેડ્રો આશ્ચર્યથી બરાડી ઊઠચા: ‘ડૉન જૉન?’

‘જી હા; એ બંને કાવતરું કરીને આપના આવાસ તળે આવ્યા હતા...’ તેણે બોરાશિ-યોને આગળ હડસેલ્યો.

બોરાશિયો કરગરી પડચો: ‘મહારાજ મારો ગુનો નથી. મને ડૉન જૉને આજ્ઞા કરી હતી... હીરો સાથે મધરાતે વાર્તાલાપ કરવા માટે મને તેમણે હજાર ડુકેટ આપ્યા હતા.’



‘અરે! તમે ઊઠીને પરણવાના? શીંગડાં ઊગશે તો?’

'તો હીરો સાથે વાતચીત કરનાર તું હતો કાવતરાખોર?' લીઓનાટોએ ત્રાડ નાખી. બોરાશિયો ધ્રૂજી ઊઠ્યો: 'મહારાજ, ક્ષમા... મેં આપની દીકરી સાથે એવી બેઅદબી કરી નથી...'

'ત્યારે?...'

'એ તો માર્ગરેટ હતી. હીરોનો પોશાક પહેરીને એ બારીએ ઊભી હતી. આ મહાશય ક્લૉડિયોના મનમાં ભ્રમ પેદા કરવા માટે...હીરોને કલંકિત દેખાડવા માટે... ડૉન જૉને મને હુકમ ફરમાવ્યો હતો...' બોરાશિયો કરગરી પડ્યો.

ક્લૉડિયોને આખી સૃષ્ટિ ચક્કર ફરતી લાગી. પેડ્રો અવાક્ બની ગયો. લીઓનાટોના રોષનો પાર ન રહ્યો: 'ખૂની! ઘાતકી! તારા પ્રપંચમાં મારી દીકરીનું મોત થઈ ગયું! બદનામી ઓઢીને બિચારી મરી.'

ક્લૉડિયો શરમમાં ડૂબી ગયો. તેણે ગદ્‌ગદ કંઠે લીઓનાટોની ખૂબ ક્ષમા માગી. પેડ્રો પણ ગળગળો થઈ ગયો. પોતે ઉતાવળી બુદ્ધિએ ચાલીને વૃદ્ધ લીઓનાટોને કેવી હૃદયવિદારક વિપત્તિમાં ધકેલી દીધો! બંને જણ ભારે દુ:ખ અને શરમ અનુભવી રહ્યા. લીઓનાટોનો રોષ તેમની સજ્જનતા જોઈ પીગળી ગયો. એ હળવે હૈયે પાછો ફર્યો.

એ સાંજે લીઓનાટો સાથે બંનેની ફરી મુલાકાત થઈ ત્યારે પણ બંનેએ પોતાની ભૂલનો ખૂબ વસવસો કર્યો. લીઓનાટોએ હળવાશથી કહ્યું: 'વિધાતાનો જેવો સંકેત.'

'નહિ, નહિ!' ક્લૉડિયો પોકારી ઊઠ્યો: 'મારી આ ભૂલનું હું પ્રાયશ્ચિત્ત કરીશ જ...'

'થોભો જરા.' લીઓનાટોએ તેને એકદમ રોક્યો. તમારી ભૂલનું પ્રાયશ્ચિત્ત મારી પાસે છે.' એના ચિત્તમાં ધર્મગુરુ ફ્રાન્સિસની સલાહ–તરકીબ–રમતી હતી. એણે કહ્યું: 'મારી પુત્રી સાથે તમારો ઋણાનુબંધ નહિ, એટલે તમે શું કરો? પરંતુ મારા ભાઇની એક દીકરી છે: હીરોની જ છબી. તમે એને પરણશો તો મારા દાઝેલા હૈયાને કંઇક શાતા વળશે.'

લીઓનાટોની આટલી બધી સજ્જનતા જોઈ ક્લૉડિયો ખૂબ નમ્ર બની ગયો. એની આંખમાં આંસુ ચમકી રહ્યાં. રુંધાએલે સ્વરે તે એટલું જ બોલ્યો: 'મહાનુભાવ, આ તે શિક્ષા કે ઈનામ?'

ફ્રાન્સિસે બંનેનો લગ્નવિધિ પતાવી દીધો. કન્યાએ મુખ પરથી ઘૂંઘટ હટાવ્યો. એ આશ્ચર્યમાં ગરકાવ થઈ ગયો. 'અરે! આ તો હીરો!'

કુમાર પેડ્રો પણ અજાયબ થઈ ગયો. આજુબાજુનો સ્નેહી સમુદાય હસવા લાગ્યો. લીઓનાટોએ સ્મિત કરતાં કહ્યું: 'એ જ હીરો. એનું કલંક જીવતું હતું ત્યારે એ મરી ચૂકી હતી; હવે કલંક મરી પરવાર્યું એટલે એ જીવતી છે! હીરોએ ક્લૉડિયોને સ્મિતથી નવાજ્યો: 'તમારી હીરો હવે નિષ્કલંક ખરી ને?' ક્લૉડિયોએ ઊમળકાથી તેનો હાથ ચાંપ્યો.

સર્વત્ર ખુશાલી પ્રસરી રહી. એટલામાં બેનિડિક આગળ આવ્યો. ફ્રાન્સિસને રોકીને કહે: 'કૃપા કરી જરા થોભો. હજુ અમારાં લગ્નમંગલ બાકી છે.' એણે પાછળ ઊભેલી બીઆટ્રાસ પ્રત્યે આંગળી ચીંધી.

ક્લૉડિયોએ મજાકમાં બેનિડિકનો ખભો ખેંચતાં કહ્યું: 'અરે તમે? તમે ઊઠીને પરણવાના? શીંગડાં ઊગશે તો?'

બેનિડિક હસી રહ્યો: 'બિચારી, બીઆટ્રીસ મારા વિયોગમાં ઝૂરી ઝૂરીને...'

'શું કહ્યું?' બીઆટ્રીસ વચ્ચે જ તડૂકી ઊઠી: 'હું તમારે માટે વળી કેદા'ડે ઝૂરતી હતી? તમે ઊલટા મારા પ્રેમ માટે માછલાની જેમ તરફડી મરતા હતા, એટલે...'

'પ્રેમપત્રો લખીને તેના ચીરા તો તેં ઉડાવ્યા'તા!'

'પ્રેમપત્ર? તમને? અરે મારા વિયોગમાં સાવ અધમૂઆ તો તમે થઈ ગયા'તા!'

'કોણે કહ્યું? મારા પ્રેમમાં તો તું ગળાડૂબ હતી...'

'ખોટી વાત! તમે મારા પ્રેમમાં માથાડૂબ હતા...'

આજુબાજુનાં મિત્રોને આ તડાતડી પર ખૂબ હસતાં જોઈ બંને ચોંકી ઊઠ્યાં—શરમાઈ ગયાં. એમને સમજ પડી ગઈ. એ મિત્રોના જ શુભ પ્રપંચમાં બંને ફસાયાં હતાં!

લીઓનાટોએ બીઆટ્રીસને ચીડવી: 'હવે તો પરણીશને?'

'છૂટકો છે? કોઈ બિચારો જીવ મારા પ્રેમ ખાતર શહીદ થાય તેના કરતાં...' ત્યાં તો બેનિડિકે એકદમ તેના હોઠ પર હોઠ ચાંપી દીધા અને એ મધુરા સ્પર્શે બાકીના શબ્દો અધૂરા જ રહી ગયા.

ઘાટ અને ઘડતર

શેક્સ્પીઅરની આ પ્રારંભની કૉમેડી હોવાથી એમાં વસ્તુસંકલના, પાત્રચિત્રણ વગેરેમાં કચાશ હોય એ સ્વાભાવિક છે; છતાં ભવિષ્યમાં પાંગરનારી એની પ્રતિભાનાં બીજ તો એમાં દેખાય છે.

નાટકનું **શીર્ષક** જરા વિચિત્ર છે. એનો શબ્દાર્થ તારવીએ તો 'રજનું ગજ' કે 'કીડી પર કટક' જેવો કૈંક થઈ શકે. નાટ્ય-વસ્તુને માટે એ અનુરૂપ નથી લાગતો. જોકે કેટલાક વિવેચકોએ એ રીતે બેસાડવાનો પ્રયાસ કર્યો છે.

નાટકમાં ત્રણ વાર્તાપ્રવાહ છે: મુખ્ય પ્રવાહ હીરો-ક્લૉડિયોના પ્રેમ વિષયક છે. એ મુખ્ય હોવા છતાં સહુથી નબળો–પાતળો પ્રવાહ જણાય છે, અને એ જ નાટ્યપ્રકારની કચાશ દેખાડે છે. બીજો બીઆટ્રીસ-બેનિડિકના પ્રેમને લગતો પ્રવાહ વધારે ચોટદાર લાગે છે. એ પાત્રો પણ વિશેષ ધ્યાન ખેંચનારાં બને છે. અને ત્રીજો કથા-પ્રવાહ ડૉન જૉનના કાવતરા તથા ચોકીદારોની કામગીરીને સ્પર્શતો છે. એ ગૌણ છતાં વાર્તાવસ્તુને ઉપકારક બને છે.

આ ત્રણે પ્રવાહોના મિશ્રણથી નાટ્યવસ્તુ ખીલે છે. હીરો અને ક્લૉડિયોના લગ્નની તારીખ નક્કી થાય છે તે જ વખતે ડૉન જૉન દુષ્ટતાથી પ્રેરાઇને ક્લૉડિયોને હીરોના ચારિત્ર્ય વિષે ભ્રમમાં નાખે છે, વિવાહ ફોક થાય છે અને હીરો ભારે આપત્તિમાં મુકાય છે. પરંતુ છેવટે ચોકીદારો દ્વારા કાવતરું છતું થઈ જઇને હીરો નિષ્કલંક પુરવાર થાય છે ને પૂર્વયોજના મુજબ લગ્ન થાય છે.

બીજી તરફ બીઆટ્રીસ અને બેનિડિક અહંમથી એકબીજાની અવગણના કરતાં હોય છે; પરંતુ તેમના હિતસ્વીઓ, બંને એકબીજાના પ્રેમમાં છે પરંતુ તે વ્યક્ત કરતાં શરમાય છે એવો ગપગોળો યોજે છે; જેને સાચો માની બંને એકબીજાને તિરસ્કારવાનું છોડીને પ્રેમ કરતાં થઈ જાય છે.

નાટકમાં આ બે જ મુખ્ય ઘટના કહી શકાય. પાત્રનિરૂપણમાં નાટ્યકારની પક્વતા હજુ વરતાતી નથી, છતાં બીઆટ્રીસનું પાત્ર આકર્ષક છે. એની ધારદાર વાણી નાટકમાં રંગત પૂરે છે. નાટકનું મુખ્ય પાત્ર ક્લૉડિયો સાવ ઢીલો દેખાય છે. એનો પ્રેમવહેવાર પણ શોભાસ્પદ નથી. ડૉન જૉન સાવ ગૌણ છતાં વસ્તુવિકાસમાં ઉપકારક છે. એ પાત્રમાંથી જ આગળ ઉપર 'ઑથેલો'માંનો ઇયાગો સર્જાય છે. બે ઘડી તુક્કા રસ આપતું, મજાક અને મેહફિલથી ભરેલું અને વચમાં હીરો પરના આરોપને કારણે કંઇક કરુણતાની છાંટવાળું આ નાટક શેક્સ્પીઅરની પાંગરતી પ્રતિભાનું દ્યોતક છે.

મધુસૂદન પારેખ

જીવનપટનાં સ્મૃતિચિત્રો...૩૨

રવિશંકર રાવળ



મહાત્માશ્રીની છબીની સામે હાર લઇને ઊભેલાં અરવિંદાબહેનને પણ ચીતર્યાં.

૧૪૩ નાનાભાઈ પાસે વિદ્યાર્થીઓ તરીકે

મૅટ્રિકની બીજી ટર્મ શરૂ થતાં જ મેં ખૂબ મહેનત કરવા માંડી. મસ્તરામ, ગિરીશભાઈ અને હું સંસ્કૃતમાં કાચા હતા. તે માટે મોટાભાઈ (હરગોવિંદભાઈ)એ નાનાભાઈ (નૃસિંહપ્રસાદ) ભટ્ટને ભલામણ કરીને અમને કહ્યું કે અમારે દર શનિ-રવિ બપોરે કલ્યાણભટ્ટની શેરીમાં તેમના ઘેર જવું. નાનાભાઈ કૉલેજમાં ઇતિહાસના પ્રોફેસર હતા, પણ શ્રી નથુરામ શર્માના શિષ્ય તરીકે અમારા આત્મીય જેવા હતા. વળી કથાવાર્તા કહેવાની પરિપાટી તેમના કુટુંબમાં હતી એટલે શીખવામાં સરળતા ને રસ પડશે એ વિચારે અમને પણ આનંદ થયો. ત્યારે તેમના ગૃહસંસારની શિસ્ત પણ અમને જોવા મળી.

તેમનાં બીજી વારનાં પત્ની અરવિંદાબેનનું વય નાનું હતું, પણ નાનાભાઈનાં ઓરમાન માતુશ્રી અને નાનાભાઈથી નાના તેમના પુત્ર વામનભાઈ તેમની સાથે જ રહેતાં. એ આખી શેરી પ્રશ્નોરા કુટુંબોની જ હતી અને અંદર અંદર સંબંધોની આંટીઓ પણ ખૂબ હતી, એટલે વડીલોના ચીલા દૃઢપણે પળાતા. વળી તેમાંના ઘણા શ્રી નથુરામ શર્માના અનુયાયી થયા હતા.

નાનાભાઈના ખંડમાં એક બાજુ પાટલા પર નથુરામ શર્માજીની છબી, માળા, ગીતા અને સામે સંધ્યા કરવાનું આસન નજરે પડતાં. તે ઉપરાંત અભ્યાસ કરવાની જગ્યા એક બારી પાસે હતી. ત્યાં પણ ગાદી પર ઊનની કામળી અને નીચા મેજ પર પુસ્તકો, કાગળો, ખડિયો-કલમ, પેન્સિલ વગેરે આશ્રમ જેવી સુઘડતાથી ગોઠવેલાં રહેતાં. ત્યાંના અભ્યાસમાં પડોશમાં જ રહેતા લાભભાઇ ભટ્ટ પણ ભળ્યા. તેમના પિતાશ્રી મુંબાઇમાં દાક્તર હતા પણ તબિયત બગડતાં એ વ્યવસાય છોડી આવ્યા હતા, તેથી મૅટ્રિકમાં પહોંચેલા લાભભાઈનું પહેલું વર્ષ બગડ્યું હતું અને ભાવનગરમાં અમારી સાથે ભળ્યા હતા. તે કસરતના ખૂબ શોખીન હતા તેમજ મુંબાઇના અભ્યાસથી તેમનું

નાનાભાઈની બેઠકમાં



અંગ્રેજીનું જ્ઞાન ચડિયાતું હતું. મોટા દેશભક્તોના અંગ્રેજી ફકરા તે જુસ્સાથી મુખપાઠે બોલી જતા. કાવ્યો ને ગીતોનો પણ એમને શોખ હતો. અને વિનોદી તો ભારે. એમના નિયમિત કસરતના શોખે મને આકર્ષ્યો અને અમે બંનેએ રોજ સાંજે શાળાની કસરત વેળા અરધો-પોણો કલાક નિયમિત વ્યાયામ કરવાનું ઠરાવ્યું.

નાનાભાઇનાં પત્ની અરવિંદાબેન વયે નાનાં હતાં અને તેમના પિતાશ્રી શિક્ષક હતા તેથી તે શાળાનું ગુજરાતી ભણતર પામ્યાં હતાં. નાનાભાઈ પાસેના એ અભ્યાસ દરમ્યાન એક વાર એમણે શ્રી અરવિંદાબેનની ઇચ્છા વ્યક્ત કરી કે ઘરની ઓસરીમાં, દાદર પર ચડતાં, ભીંત પર મહાત્માશ્રીની છબી મારે ચીતરી આપવી. મેં ઘણી ખુશીથી તે કામ કરી નાનાભાઇને પ્રસન્ન કર્યા. તે છબીની સામે હાર લઇને ઊભેલાં અરવિંદાબેનને પણ ચીતર્યાં. ખબર નથી એ ચિત્ર ત્યાં જળવાયું હશે કે નહિ.

૧૪૪ ત્રિભુવન પટેલ

ગિરીશભાઈ ભટ્ટે મૅટ્રિકનું પહેલું સત્ર સાથે જ પૂરું કર્યું હતું. તેમનું વાચન અને કાવ્યપ્રેમ તે વખતે પણ ઉચ્ચ કક્ષાનાં હતાં; પણ બીજી ટર્મમાં તેમના પિતાશ્રી મયારામ ભટ્ટ (જે જૂનાગઢ રાજ્યમાં કુતિયાણામાં વકીલ હતા)ને પાઠાનો ઉપદ્રવ થતાં ભાવનગર આવી ઘણો વખત ઇસ્પિતાલમાં રહ્યા હતા. (તેઓ મૂળ વળાના, પણ ગિરીશભાઈના અભ્યાસ ખાતર ભાવનગરમાં ઘર ભાડે રાખ્યું હતું.) તેમની શુશ્રૂષા માટે ગિરીશભાઇને ઇસ્પિતાલમાં રહેવું પડતું. તેમની સાથે તેમનાં બેન તથા તેમનાં સુશીલ પત્નીએ પણ પિતાની અખંડ સેવા-

ગુનાશોધનમાં સચોટ પુરાવારૂપ

અચેતન સાક્ષીઓ

લેખક · પુષ્કરભાઈ ગોકાણી

આંગળાંની છાપ કે માથાનો વાળ, લોહીનું ટીપું, તૂટેલો કાચ કે ઊખડેલો રંગ ઇત્યાદિ બધાં ગુનાની વિરુદ્ધનાં અફર સાક્ષીઓ છે.

ગુનાશોધનમાં જીવિત સાક્ષીઓ કરતાં પણ પુરાવાઓ વધુ સચોટ ભાગ ભજવે છે; માત્ર એનું યોગ્ય રીતે પૃથક્કરણ થવું જોઇએ. કેટલીક વાર મામૂલી લાગતા ભૌતિક પુરાવાઓની અવગણના યે થાય છે. પણ સારો ગુનાશોધક કદી એને અવગણતો નથી. સારો પોલીસ ઇન્સ્પેક્ટર ચાર વાત બરાબર સમજે છે: (૧) ભૌતિક પુરાવાઓ કેવા છે (૨) તેને કેવી રીતે એકઠા કરવા તથા સંભાળી રાખવા (૩) કેવી રીતે તેમાંથી માહિતી તારવવી તથા (૪) તે માહિતીનો ગુના સાથેનો સંબંધ કેમ શોધવો. ગુનેગાર ગમે તેટલો ચાલાક હોય, ગુનાને વખતે ભલે તેને કોઇએ જોયો કે સાંભળ્યો ન હોય, તો પણ તે પોતાની દરેક હિલચાલ અને કાર્યને આજુબાજુના વાતાવરણ સાથે ભળતાં અટકાવી નહિ શકે. એની સામેની કાળજી બહુ જ અઘરી છે. જ્યારે એ ડગલાં ભરે છે, જેને એ સ્પર્શે છે, અજાણતાં એ જે કંઈ ભૂલી જાય છે, એ બધું એની સામેના મૂગા પુરાવારૂપ બની રહે છે. આ જ છે 'અચેતન સાક્ષી'—જેનાથી બચીને કોઈ ગુનો કરી શકતું નથી!

ફક્ત તેની આંગળાંની કે પગની છાપ જ નહિ, પણ તેના વાળ, તેનાં કપડાંમાંનો એકાદ તાંતણો, તેનાથી તૂટતો કાચ, તેણે વાપરેલાં સાધનોનાં નિશાન કે અવરજવર કરતાં તેને ઘસાએલી ભીંત યા બારીનો રંગ, તેનું લોહી કે તેના પરસેવાનું ટીપું, અચૂક તેની વિરુદ્ધ સાક્ષી પુરાવે છે. આ 'અચેતન સાક્ષીઓ' કદી ભૂલતા કે ગૂંચવાતા નથી, ફક્ત તેની પાસેથી પુરાવો કેવી રીતે મેળવવો એ એક જ વાતની ચોકસાઈ જો હોય તો કદી કોઈ પણ ગુનો પકડાયા વિના રહે નહિ.

આ અચેતન સાક્ષીઓને ઓળખવાનું અને સાચવવાનું કામ બાહોશ પોલીસ ઇન્સ્પેક્ટરનું છે, જ્યારે તેમાંથી માહિતી મેળવી આપવાનું કામ લૅબૉરેટરી કરે છે. ગુનાશોધનમાં લૅબૉરેટરીનું મહત્ત્વ નાનુંસૂનું નથી. ઘણી વાર ગુનેગારો સમાજમાં બીજા ગુના કરવા છૂટા રહી જાય છે અને પકડાતા નથી તેનું કારણ ફક્ત આ ભૌતિક પુરાવાઓની અવગણના છે. આપણે અમેરિકાની ફેડરલ બ્યૂરો ઑવ ઇન્વેસ્ટિગેશન (F B I)ની લૅબૉરેટરીએ કેવી રીતે આ 'અચેતન સાક્ષીઓ'ને બોલાવ્યા છે, સમજ્યા છે, ને તેને લીધે જીવતા સાક્ષીઓની વાત કેટલી ખોટી ઠરી છે એનું એક દૃષ્ટાંત જોઇએ. ગુનો પકડવામાં તેનો ફાળો કેટલો મહત્ત્વનો છે તે આના ઉપરથી સમજાશે.

જેક ટાઇડિંગ નામે એક પ્રખ્યાત ધનવાન અને કાંઈક ધૂની ગણાતો માણસ કનેક્ટિકટમાં આવેલા ન્યૂ કૅનન શહેરમાંના પોતાના ઘરમાંથી અદૃશ્ય થઈ ગયો. તે બહુ ઓછા નોકરો વચ્ચે એકલો રહેતો ને ઘણી વાર કોઇને જણાવ્યા વિના પાંચસાત દિવસ મુસાફરીએ ઊપડી જતો, તેથી એ ગુમ થયો છે તેવું કોઈના ખયાલમાં ન આવ્યું. તેની કામવાળી મિસિસ હાર્પરને પણ તેમાં ખાસ કૈં અસાધારણ ન લાગ્યું.

પણ ટાઇડિંગના ચાલ્યા ગયા પછી મિસિસ હાર્પર ઉપર એક પત્ર આવ્યો. તેમાં ટાઇડિંગના ઘરમાંની તિજોરી કેવી રીતે ઉઘાડવી તે સમજાવ્યું હતું, અને તેમાંની સ્ટીલની પેટી પાર્ક વેના ચોગાનની બાજુમાં આવેલા ડુંગરાની પાછળ મૂકી આવવા જણાવ્યું હતું. કવર ઉપર ટાઇડિંગનું સરનામું હતું અને પત્રના હસ્તાક્ષરો પણ ટાઇડિંગના ખુદના હતા. પણ તેની અંદરનું લખાણ અને તેના કેટલાક શબ્દો ઉપરથી લાગતું હતું કે તે લખાણ તેની પાસે ફરજિયાત લખાવાએલું છે. મિસિસ હાર્પરને વિચાર આવ્યો કે નક્કી તેના માલિકનું અપહરણ થયું છે. તેણે સ્થાનિક પોલીસખાતાને એની જાણ કરી અને એ ખાતાએ એફ. બી. આઇ.ને (ફેડરલ બ્યુરો ઑવ ઇન્વેસ્ટિગેશન)—અમેરિકાની કેન્દ્રીય સરકારના ગુનાશોધન ખાતાને જણાવ્યું.

બ્યુરોમાં ખબર આવ્યા એ જ દિવસે ન્યૂયૉર્ક નજીક જંગલમાં એક એકાંત અવાવર કૅબિનમાંથી ટાઇડિંગનું શબ મળી આવ્યું. બે રમતિયાળ છોકરાઓ ખિસકોલી પકડવા જંગલમાં આવ્યા હતા તેમની નજર આ અવાવરૂ કૅબિનની બારીના તૂટેલા કાચ ઉપર પડી. કુતૂહલથી તેઓએ અંદર જોયું તો ખુરશી ઉપર ટાઇડિંગનું શરીર નાખેલું પડ્યું હતું અને ફરસ ઉપર લોહીનું ખાબડું ભરાએલું હતું.

એફ. બી. આઈ.ના અમલદારે એની તપાસ હાથ ધરી. તેણે પ્રથમ ત્યાંથી પુરાવા એકઠા કરવા માંડ્યા. ભીંતને લગાવેલાં પાટિયાંમાં જ્યાં ગોળીઓ ખૂંપી ગઈ હતી તે ભાગને તેણે કાળજીપૂર્વક કાપી કાઢ્યો. કૅબિન પાસે દેખાતાં મોટરનાં ટાયરનાં નિશાન ઉપર પ્લાસ્ટર ઑવ પૅરિસને સુકાવા દઈ તેની છાપ ઉપસાવી લેવામાં આવી. કૅબિનની લાકડાની ફરસ ઉપર પડેલા લોહીના ડાઘાને બ્લેડ વડે ઉખેડીને કાઢી લઈ લૅબૉરેટરીમાં મોકલવામાં આવ્યા. ટાઇડિંગના ખિસ્સામાંથી મળેલા કાગળો તેનાં પરની આંગળાંની છાપ મેળવવા માટે સાચવીને કાઢી લીધા. કૅબિનની બહાર મળી આવેલી પગના બૂટની એડીની છાપ પણ પ્લાસ્ટર ઑફ પૅરિસમાં ઉપસાવી લેવામાં આવી તથા તે કયા સ્થાનેથી મળી તેની પણ નોંધ લીધી. બાજુના ઝાડ સાથે મોટર ઘસાઈ હોય તેમ લાગ્યું એટલે તે ઝાડ ઉપર ઘસાએલા મોટરના તુરત નજરે ન પડે તેવા રંગના બારીક રજકણો લઈ લીધા. ઝાડની ડાળીમાં ભેરવાએલા કપડાના એક બે નાના તાંતણા શોધી કાઢ્યા.

આમ, બંદૂકની ગોળી, ટાયરનાં નિશાન, (બૂટની) એડીની છાપ, રંગના રજકણો, તાંતણા અને ટાઇડિંગના ખિસ્સામાંથી મળી આવેલા કાગળો – આ બધાં 'અચેતન સાક્ષીઓ'– ભૌતિક પુરાવાઓ હતા.

લૅબૉરેટરીમાં પેલા પાટિયામાંથી સપાટી પરના ઘસરકામાં જરા યે વધઘટ ન થાય એ રીતે કાળજીપૂર્વક બંદૂકની ગોળી કાઢી લેવામાં આવી.

જેમાં બધા પ્રકારની ગોળીઓ સરખાવવા માટે સંઘરી રાખી હોય છે એ 'સ્ટાન્ડર્ડ ઍમ્યુનિશન ફાઇલ'માં સરખાવતાં જણાયું કે મરનારના શરીરમાંથી મળેલી ગોળી ૦·૩૦ કૅલિબરની હતી.

જ્યારે ગોળી છૂટે ત્યારે રાઇફલની નળીના ઘસારા તેના ઉપર પડે છે. આ ગોળી પરના એવા ઘસારા પણ તપાસાયા ને તેને અમેરિકામાં બનતી રાઈફલો વડે થતાં નિશાન સાથે સૂક્ષ્મદર્શકયંત્ર વડે સરખાવતાં માલૂમ પડ્યું કે આ ગોળી 'મૉડેલ ૮૮ સૅવેજ' કૅલિબર ૦·૩૦ની રાઈફલમાંથી છોડવામાં આવી છે.

ટાઇડિંગના ખિસ્સામાંથી મળી આવેલ કાગળો ઉપર આયોડિનનો ધુમાડો લગાડી તેના પરની આંગળાંની છાપો પણ તપાસી જોઈ.

ચાકરી કરી. છેવટે થાકીને ઘેર લાવી ખાટલે ઉપચારો ચાલુ રાખ્યા. આથી તેમનો મૅટ્રિકનો અભ્યાસ પડચો. અમારી મંડળીમાં પણ તે ભાગ્યે જ આવી શકતા, પણ અમે વખતોવખત તેમના પિતાશ્રીની ખબર પૂછવા જતા. બીજી તરફ મારા જૂના આપ્ત મિત્રોમાંથી ભાઈ ત્રંબકને ક્ષયની બીમારી જણાઈ અને તે પણ ઘર આગળ બિછાને પડ્યો. ગિરીશભાઈએ તેના છેવટના દિવસોમાં તેનો ઘણો સમાગમ સાધ્યો હતો. અમને મૅટ્રિકની તાલાવેલી લાગી હતી એટલે બંગલાના મેળાપો પણ ઓછા થતા.

મસ્તરામ પહેલે વર્ષે મૅટ્રિકના અભ્યાસમાં લહેર અને આરામ ભોગવતા. મારું તો બીજું વર્ષ હોઈ માથે પરીક્ષાની તલવાર ઝઝૂમતી, એટલે ઉત્સાહી અભ્યાસીઓને શોધી તેમની સાથે મારા કાચા વિષયો પાકા કરતો. ચિત્રકામ ઠંડું કરી નાખ્યું હતું; છતાં સમયસમય પર શહેરના ધંધાદારી ચિત્રકારો અને ખાનગી શૉખ કરતા અભ્યાસીઓને મળવાની તકો ચૂકતો નહિ. આ વખતે ધંધાદારી ચિત્રકારોમાંથી વાત મળી કે વડોદરા કળાભવનમાં થર્ડ ગ્રેઈડ પાસ થએલો એક પટેલનો છોકરો રોજંદારી ચિત્રોમાં સારો હાથ બતાવે છે. તેના પિતા વડોદરામાં કૉન્ટ્રૅકટર હતા. છોકરો શાળામાં ત્રણ-ચાર ચોપડીઓથી આગળ જઇ શકચો નહિ એટલે કળાભવનમાં મૂકેલો.

તે સરસ નકશો કરી શકતો. હાથમાં સફાઈ અને ચોકસાઇ હતી. ડ્રૉઇંગ માસ્તર ભગવાનજીભાઈના નવા વિદ્યાર્થીઓમાં એક માણેકલાલ શુક્લ હતા તેમણે મને આ સમાચાર આપ્યા અને એક વાર જસોનાથ મંદિરમાં તે ભાઈ કામ કરતા હતા તે જોવા લઈ ગયા.

એનું નામ ત્રિભુવન પટેલ. પિતા ગુજરી જતાં એને કામધંધો કરવાની ફરજ પડેલી. એના ભાઇઓ કડિયા તરીકે રોજંદારીમાં જતા, ત્યાં તેમણે જ તેને આ કામે લગાડેલો. સ્વભાવે તે જરા અહંભાવી, ધંધાની ઊંચી સપાટીનો ખયાલ નહિ અને પૈસા મળે એટલે રાજા;— સારાં કપડાં ને સારું ખાવાનો શૉખ. સભ્ય વાણી કે સભ્ય વિચાર નહિવત્. આ બધું છતાં મને શહેરના ચિત્રકારો કરતાં તેનામાં કામની કાબેલિયત ચડિયાતી લાગી, એટલે મેં તેની પ્રગતિ ઉપર નજર રાખવા માંડી. તે જે કામ કરે તેના ખબર મને માણેકલાલ આપતા, પણ મૅટ્રિકના વાતાવરણમાં હું તે વખતે તેનો પરિચય વધારી શકચો નહિ.

૧૪૫ ભાવનગરમાં સંગીત

ભાવનગરની પ્રજામાં વિશેષ પ્રકારના શૉખ ધરાવનાર વ્યક્તિઓ કે મંડળોનાં નામ એ સમયે જાણીતાં થયાં નહોતાં. પ્રજામાં હારમોનિયમ અને ગ્રામોફોનમાં નાટકી ગીતો સાંભળવા મળતાં. શિષ્ટ સંગીત કે લોકસંગીત અથવા ભજનો પ્રતિ આદર જણાતો નહોતો. મુત્સદ્દીઓ અને ભણેલાઓ સંગીતને ફુરસદવાળાઓનો નકામો વ્યાસંગ માનતા. કોઈ ઠેકાણે મોટા સમારોહના આરંભે સંગીતને નામે ગીત ગાનારી બાળાઓની પાછળ હારમોનિયમ માસ્તરનો સૂર ગીત ઉપાડી લે એટલે નભી જતું.

શહેરના આવા બે-ચાર હારમોનિયમ-માસ્તરો પૈકી રતિશંકર અને રવિશંકર નામના બે ભાઇઓ ખૂબ જાણીતા હતા. બંને દેખાવમાં સરખા ને હસમુખા સ્વભાવના. આંટીદાર ઝાલાવાડી ફેંટા બાંધતા. ગાય ત્યારે હારમોનિયમના સૂર સાથે સૂર મેળવી દેતા. બંને મુંબાઇની નાટક કંપનીમાં તૈયાર થએલા. શેક્સપીઅરના નાટક 'કૉમેડી ઑાવ એરર્સ'માં નાનપણથી જુદા પડી ગએલા એકસરખી શકલના બે જોડિયા ભાઇઓ યુવાનીમાં કોઈ શહેરમાં એકઠા થઇ જતાં એમની સમરૂપતાથી એમના સંસારમાં ઊપજતી રમૂજી ઘટનાઓનું નિરૂપણ છે. એ પરથી ગુજરાતીમાં ઊતરેલા નાટક 'ભૂલભુલૈયાં'માં આ બંને ભાઇઓ પાઠ ભજવતા. આજે શેક્સપીઅરની ચોથી શતાબ્દી ચાલે છે તે પ્રસંગે એ નાટક ભજવાય તો સારો વિનોદરસ મળે.

એ બે ભાઈઓ સિવાય તો વરઘોડામાં મીઠુ માસ્તરનું બૅન્ડ નાટકોનાં જે પ્રચલિત ગીતો વગાડતું તે અમે સમજી લેતા. એમાં મુંબાઇ ગુજરાતી કંપનીના 'સૌભાગ્ય સુંદરી' જેવાં નાટકોનાં 'ધીમા ધીમા ચાલોને મારા પ્રાણ રે' અથવા 'મારા તનમાં, મનમાં, ભર્યો છે ઠર્યો છે' વગેરે જેવાં ગાયનો હોય.

૧૪૬ ઉસ્તાદ રહીમખાન

દક્ષિણીના ડહેલામાં કેશવરાવ કાકાના પાડોશમાં રહેવાથી સિતારની મોહિની મને લાગેલી, તે મારા મોટા ભાઇના મિત્ર મણિભાઇએ વધુ ઉત્તેજિત કરેલી. મારાં પિતામાતા નાસિક હોઈ મણિભાઈ તેમનો સિતાર અમારે ત્યાં જ રાખતા અને રાતના વર્ગોમાંથી છૂટીને આવે ત્યારે કોઈ કોઈ ગીતો સંભળાવતા. એમની પાસેથી મેં મહારાજા સાહેબના જે સંગીતકારોનાં નામ સાંભળેલાં તેમાં બીનવાદક ઉસ્તાદ રહીમખાનની પ્રશસ્તિ તે એટલી બધી કરતા કે આ 'બીન'વાજિંત્ર કેવું હશે ને તેની મજા કેવી હશે તે જાણવાની ઇંતેજારી મનમાં રહેતી.

એ તો કહેતા કે રહીમખાન જેવા બીન-વાદક હિંદુસ્તાનભરમાં બે-ત્રણ જણ જ છે. મહારાજા સાહેબ તેને દરમાયો આપે છે, છતાં તે 'નોકર' નથી. મોટા સમુદાયમાં તો તે આવે ય નહિ. મહારાજા સાહેબ પોતે નિરાંતમાં હોય અથવા કોઈ ખાસ મહેમાનો હોય ત્યારે જ એમને બોલાવે અને એકચિત્તે એમનું બીન સાંભળે. રહીમખાંનો મિજાજ પણ એવો, કે ભલભલાને ના કહી દે! ગરીબીમાં પણ તે બાદશાહી મસ્તી રાખતા.

કવિ 'કલાપી'એ 'વીણા અને મૃગ'નું કાવ્ય લખતાં 'બીન' શબ્દ વાપર્યો છે. બીન તે જ વીણા હોય તો સતાર, બીન અને વીણાના સંગીતમાં શી નવીનતા કે સુરાવટની લહેર હશે તે મારી કલ્પનામાં આવતું નહોતું. બંગલાના મિત્ર-મંડળમાં મેં રહીમખાંની આ બધી તારીફ ચલાવી અને વાત છેક મોટાભાઇ (હરગોવિંદભાઇ) સુધી પહોંચી. રહીમખાં કોઈ વાર સ્ટેશનમાં આવે ત્યારે સ્ટેશન-વડા મોટાભાઈ તેમને આદરથી ઑફિસમાં બેસાડે. તે વખતે દેવ મહારાજ પણ પોતાના સિગ્નલર ભાઇ પાસે આવ્યા હોય તો તેના પણ અનુરાગી મોટાભાઇ એમને ય ઑફિસમાં જ બેસાડતા અને ત્યાં સંગીત, ગવૈયાઓ, ઉસ્તાદો વગેરેની વાતો ચાલતી. વળી ખાં સાહેબ અને દેવ મહારાજની તો પાકી દોસ્તી, એટલે મોટાભાઇએ અમારી બીન સાંભળવાની તાલાવેલી દેવ મહારાજ મારફતે રહીમખાં પાસે મૂકી. 'અરે ઈસમે ક્યા માસ્તર સાહબ! આપ કા તો મૈં બંદા હૂં. ચાહે! ઉસ વક્ત ગરીબકા ઘર રોશન કરો.'

અમને સંદેશો પહોંચી ગયો. એક રાત્રે મસ્તરામે મને બોલાવ્યો. દેવ મહારાજ પણ હાજર થઇ ગયા હતા. મોટાભાઇ સ્ટેશનનું કામ પતાવી ઘેર આવી સંધ્યા તથા રાત્રીનું ભોજન પતાવી અમારી સાથે તૈયાર થઈ ગયા, અને અમારું હાલકું ચાલતું પહોંચ્યું સ્મશાનને રસ્તે એક ખંડેર જેવા મકાનમાં. ત્યારે લગભગ નવ વાગી ગયા હતા.

દેવ મહારાજે ઉસ્તાદજીને સાદર વંદન કર્યાં. તે સાથે અમે સૌ પણ વિનયપૂર્વક નમ્યા. મોટાભાઇની હાજરીથી ઉસ્તાદજી ખૂબ જ ખુશ થયા જણાયા. 'આજ મેરે ઘરમેં રોશની હુઇ, માસ્તર સા'બ! ફરમાઈએ ક્યા ખિદમત ગુઝારું?'

'ઉસ્તાદજી આપ તો હિંદના ઉસ્તાદ છો, નૂર છો. રાજા-મહારાજા હોય તે ફરમાવે; હું તો આ બાળકોની આપનું બીન સાંભળવાની ઇચ્છા પૂરી કરો એટલી જ વિનતિ કરું છું.'

ટાઇડિંગનું શબ કેટલોક વખત પડયું રહ્યું હતું, તેથી તેના શરીરમાં ભૌતિક ફેરફારો થવા લાગ્યા હતા. આને લીધે શબમાંથી તેનાં આંગળાંની છાપ મળી શકી ન હતી.

પરંતુ 'મરજિયાત આંગળાંની છાપ આપનારાઓ'ની સિવિલ ફાઈલમાંથી એ મળી શકી. આથી, એકઠી કરેલી આંગળાંની છાપોમાંથી ટાઇડિંગની છાપો જુદી તારવી શકાઈ. પરિણામે તપાસમાં એટલી ગૂંચવણ ઘટી અને ફક્ત અજાણી છાપો વિષે જ તપાસ કરવાની રહી.

દરમ્યાન કેટલીક નવી વિગતો પણ ઉમેરાવા લાગી. જે બે છોકરાઓએ ટાઇડિંગનું શબ જોયું હતું તેમણે જણાવ્યું કે તેઓએ એક માણસને રાઈફલ સાથે જોયો હતો. તે એમનો પડોશી આર્થર મિલર હતો.

તુરત મિલરની તપાસ ચાલી. તેની પાસેથી ૦.૩૦ મૉડેલ ૯૯ની સૅવેજ રાઈફલ પણ મળી આવી. વળી લોહીના ડાઘાવાળાં મોજાં પણ મળ્યાં. સ્વાભાવિકરીતે જ મિલર ઉપર શક ઉત્પન્ન થયો.

મિલરે બચાવ કર્યો કે પોતે હરણનો શિકાર કર્યો હતો તેને કાપતાં મોજાં પર લોહીના ડાઘા થયા હતા. તેની રાઈફલ અને મોજાં લૅબૉરેટરીમાં મોકલાયાં અને તેની હિલચાલ ઉપર નજર રાખવામાં આવી.

ઝાડના થડ સાથે મોટર ઘસાવવાથી રંગના જે કણ લાગ્યા હતા તેનું લૅબૉરેટરીમાં સ્પેક્ટ્રોગ્રાફની મદદથી પૃથક્કરણ કરી તે પ્રકારનો રંગ વાપરનાર મોટરના કારખાનાની વિગત રેકોર્ડ ઉપરથી મેળવી.

બીજા નિષ્ણાતે ટાયરની છાપની સ્ટાન્ડર્ડ ફાઇલ સાથે મળી આવેલાં ટાયરનાં નિશાનો પણ સરખાવી જોયાં. આ બધી તપાસ પરથી નક્કી થયું કે ઝાડ સાથે ઘસાનાર મોટરગાડી ઘેરા લીલા રંગની અમુક વર્ષની 'પ્લાઈમથ' ગાડી હતી. તુરત આ વિગતોને બ્રોડકાસ્ટ કરી અનેક સ્થળે પોલીસ ખાતાને એવી ગાડી વિષે તપાસ કરવાની સૂચના આપવામાં આવી. અને એક સ્થળેથી એવી એક ગાડી મળી પણ ખરી. તેનાં ટાયર સાથે ગુનાના સ્થળેથી મળી આવેલા ટાયરનાં નિશાન પણ મળતાં હતાં. તેનાં ટાયરોનો ઘસારો ગુનાના સ્થળેથી મળી આવેલાં નિશાનોમાં જણાતાં ટાયરના માપને મળતો જ હતો.

હવે એ મોટરકારની પણ પૂરી તપાસ ચાલી. તેની અંદરના ખાનામાંથી લિપસ્ટિકના ડાઘવાળો એક રૂમાલ મળી આવ્યો, તેમજ પાછલી સીટ પરથી એક વાળ, તથા ચોકડીવાળું ખમીસ પણ મળી આવ્યાં. લૅબૉરેટરીમાં એની પણ તપાસ ચાલી. ગુનાના સ્થળેથી મળી આવેલા તાંતણાના અને આ ખમીસમાંથી કાપેલા તાંતણાનાં વણાટકામની તથા તેના વળની દિશા વગેરેની સરખામણી કરવામાં આવી.

રૂમાલ ઉપરના લિપસ્ટિકના ડાઘનું પણ પૃથક્કરણ થયું અને કઈ કંપની એવી લિપસ્ટિક બનાવે છે તે જાણી લઈ, તેના વિતરકો મારફત આગળ તપાસ ચાલી. હવે તેઓ એમના લક્ષ્યની નજીક આવતા જતા હતા. જ્યાંથી શબ મળેલું એ કૅબિનની નજીકના ગામડાની કોઈ દુકાનમાંથી તે ખરીદાએલી. એફ. બી. આઈ.ના અમલદારોએ એ ગામડાની એવી બધી દુકાનોમાં તપાસ કરવા માંડી. આ કામ ઘણું કંટાળાભરેલું હતું. દરેક દુકાનના ગ્રાહકો સાથે તેઓ ન જાણે તેમ વાતો કરવાની હતી.

આ ગ્રાહકોમાં નજીકની કોઈ લૉજની એક વેઈટ્રેસ એડના બેન્સન હતી. તેને પ્રશ્ન પૂછતાં તે જરા સાવધ રહેતી જણાઈ, એટલે છેવટે તેને ટાઇડિંગના અપહરણ બાબત ખુલ્લેખુલ્લું પૂછયું. તે ગભરાઈ ગઈ અને તેના જવાબો વિરોધાભાસી અને ગલ્લાંતલ્લાંવાળા મળ્યા. છેવટે અમલદારે જતાં જતાં તેના માથા ઉપરથી સિફતથી એક વાળ ખેંચી લીધો. તેની ઉપર ચાંપતી નજર રાખવાની પણ ગોઠવણ થઈ ગઈ. મોટરમાંથી મળી આવેલો વાળ અને એડના બેન્સનના માથાનો વાળ એક જ સરખા હતા એની પણ પ્રયોગશાળામાં ખાતરી કરી લેવાઈ.

દરમ્યાન ઊંડી તપાસમાં એ પણ જણાઇ ગયું કે આર્થર મિલરનો બચાવ ખરો હતો. તેનાં મોજાં પરના લોહીના ડાઘ માણસના લોહીના ન હોવાનું પ્રયોગશાળામાં સાબિત થયું. એ પણ સાબિત થયું કે પેલી ગોળી મિલરની જ રાઈફલમાંથી છોડવામાં નહોતી આવી.

અહીં એ યાદ આપવું જરૂરી છે કે મિલરને બે જીવંત સાક્ષીઓએ એ ગુનાના સ્થળ નજીક રાઈફલ સાથે જોયો હતો. તેણે તેવું જ ખમીસ પહેર્યું હતું, તેનાં મોજાં પર લોહીના ડાઘ પણ હતા અને રાઈફલ ૦.૩૦ કૅલિબરની હતી. છતાં પ્રયોગશાળામાં આ અચેતન સાક્ષીઓએ તેને નિર્દોષ સાબિત કર્યો. તેનો અફર બચાવ કર્યો. બીજી બાજુ એ જ અચેતન સાક્ષીઓ—મોટરમાંથી મળેલા રૂમાલ પરનો લિપસ્ટિકનો ડાઘ, ઝાડના થડ સાથે ઘસાએલી મોટરના રંગના કણો, મોટરમાંથી મળેલો વાળ વગેરેએ જે સાબિતી તરફ નિર્દેશ કર્યો તેની વિગતો જાણ્યા પછી એફ. બી. આઈ.ના અમલદારોની પ્રશ્નાવલિ સામે એડના બેન્સન ટકી શકે તેમ નહોતું જ, અને આખરે એણે કબૂલાત આપી કે તેના મિત્ર જ્યૉર્જ ફૉસ્ટર ને સ્ટીવ મૅસને ટાઇડિંગને જબરદસ્તીથી કારમાં બેસાડયો ત્યારે પોતે કારમાં જ હતી. એ કબૂલાતના લખાણ નીચે એની સહી લેવાઈ. એણે પેલા બન્નેનું છૂપું રહેઠાણ પણ બતાવ્યું.

અમલદારોએ એમના સ્થાનની આજુબાજુ ઘેરો ઘાલ્યો, કારણ કે તેમાંનો એક ખૂની હતો અને કદાચ તે શસ્ત્રસજ્જ પણ હોઈ શકે; એટલે પૂરતી તકેદારી લઈ અચાનક છાપો મારી બંનેને પકડી લીધા. તેમના રૂમમાંથી જોડા મળી આવ્યા. તેના ઉપર સુકાએલો કાદવ ચોંટેલો હતો. એ છેલ્લા પુરાવાને પણ લૅબૉરેટરીમાં મોકલી આપવામાં આવ્યો. ત્યાં ગુનાના સ્થળેથી મળી આવેલી બૂટની એડીની છાપ સાથે સરખાવી ખાતરી કરી લીધી કે એ છાપ આ બૂટની જ હતી. વધારે ચોકસાઇ કરવા મળી આવેલા જોડા પરથી થોડી માટી ઉખેડી ગુનાના સ્થળેથી લાવેલી માટી સાથે ખનિજ-રાસાયણિક પ્રયોગોથી સરખાવી નક્કી કર્યું કે આ જોડા પહેરનાર ગુનો કરવાના સ્થળે ગયો જ હતો.

આટલા બધા પુરાવાઓ સામે હવે ફૉસ્ટર અને મૅસન ટકી ન શકયા. તેમણે કબૂલાત આપી કે 'મૅસન કૅબિનનું રક્ષણ કરતો હતો ત્યારે ટાઇડિંગે નાસવાનો પ્રયત્ન કરેલો. ફૉસ્ટર ત્યારે એડના બેન્સન સાથે હતો. તે જ્યારે આવ્યો ત્યારે એણે જોયું કે મૅસને ટાઇડિંગને નાસી જતો અટકાવવા ગોળી મારી હતી. બન્નેએ રાઇફલને નજીકમાં સંતાડી દીધી, એટલું જ નહિ, તેમણે તે જગ્યાએ કાંઈ રહી ન જાય તેની ચોકસાઈ પણ કરી ને પછી ટાઇડિંગને ખુરશીમાં ગોઠવી મોટરમાં બેસી નાસી ગયા. પછી ભય લાગતાં તેઓએ મોટર પણ છોડી દીધી અને ટાઇડિંગનો કેસ પતે નહિ અગર શાંત ન પડે ત્યાં સુધી સંતાઈ રહેવાનું નક્કી કર્યું.' આ છતાં લૅબૉરેટરીએ છેલ્લા અચેતન સાક્ષીને પણ ચકાસી લીધો. તેઓએ ગુનેગારોના જણાવ્યા પ્રમાણે મૅસનની રાઈફલ શોધી કાઢી અને તેમાંથી છોડેલી ગોળી ઉપરના, એ રાઈફલની નળી ઉપરના તથા ગુનાના સ્થળેથી મળી આવેલી ગોળી ઉપરના ઘસારા માઇક્રો ફોટોગ્રાફીની મદદથી સરખાવ્યા. અને સાબિત થયું કે મૅસનની રાઇફલ વડે જ ટાઇડિંગ મર્યો હતો.

આમ, જડ પુરાવા-અચેતન સાક્ષીઓ-ની મદદથી ટાઇડિંગનો કેસ પૂરો થયો. ગુનાશોધનનું પ્રથમ અને મુખ્ય પગથિયું છે સ્થૂળ પુરાવા એકઠા કરવાનું, એને સાચવવાનું, ને તેના ઉપરથી મળેલી માહિતીઓનો થએલા ગુના સાથેનો સંબંધ બેસાડવાનું. પોતાની પાછળ એક પણ પુરાવો મૂકયા વિના કદી કોઈ ગુનો થતો નથી.

ગુનાશોધનની પ્રયોગશાળામાં થતાં વિવિધ પૃથક્કરણો ને પરીક્ષણો વિષે આપણે આગળ ઉપર જોઈ જઇશું.



બુઢ્ઢા મિયાં દાઢી પસવારતાં હસી પડ્યા. હોકો બાજુ પર મૂકી દીધો: 'છોકરા ! જરા અપના બીન હાજર કર દે.'

અમે બીન પહેલી જ વાર જોયું. સિતાર કરતાં મોટું. બે બાજુ તુંબડાથી જમીન પર સમતોલ રહે. ખાં સાહેબે કોઇ પ્યારા બાળકને ઊંચકે તેમ મમતાથી તેને ઉઠાવી થોડો તાર ઝણકાર્યો. ખીલા ખેંચી મેળ કર્યો ને હળવેથી ડાબા ખભા પર મૂક્યું. સ્વરોનું અનુરણન શરૂ થયું. અદૃશ્ય સત્ત્વો હવામાં ઘુમરીઓ લેતાં હોય તેવું લાગ્યું. અમે ધરતી પરથી ઉચકાયા. ઘેરા નાદ-ગુંજનો માંથી અંતરિક્ષનાં શિખરે-શિખરે કૂદકા માર્યા. હવાની લહેરોમાં તર્યા. એક કલાકે આ સમાધિમાંથી જાગૃત થયા.

માલકોશ, બાગેશ્વરી અને છેવટ ભૈરવી સૂરોની મીઠાશના રેલાએ, મઘમઘતાં ફૂલોની વાડીઓ, સુમધુર સૌરભ પસારતી ગાંધર્વ કન્યાઓ અને ભરપૂર યૌવનની મસ્તી ધરાવતા કિન્નરોની કલ્પનાઓ મનમાં સાક્ષાત્ કરાવી આપી.

ખરેખર, આ સંગીતસમ્રાટ પાસે જે કલાસમૃદ્ધિ હતી તેની આગળ હાથી, ઘોડા, વાહનો અને ગાદીતકિયાની શ્રીમંતાઇ તુચ્છ લાગી. એની કળાને આવરી લેવાનું જ્ઞાન કે ભાષા અમારી પાસે નહોતાં. જીવનની અન્ય સિદ્ધિઓની ક્ષુલ્લકતા અને લોકકીર્તિની પોકળ વિરક્તિ અનુભવતા અમે રાત્રે એક વાગે ઘર ભેગા થયા. હવે મને પ્રતીતિ થઈ કે ભાવનગરના મહારાજાનો સંગીત-શોખ કેટલો તીવ્ર હશે કે ભદ્ર સમાજમાં સંગીતના નામે જ્યારે શૂન્યતા હતી તેવા એ કાળમાં આવા કલાધરોને તેમણે ભાવનગરમાં વસાવ્યા હતા. (ચાલુ)

શતરંજ

અગિયારમા કોયડાનો ઉકેલ

સ્થિતિ: 7R/7p/5p1k/4PkpP/32.

કોયડો: સફેદ રમીને બે ચાલમાં મહાત કરવાનું.

ઉકેલ: 1 P×Pep. K—R4; 2 R×P mate ૩ માર્ક.

સમજણ: શતરંજના કોયડામાં en passantની ચાલ ચાવીની ચાલ તરીકે આવે ત્યારે એ સાબિત કરવું પડે છે કે કાળાની આ પહેલાંની ચાલ પ્યાદાની હતી અને તે બીજી હરોળથી ચોથી હરોળ ઉપર ચાલવામાં આવ્યું હતું. જો આ સાબિત ન થઇ શકે તો P×P ep. રમી શકાય નહિ. (અહીં આપણે એ નોંધી લઇએ કે કોયડામાં કિલ્લેબંધી કરવાની છૂટ હોય છે. અહીં અપવાદ એ કે હાથી કે રાજા ચાલ્યો છે એ પુરવાર થઈ શકે તો કિલ્લેબંધી કરાય નહિ.)

આપેલ સ્થિતિમાં કાળા પાસે બે પ્યાદાં અને રાજા છે તમાંનું એક (RP) તેની મૂળ જગ્યાએ છે તેથી કાળો આ પહેલાંની ચાલમાં તે ચાલ્યો ન જ હોય. હવે પ્રશ્ન આવે છે કાળા રાજાનો ને બીજા પ્યાદાનો.

રાજા જો ચાલ્યો હોય તો ફક્ત N2 ઉપરથી R3 ઉપર ગયો હોય (તે N3 ઉપર ન હોય, કારણકે બે રાજા બાજુબાજુના ખાનામાં આવી શકે નહિ.) હવે અહીં તે શેહમાં છે તેથી સફેદે તેની આગલી ચાલમાં પ્યાદું KB6 ઉપર લાવીને શેહ આપી હોવી જોઇએ. હવે આપણે જોઈએ કે સફેદ પ્યાદું KB6 ઉપર કયા કયા ખાના પરથી આવે. KB5 ઉપરથી સીધું એક પગલું ચાલીને અથવા K5 કે KN5 ઉપરથી KB6 ઉપરના કાળા મહોરાને મારીને. પણ આ ત્રણમાંથી એક પણ ખાનું ખાલી નથી તેથી સફેદ આગલી ચાલમાં પ્યાદું KB6 ઉપર લાવી શક્યો ન હોય. માટે કાળો રાજા N2 ઉપર પણ ન હોઇ શકે. (જો K5 ઉપર સફેદ પ્યાદું ન હોત તો એ સાબિત ન થઈ શક્ત કે છેલ્લી ચાલ કાળા રાજાની નથી.)

હવે કાળાનું બીજું પ્યાદું KN4 ઉપર છે તે જ ચાલ્યું હોવું જોઇએ. એ તો સાબિત થયું. KN4 ઉપર પ્યાદું ચાર જગ્યાએથી આવી શકે. KB3 કે KR4 પરથી KN4 ઉપર સફેદના કોઇ મહોરાને મારીને અથવા KN2 કે KN3 ઉપરથી અનુક્રમે બે કે એક ખાનું ચાલીને. KR3 અને KB3 ખાનાં ખાલી નથી તેથી પ્યાદું ત્યાંથી આવી શક્યું ન હોય. જો તે KN3 ઉપર હોય તો સફેદ રાજાને શેહ આવે. કાળાની ચાલ વખતે સફેદને શેહ ન હોઈ શકે. માટે કાળું પ્યાદું KN2 ઉપરથી જ KN4 ઉપર ચાલ્યું હોવું જોઇએ. છેલ્લી ચાલ KN2-KN4 એ સાબિત થયું, એટલે ચાવીની ચાલ 1 P×Pep શક્ય બને છે.

આ સાબિતી ફક્ત એક જ વાચકે બરાબર બતાવી છે. બાકી અમુક વાચકો કાળાની છેલ્લી ચાલ રાજાની ચાલ શા માટે નથી તે પુરવાર કરી શક્યા નથી.

અમુક વાચકોએ 1 P–B7થી કોયડાનો ઉકેલ બતાવ્યો છે જે ખરું નથી, કારણ કે 1... P–N5; 2 P–B8 (=a) ch પછી કાળો 2... K×P રમીને બીજી ચાલે મહાત બચાવી શકે છે.

જે કોયડામાં આ રીતે આગળની ચાલ વિષે ચર્ચા કરવી પડે તેને Retrograde Analysisવાળા કોયડા કહે છે. F. Amelungએ ૧૮૯૭માં રચેલા આ કોયડામાં બહુ જ થોડાં મ્હોરાં વાપરીને એક સુંદર સ્થિતિ આપી છે.

ઉકેલ મોકલનારનાં નામ ને તેમના માર્ક.

(૧) ડૉ. કે. એમ. ગાંધી, રાધનપુર—૬; (૨) ઈન્દ્રવદન મોદી, ભાવનગર અને (૩) મહેન્દ્ર રાવલ, ભાવનગર—૪ (૪) મહેન્દ્ર મહેતા, ભૂજ; (૫) નિલકંઠ અંતાણી, રાજકોટ અને (૬) ભૂદરભાઈ ચાવડા, વિરમગામ—૩ (૭) ડી. આર મિસ્ત્રી, વલસાડ; (૮) હિમાંશુ વૈદ્ય, જામનગર; (૯) હરેશ દીવાન, મુંબાઈ; (૧૦) દિનકર ભટ્ટ, જસદણ; અને (૧૧) નાથાલાલ સામાણી, ભાયાવદર—૦.

શિક્ષક: મૂર્ખાઓના પ્રશ્નોના જવાબ વિદ્વાનો પણ ન આપી શકે.
વિદ્યાર્થી: હા, સાહેબ, એથી તો હું ગયા વર્ષે નાપાસ થયો!

ચોથી પરીક્ષામાં પણ નાપાસ થતાં એણે બહેનને તાર કર્યો: 'ફરી નાપાસ થયો છું. બાપાને તૈયાર (તૂટી ન પડે એ માટે) રાખજે.' બેને સામો જવાબ પણ મોકલી આપ્યો: 'બાપા તૈયાર જ છે. તું તૈયાર થઇને આવજે!'

ટિકિટસંગ્રહ

પોતાના શહીદોને બિરદાવતી જર્મનીની ટિકિટો
(પ્રેષક : ગિરીશ મોદી અને ઈન્ગ્રિડ વેબર)



નેધરલૅન્ડની ગ્રૉનિન્જન યુનિવર્સિટીની ૩૫૦મી જયંતી નિમિત્તે ગઈ ૧૬મી જૂને બહાર પડેલી ટિકિટો. યુનિવર્સિટીની સંજ્ઞા અને રાજમુકુટનાં એના પર આલેખનો છે.



આ ૫મી ઑગસ્ટે બ્રિટનમાં મળેલી 'બૉટનિકલ કૉંગ્રેસ' પ્રસંગની ચાર રંગની ખાસ ટિકિટો.
(પ્રેષક : રામુભાઈ પટેલ-બર્મિંગહામ.)





દેશને ભયંકર ગર્તા ભણી લઈ જતા નાઝીઓને સત્તાસ્થાનેથી દૂર કરવા કેટલાક દેશભક્તોએ ઈ. ૧૯૪૪ની ૨૦મી જુલાઈએ કરેલા એક નિષ્ફળ પણ પ્રેરક આંદોલનની ૨૦મી જયંતીનિ મિત્તે ફેડરલ જર્મનીએ ઉપર મથાળે આપી છે તે આઠ ટિકિટો બહાર પાડી એ શહીદોને બિરદાવ્યા છે. ડાબી બાજુની બે ટિકિટ ટાંગાનિકા ને ઝાંઝિબારના સંયુક્ત પ્રજાસત્તાકની છે. (પ્રેષક : ધનસુખલાલ મહેતા – ઝાંઝિબાર અને માધવજી ડાહ્યા, ઈરિંગા – ટાંગાનિકા.) નીચે ગઈ ૬ઠ્ઠી જુલાઈએ સ્વતંત્ર બનેલા ન્યાસાલૅન્ડ—હવે મલાવી—ની પ્રથમ ટપાલટિકિટો છે. એના પર ડાબી બાજુથી અનુક્રમે માતા અને બાળક, ચાંબો માછલી, આખલો, મગફળી, માછીમાર, ચાના બગીચા, તુંગ અને ઇમારતી લાકડાંનાં આલેખનો દ્વારા ત્યાંની નિપજ-સમૃદ્ધિનું નિદર્શન કરાવ્યું છે.



નવા સ્વતંત્ર રાષ્ટ્ર મલાવી (ન્યાસાલૅન્ડ)ની ટિકિટો. (પ્રેષક : ચીમનલાલ પી. પટેલ, બ્લૅન્ટાયર, મલાવી.)

પુષ્કરભાઈ ગોકાણી

તેર નંબરની રૂમ

જેમાં ભૂત થતું હતું

ભૂત વિષે કેટલીક અદ્ભુત વાતો પ્રચલિત છે, પણ ઘણી વખત મને તો તેમાંથી માનસિક ભય સિવાય કંઈ મળ્યું નથી. છતાં હું અમદાવાદ ગયો ત્યારે જે જાણ્યું તેનાથી તો ભૂત વિષેની મારી માન્યતાને એક ધક્કો લાગ્યો છે. એ અનુભવ સાંભળ્યા પછી આપને પણ ભૂત વિષેના ખયાલોમાં ફેરફાર કરવો પડશે.

અમદાવાદની હૉટેલ 'અરોરા'ના મુખ્ય ખંડમાં હું જમ્યા પછી ગપ્પાં મારવા, ઓળખાણ વધારવા અને રવિવાર હોઈ સિનેમામાં ટિકિટ નહિ મળે તેમ માની વખત પસાર કરવા દાખલ થયો. એ જ વખતે સામી તરફના બારણેથી, જરાક મેલા અને અસ્તવ્યસ્ત પણ સુંદર સિલાઈવાળાં કપડાં પહેરેલા એક ગૃહસ્થને પણ એ જ ખંડમાં દાખલ થતા મેં જોયા.

હૉટેલના આ ખંડમાં કદી શાંતિ જળવાતી નથી. વાતાવરણમાં સિગારેટનો ધુમાડો પણ વ્યાપી રહ્યો હોય છે; પરંતુ આજે અહીં બધા એક ચિત્તે કંઈ સાંભળી રહ્યા હતા. શ્રી જોપી વાત કરતા હતા. મેં તો વચમાંથી સાંભળ્યું :'...અરવિંદભાઈ, તમે ભૂતમાં નથી માનતા, પણ તમને નથી લાગતું કે આટલું ભણેલીગણેલી મારી બહેન આમ બેભાન થઇ જાય તેની પાછળ કંઇ સબળ કારણ હોવું જોઇએ? વળી, એમ.એ.માં એણે સાઇકૉલૉજી લીધું હતું. તે જ્યારે ભાનમાં આવી ત્યારે કહ્યું કે તેણે ધોળાં કપડાંવાળા એક માણસને રૂમમાં જોયો હતો અને તે તેની નજર સામે જ અદશ્ય થઈ ગયો હતો! જોકે અમે તો તરત એ મકાન બદલી નાખ્યું; પણ આવો અનુભવ ત્યાર પછી ત્યાં રહેવા આવનાર દરેકને થયો હતો. હવે તો એ ભૂતિયા બંગલામાં કોઇ રહેતું જ નથી.'

'વાહિયાત!' અરવિંદભાઇએ સિગારેટનો એક ઊંડો દમ ખેંચતાં કહ્યું : 'મનના વહેમને આમ મોટું સ્વરૂપ આપવાથી તે વધુ વિસ્તરે છે અને સૌને એના ભણકારા વાગ્યા કરે છે. બાકી ખરેખર ભૂતનું અસ્તિત્વ હોય તો આજનું વિજ્ઞાન તેને શોધી ન શકે એ બને ખરું? પણ નબળાં મનવાળાઓ આ રીતે પોતાના મનના ખયાલોને બહેકાવીને એક ખોટો ભય ઊભો કરે છે.'

'મારી વાત સાંભળશો?' મારી સાથે જ ખંડમાં દાખલ થએલા પેલા અપરિચિત સજ્જન બોલ્યા : 'મારું નામ ગૌતમ દલાલ. હું આજ સાંજે જ અહીં આવ્યો છું. અહીં તમારી આ ચર્ચા સાંભળી મને થાય છે કે હું પણ મારા અનુભવની એક વાત કહું. એ સાંભળ્યા પછી, મિસ્ટર અરવિંદભાઈ, તમારી માન્યતામાં ફેરફાર કરવો પડશે.' તેણે જાણે કંઈક સત્તાથી કહ્યું. સૌ તેને સાંભળવાને આતુર બની ગયા.

'બે એક મહિના પહેલાં હું અહીં આવ્યો હતો. સ્ટેશન ઉપર જ મને મારો મિત્ર મોહન મળી ગયો. તેનો નંખાઇ ગએલો ચહેરો જોઈ મેં તેનું કારણ પૂછ્યું. તે કહે : ''તને ખબર નથી? મારા ભાઇ સુંદરે આપઘાત કર્યો. તે પછીથી અમારું કુટુંબ આખું પરેશાન થઇ ગયું છે.'' મેં પૂછ્યું : 'કેમ, સુંદરને શા માટે આમ કરવું પડ્યું?' મોહન કહે : ''આમ તો સુંદર જ્યારે અમદાવાદ આવતો ત્યારે ઘેર જ રહેતો, પણ આ વખતે એ પેલી ગોઝારી હૉટેલમાં ઊતર્યો. ઘેર બાપાજી ટકટક કરે એ એને ગમતું નહિ તેથી હશે. બાપાજીની ઇચ્છા કે સુંદર આટલું કમાય છે, ઘરમાં પણ ઠીક મદદ કરે છે તો હવે તેણે પરણી લેવું જોઇએ. પણ સુંદરનો હાલ એવો વિચાર હતો જ નહિ ને બાપાજી એ માટે એનો જીવ ખાતા હતા. ખેર, પણ બાપાજી હવે ખૂબ પસ્તાય છે. દીકરા જેવો દીકરો ખોયો, વસ્તારી ઘરને મળતો મોટો આર્થિક ટેકો પણ ગયો, અને એમાં પોતાનો દુરાગ્રહ જ કારણભૂત હતો એમ હવે તેઓને લાગે છે ને બહુ રંજ કર્યા કરે છે.'' પછી મોહને એ હૉટેલ વિષે વાતો કરી. હૉટેલનું નામ તો હું તમને નહિ આપું, પણ બાકીની વિગતો કહું. એક તો સુંદર જે રૂમમાં ઊતર્યો હતો એનો નંબર તેર હતો. તમે જાણતા હશો કે ઘણાને આ આંકડા માટે પણ વહેમ હોય છે. હૉટેલ અમદાવાદમાં ઘણી આગળપડતી ગણાય છે. તેમાં યે તેનો તેર નંબરનો આ રૂમ તો સૌથી સરસ છે. બે તરફ બારીઓ, નીચે મોટો ચોક ને ત્યાં પાંચ રસ્તા ભેગા થાય છે. ખંડમાં પ્રવેશતાં સામે બારીઓ વચ્ચે મોટો કબાટ. કબાટની સામે મોટું સુંદર ડ્રેસિંગ ટેબલ, ફ્લોર ઉપર ગાલીચો, સારું ફર્નિચર, ભીંત પર ૧૮૫૭ના બળવાનું મોટું પેઇન્ટિંગ, બાથરૂમ-લૅટ્રીનની સગવડ ને વળી બાજુના બાર નંબરના રૂમ સાથે જોડતું બારણું. મોટું ફૅમિલી હોય તો બાર-તેર નંબરના એ બંને રૂમ રાખી લે તો કેટલી બધી સગવડ થઈ જાય! દીવાલ પણ પ્લાસ્ટિક ઇમલ્શન પેઈન્ટથી ગુલાબની પાંખડી જેવા રંગે રંગેલી. આવા ખુશનુમા વાતાવરણવાળા રૂમમાં, કોણ જાણે કેમ, સુંદરે આપઘાત કર્યો. સવારે હૉટેલના છોકરાએ આવીને જોયું તો બ્રેડ કાપવાની છરી વડે સુંદરે પોતાનું ગળું કાપી નાખેલું ને લોહીના ખાબોચિયામાં મરેલો પડેલો!'

બધાને કંપારી આવી ગઈ. ગૌતમે હવે પોતાની વાત માટે પ્રતીતિ મેળવી લીધી હતી. તે બોલ્યો : 'સુંદરના આપઘાત પાછળ આર્થિક, કૌટુંબિક કે સામાજિક એવું કોઈ કારણ નહોતું. એની કૅરૅક્ટર પણ સાફ હતી. કોઈ અસાધ્ય રોગની પીડા પણ નહોતી. વડોદરામાં કાપડની એની મોટી દુકાન હતી. અમદાવાદ એ અવારનવાર માલ ખરીદવા આવતો. વળી એનું બાકીનું કુટુંબ પણ અહીં જ રહેતું હતું. મોહને મને કહેલું કે આવી જ રીતે એ જ રૂમમાં અગાઉ પણ બે જણે આપઘાત કરેલો. હવે તો અહીંના લોકોને આની પાછળ કોઇ ભૂતનો જ વહેમ પેઠો છે. તે પછી હું ને મોહન તો છૂટા પડ્યા. ધંધાર્થે મારે અવારનવાર અમદાવાદ આવવાનું થાય છે ને આસપાસ પણ રખડવું પડે છે એટલે હું પણ હૉટેલમાં જ ઊતરું છું. મોહનની વાત પરથી મેં જોયું કે એણે જે હૉટેલનું વર્ણન કરેલું એ તો જેમાં હું ઊતરું છું એ જ હૉટેલ હતી! મેં તો મારી ઑફિસને તથા સંબંધીઓને મારું કાયમનું સરનામું પણ એ હૉટેલનું જ આપી રાખ્યું હતું. એટલે આ વખતે પણ હું ગયો તો એ જ હૉટેલમાં, પણ મારું મન કંઇક બેચેન જેવું બની ગયું હતું. ઓછામાં પૂરું આ વેળા તેર નંબર સિવાય બીજી કોઇ રૂમ ખાલી નહોતી, એટલે કચવાતે જીવે પણ મારે એ સ્વીકારી લેવી પડી. રૂમમાં દાખલ થયો. વારંવાર વિનાકારણ મારી નજર ત્યાંના પેલા ચિત્ર તરફ જતી હતી. જો કે ચિત્રમાં બિહામણું એવું કંઈ નથી છતાં ચિત્રમાંના બળવાખોરો જાણે મારી જ સામે હથિયાર ઉઠાવતા હોય એવી ભયની લાગણી મને થતી હતી. દરેક

કથકલી કલાકાર કનક રેળે

કલાવંતો

પરિચયકાર
સુનીલ કોઠારી



ઈ. ૧૯૫૦ના એક રવિવારની સાંજે માટુંગા (મુંબાઈ) કેરળીય સમાજના ઉત્સવમાં એક બાલિકાએ રજૂ કરેલી નૃત્યની કેટલીક ‘આઇટેમની’ નોંધ લેતાં ‘ફ્રી પ્રેસ જર્નલે’ નોંધેલું: ‘કાર્યક્રમ દરમિયાન કુમારી કનકમ્‌નું કથકલી નૃત્ય એટલું સુંદર હતું કે નૃત્યજ્ઞ વર્ગે એ બાલ કલાકારને સતત તાળીઓથી વધાવી લીધી હતી.’

૧૯૬૧ની ચોથી ઑગસ્ટે ભારતીય વિદ્યાભવનમાં રજૂ થએલા એના કાર્યક્રમની નોંધ લેતાં ‘ટાઈમ્સ ઑવ ઇન્ડિયા’નાં નૃત્યસમીક્ષક શ્રીમતી રીતા ચૅટર્જીએ લખેલું: ‘નૃત્યનાટિકાઓ (બૅલે) તેમજ એકમ-નર્તન (સોલો ડાન્સ) બન્નેમાં ભાગ્યે જ કોઈ કલાકાર આવી અપૂર્વ સિદ્ધિ દાખવી શકે છે; કેમકે બન્ને પ્રકારો મૂળગત રીતે ભિન્ન હોવા ઉપરાંત ‘બૅલે’માં વ્યક્તિતાનો લોપ કરી સમગ્ર કલાકૃતિમાં તદ્રૂપ થઈ નૃત્ય-નાટિકાને વેગ આપવાનો હોય છે. એકમ નર્તનમાં, નૃત્ય-નાટિકામાં મળતી સહાય વિના માત્ર વ્યક્તિગત રીતે કલાકારે બધી શક્તિ રેડી પોતાની કલા સિદ્ધ કરવાની હોય છે. શ્રીમતી કનક રેળેએ બંનેમાં પોતાની યોગ્યતા પુરવાર કરી છે.’

આ બન્ને અવતરણોની વચ્ચે પૂરાં અગિયાર વર્ષની તપશ્ચર્યા ને તિતિક્ષાનો ઇતિહાસ રહેલો છે. શ્રીમતી કનક રેળે (પૂર્વે કુમારી કનક દીવેચા) હિંદનાં અલ્પ-ધન પ્રથમ હરોળનાં નૃત્યકલાકારોમાંનાં એક તરુણ કલાકાર છે; અને તેમાં યે અલ્પ-પ્રસિદ્ધ અને વિરલ કથકલી સ્ત્રી-કલાકારોમાં તેમનું સ્થાન મહત્ત્વનું છે. ગુજરાતી નૃત્યાંગનાઓમાં તો ઘણી જ ઓછી કલાકારો કથકલી પ્રકારમાં પારંગત હશે. મૂળે તો એ પ્રકારનું શિક્ષણ સ્ત્રીઓને આપવાનો નિષેધ હતો પણ કથકલી નૃત્યના પુનરુદ્ધારક મહાકવિ વળ્ળત્તોળના ભગીરથ પ્રયત્નોને લઈને જ્યારે આ કલાપ્રકારની પુનઃ પ્રતિષ્ઠા થઈ ત્યારે સ્ત્રી-ભૂમિકા સ્ત્રી-કલાકારો લે તે સામે આ ક્રાન્તદર્શી કવિને કશો વિરોધ રહ્યો નહિ.



ભરતનાટ્યમ પ્રકારમાં પ્રથમ રજૂ કરતાં કનક રેળે

પાંચ વર્ષની નાની ઉમ્મરે જ કનકે અધિકારી ગુરુઓ પાસે કથકલી શીખવું શરૂ કર્યું. સતત નવ વર્ષ શ્રી કરુણાકર પણિક્કર પાસે શિક્ષણ લીધા પછી તેમના જ શિષ્ય (અને જમાઈ) જાણીતા કલાકાર શ્રી રાઘવન્ નાયર પાસે વધુ અભ્યાસ કર્યો. ને હજી યે તેમની નૃત્ય-સાધના ચાલુ જ રહી છે. આમ ગુરુશિષ્ય પરંપરામાં ઊછરેલા કલાકારો પાસે ઉત્તમ શિક્ષણ પામેલાં કનકનાં નૃત્યોમાં શાસ્ત્રીયતા ને પરંપરાગત પ્રકારની સ્વચ્છતા તથા શુદ્ધિ પૂર્ણપણે જળવાએલાં જોવા મળે છે.

‘કુમાર’ના વાચકોને પરિચિત સ્વર્ગસ્થ કલાકાર શ્રી મધુકર શેઠ (જુઓ અંક ૪૨૬)ના તેઓ ભાણેજ છે, અને બાલ્ય વયમાં જ પિતાનું છત્ર જતાં માતાના મમતા અને કાળજીભર્યા ઉછેર સાથે એ કલાકાર મામાની પણ કાળજી ભળતાં કુમારી કનકની સુપ્ત કલાઓનો યોગ્ય રીતે વિકાસ થવા લાગ્યો. નૃત્યના ઊંડા જાણકાર તેમજ અનેક નૃત્ય-નાટિકાઓના નિર્માતા ને દિગ્દર્શક શ્રી યોગેન્દ્ર દેસાઈ એ કુટુંબના નિકટના મિત્ર હતા. કુમારી કનકને એમણે પોતાની નૃત્ય-નાટિકાઓ માટે ઝડપ્યાં. એમના ‘રા’ માંડલિક’માં નરસૈયાની ભૂમિકામાં કુમારી કનકે ૧૯૫૨માં પોતાની નૃત્ય-કલાકાર તરીકેની યોગ્યતા પુરવાર કરી આપી અને ત્યાર પછી શ્રી યોગેન્દ્ર દેસાઈની નૃત્ય-નાટિકાઓમાં સતત પ્રમુખ ભૂમિકાઓ ભજવી તેઓ વધુ જાણીતાં થયાં છે.

‘રા’માંડલિક’ માં ભૂમિકા ભજવી ત્યારથી એમણે શાસ્ત્રીય કંઠ્ય સંગીત શીખવાનો પણ આરંભ કર્યો, ને પૂરાં ચાર વર્ષ લગી તેની સાધના કરી. ખારની જાણીતી શાળા ‘પીપલ્સ ઓન સ્કૂલ’માંથી મૅટ્રિક થઈ વિલ્સન કૉલેજમાં ઈન્ટરમીડીએટ કરી, ગવર્મેન્ટ લૉ કૉલેજમાં તેઓ કાયદાના વધુ અભ્યાસ માટે જોડાયાં. વિલ્સન કૉલેજમાં હતાં ત્યારે

વાગ્યે ગાડી જતી હોઈ કદાચ કોઇ રૂમ ખાલી થશે તો ત્યાં બદલો લેવાશે એવું વિચારી હું જમ્યા પછી એ રૂમમાં પાછો આવ્યો. હજી તો સાડા આઠ થયા હતા. સવારના મને વહેલા જગાડવાની નોકરને સૂચના આપી રાખી હતી. બત્તી બળતી જ રાખી હું પલંગ પર આડો પડ્યો. મોહને કરેલી વાત મગજમાંથી હજી ખસતી નહોતી.

'એટલે ઊંઘ તો શાની આવે?' અરવિંદભાઇએ પૂછ્યું.

'તમે નહિ માનો,' ગૌતમે કહ્યું: 'પણ મને ક્યારે ઊંઘ આવી ગઇ એનો ખયાલ જ ન રહ્યો. બત્તી ઠારવા પણ ઊઠ્યો નહોતો. રાતમાં એકાએક મારી આંખ ઊઘડી ગઇ. કોઈ બારણું ઠોકતું હોય એમ લાગ્યું. રૂમમાં બધે અંધારું હતું. હું નવાઈ પામ્યો. મને બરાબર યાદ હતું કે મેં પોતે તો બત્તી ઠારી નહોતી જ. ત્યાં બહારથી અવાજ આવ્યો: "સાહેબ, છ વાગી ગયા છે. તમારે વહેલી બસમાં જવાનું છે ને!" મને શાંતિ થઇ. બત્તી કરી મેં બારણું ઉઘાડ્યું. બહાર જોયું તો બધું સૂમસામ હતું. ખાસ કોઈ જાગ્યું જણાતું નહોતું. શિયાળાની રાત લાંબી ખરી– ને, એથી એમ લાગતું હશે એમ માની હું બાથરૂમમાં ગયો. બ્રશ કરી, હાથમોં ધોઈ પરવારી બહાર આવીને જોયું તો ટેબલ પર ચા અને બ્રેડ વગેરે પણ આવી ગયાં હતાં! નોકર એ ક્યારે મૂકી ગયો એની ખબર જ પડી નહિ. સાથે બ્રેડ કાપવા એક મોટી છરી પણ હતી.

કપડાં પહેરી હું નાસ્તો કરવા બેઠો. છરી હાથમાં લેતાં જ સુંદરની વાત યાદ આવી ગઈ ને હું ધ્રૂજી ઊઠ્યો. બહાર બધું સૂમસામ જણાતું હતું. ચાની કીટલી ને ગરણી લેવા-મૂકવાનો અવાજ પણ બહુ મોટો લાગતો હતો. એકાએક મને વહેમ આવ્યો કે રૂમમાં કંઈ સંચાર થાય છે! મારી નજર સામે ડ્રેસિંગ ટેબલના અરીસામાં પડી. એમાં પેલા મારી પાછળના મોટા કબાટનું પ્રતિબિંબ દેખાતું હતું. મેં જોયું કે ધીરે ધીરે તેનું બારણું ઊઘડી રહ્યું હતું. હું તો દિંગ્મૂઢ બની ગયો! થોડી વારમાં તો કબાટનું બારણું ખૂલી ગયું ને એક ભયાનક માણસને મેં એમાંથી નીકળતો જોયો. એની ખૂનતરસી ભયંકર આંખો જોતાં તો હું પરસેવે રેબઝેબ થઈ ગયો. મારા હાથમાંથી છરી ક્યારે પડી ગઈ એનું યે મને ભાન રહ્યું નહિ. પેલો માણસ તો મારી તરફ આવતો જણાયો એટલે એકાએક હું ઊભો થઇ ભાગ્યો ને સામેના ડ્રેસિંગ ટેબલ સાથે અથડાયો. મેં પાછળ નજર કરી તો ત્યાં કોઈ નહોતું. કબાટનું બારણું હજી યે એમને એમ ખુલ્લું પડયું હતું. હું હાંફી રહ્યો હતો. ત્યાં બહાર ટાવરના ટકોરા સંભળાયા. ત્રણ જ ટકોરા પડ્યા. મેં ટેબલ પર મૂકેલી મારી કાંડા-ઘડિયાળ લઇને જોયું તો એમાં પણ ત્રણ જ વાગ્યા હતા! ત્યારે છ વાગ્યાનું કહી મને કોણે જગાડ્યો? બત્તી કોણે બંધ કરી? કબાટનું બારણું કઈ રીતે ખુલ્યું? નાસ્તો કોણ મૂકી ગયું? આ એકે પ્રશ્નનો મારી પાસે જવાબ નહોતો. હૃદયના ધબકારા મારા મગજમાં જાણે હથોડા ઠોકાતા હોય એવા લાગતા હતા. આખું શરીર થરથર કંપતું હતું. ઊંઘ તો હવે આવે જ શાની? દીવાલ પરના ચિત્રતરફ મારી નજર ગઈ એ જોતાં યે મને બીક લાગવા માંડી...'

અને ગૌતમ શ્વાસ લેવા થંભ્યો ત્યાં અરવિંદભાઈ બોલ્યા: 'તમે ભલે એ હૉટેલનું નામ ન કહો પણ તમે આ અરોરા હૉટેલની જ વાત કરો છો. હું જ એ તેર નંબરની રૂમમાં આજે સવારે ઊતર્યો છું. તમે કહો છો એવું ચિત્ર, એવું જ ફર્નિચર વગેરે બધું ત્યાં છે. મને લાગે છે કે મોહનભાઇની વાત તમારા મગજમાં ઘૂમ્યા કરતી હશે અને એમાંથી તમને કદાચ કંઈ ભ્રમ થયો હશે.'

'તમે જાણી ગયા તો–' ગૌતમ બોલ્યો 'હું તમને કહું કે આ જ એ હૉટેલ છે અને તમારી એ તેર નંબરની રૂમની જ આ વાત છે.'

હજી બધા ચૂપ જ હતા ત્યાં અરવિંદભાઈ ઊઠ્યા: 'કોઇને ચા પીવી છે?' ને પછી જવાબની રાહ જોયા વિના જ 'હું જરા પી આવું' કહી ઊપડી ગયા. બધા અંદરોઅંદર વાતો કરવા લાગ્યા. જોષી બોલ્યા: 'ભલે ડંફાશ મારતો હોય, પણ ભાયડો પોતાની રૂમ બદલવા જ ગયો છે.'

ગૌતમ સહેજ હસ્યો. ભૂત વિષેની હવે બધાને ખાતરી થઈ ગઈ હતી. ગૌતમનો કિસ્સો સાંભળ્યા બાદ ફરી પાછા સૌ જોષીની વાતને ઉખેળતા હતા. જોષી પણ હવે જોરમાં આવી ગયા. ગૌતમની વાતથી એને ટેકો મળી ગયો. થોડી વારમાં અરવિંદભાઈ આવ્યા.

'ચા તો અત્યારે ન મળી. સોડા પી ને ચલાવ્યું.' તેમણે કહ્યું.

થોડી વારે ગૌતમ બોલ્યો: 'સાહેબો, હવે તો ખાતરી થઇને? કે હજી નથી થઈ? હું જરા કપડાં બદલી આવું. પછી મારી બીજી વાત સાંભળીને હજી તમારે તમારી ભૂત વિષેની માન્યતામાં જબરો ફેરફાર કરવો પડશે, કેમકે મારી વાત સ્વાનુભવની છે.'

તે ગયો. અરવિંદભાઈ બોલ્યા: 'એ ગપ્પું મારે છે. ભૂત જેવી કોઈ વસ્તુ દુનિયામાં નથી. હું હજી માનતો નથી. જો બીજા મર્યા તો પછી ગૌતમ પોતે કેમ જીવતો રહ્યો?'

અરવિંદભાઇની વાત પણ જાણવા જેવી તો ખરી જ. વળી ચર્ચા ચાલી ને ઘોંઘાટ મચી ગયો. ચર્ચા ઉગ્ર રૂપ લેવા માંડી ત્યાં ગૌતમ કપડાં બદલીને આવ્યો, એટલે સૌ તેને જ પૂછવા લાગ્યા: તે દિવસે 'તમે કેમ બચી ગયા? તમને છરીનો ઘસરકો યે કેમ ન પડ્યો?'

'કારણ કે સુંદરની તથા અગાઉના બીજા બનાવોની વાત જાણ્યા પછી મને લાગેલું કે ભૂતના ખયાલથી ત્યાં ઊતરનાર માણસ હાથમાં બ્રેડ કાપવાની છરી સાથે જ નાસતો હશે, ને મારી માફક ટેબલ સાથે અથડાતો હશે ને એ અકસ્માતમાં છરી કદાચ તેને વાગી જતી હશે. પણ ભૂતને જોતાં જ મારા હાથમાંથી તો છરી જ પડી ગઈ હતી.'

આખરે અરવિંદભાઇએ કહ્યું: 'હજી હું સમજી શકતો નથી કે એમ છરી કઈ રીતે વાગી બેસે. ખેર, ગમે તેમ, પણ મનનાં વમળો ભારે હોય છે. મેં પણ ૧૩ નંબરનો રૂમ હમણાં જઇને બદલી નાખ્યો છે!' આ સાંભળી બધા હસી પડ્યા. પણ છતાં સૌને હમદર્દી તો હતી જ. અને અરવિંદભાઈની જગ્યાએ હોત તો એ સૌ પણ એમ જ કરત.

'હા, મને એની ખબર છે.' ગૌતમ બોલ્યો અને ઉમેર્યું: 'કેમકે હું પણ હમણાં જઇને મારો સામાન તેર નંબરની રૂમમાં ફેરવી આવ્યો!'

સૌ એના પ્રત્યે આશ્ચર્ય અને પ્રશંસાથી જોઇ રહ્યા. તેણે આગળ ચલાવ્યું: 'ગભરાશો નહિ, ભૂત તો હવે મને ઓળખે છે ને? તમે કોઇ ભૂતમાં માનતા નહોતા. આ અરવિંદભાઇને પણ પોતાની માન્યતા બદલવી પડી. હવે એક ખુલાસો કરી દઉં કે આખા અમદાવાદમાં આ અરોરા હૉટેલને તેર નંબરની રૂમ જેવી સરસ ને પોસાય એવા ભાડા-વાળી એક પણ રૂમ નથી. હવાઉજાસ, બાથરૂમ, ફર્નિચર વગેરે સાથે મને એ રૂમ એટલી તો ફાવી ગઈ છે કે હું આવું ત્યારે જો કોઇ એમાં ઊતર્યું હોય તો એની પાસેથી એ ખાલી કરાવવા માટે આવી એકાદ વાર્તા જોડી કાઢવી પડે છે. અરવિંદભાઈ તમને થોડી તકલીફ પડી હશે, પણ સૉરી. અચ્છા ગુડનાઈટ!'

અને અરવિંદભાઈ તો આ સાંભળી ગુસ્સાથી ઊભા થઇ ગયા; પણ એ કંઇ બોલે એ પહેલાં તો ગૌતમ સૂવા માટે ચાલ્યો ગયો હતો.

નવી કહેવત: પ્રમુખ ઉદ્‌ઘાટન કરી આપે, કાંઈ ચલાવી ન આપે.

નવી વ્યાખ્યા: પૈસા ખરચનારા જે ભાગ્યે જ વાંચી શકે છે, ને વાંચનારા જેના ભાગ્યે જ પૈસા ખરચે છે=છાપું.

('છોટમ્')

ઝરઝુએલા અને 'હોમેસ ઇ નો'

(રંગગઠરિયાં-૪૮)

લેખક · ચન્દ્રવદન ચી. મહેતા



પેડ્રોલો

માડ્રિડમાં પણ મેટ્રો; ભૂગર્ભમાં રેલવે લંડન-પારી(સ)-સ્ટૉકહોમ જેવી જ, પણ ખખડધસ. સ્ટૉકહોમની રોનકને કોઈ નહિ પહોંચે. ભાષા સમજવી સહેલી, બહુ અટપટી નહિ. અરધા પોણા કલાકમાં પરનારી લઇ ઝરઝુએલા પર પહોંચ્યો, ત્યાં પેડ્રોલો મારી રાહ જોતા ઊભા જ હતા. એમની સાથે હતા મૉરોક્કોના ફર્નાન્ડો આરાબાલ, ત્રીસ વર્ષના જુવાન નાટકકાર. અહીં માડ્રિડમાં ભણેલા. તે પણ મળ્યા. નવો દેશ ને નવું ખાવાનું, નવાં નામો ને નવી ઢબછબ. ખાસ તો ઑલિવ ઑઇલ અને ઠેકઠેકાણે કેસર. પણ એ બધું પછી. નાટકશાળામાં દાખલ થતાં જ મારી આંખની ચમક વધી ગઇ! ઝરઝુએલા કે ઝલઝલા—જેવું નામ તેવું જ થીએટર! અંદરની ગૅલેરી, થાંભલા, ભીંત બધું જ સોનાનું; જાણે સોનાનો રાજમહેલ! અલબત્ત, સોનેરી રંગ, પણ કથીર જેમ કાળો ન પડે એવો ઝગારા મારતો પરદો પણ બાદશાહી. ઘેરા લાલ રંગની મખમલનો, સફાઇબંધ સોનેરી ઝાલરે શોભીતો. હેલસિન્કી, સ્ટૉકહોમ, લંડન, આમ્સ્ટર્ડામ, પારી(સ)ના પ્રેક્ષકવૃન્દને જોયા પછી અહીં વળી કેવીક તરેહના જોવા આવનારા હશે તે તરફ મન વાળું તે પહેલાં પેડ્રોલોએ આરાબાલના નવી ઢબનાં નાટકો વિષે વિવેચના શરૂ કરી.

એ સાંભળતો રહ્યો અને અહીંનો ઠાઠમાઠ હું જોતો રહ્યો. મુલક ઇંગ્લંડ કરતાં જરા વધારે ગરમીનો, એટલે લોકો વધારે વાચાળ. સન્નારીઓના ચોટલા કાળા વાળના, ઠઠેરાબંધ બાંધેલા ને ઘરેણાંથી લથબથ. પ્રજા ગરીબ ખરી, પણ થીએટરની ભારે શોખીન એમાં શક નહિ. બધે જોઉં તો પણ મારું ધ્યાન તો નાટકશાળાની સફાઈ, ચમક અને બાંધણી ઉપરથી ખસતું જ નહોતું. પરદો ઊપડયો અને ત્રણ ભાગમાં વહેંચાએલી રંગભૂમિ નજરે પડી. નાટકનું નામ 'હોમેસ ઈ નો'='માનવ અને નો'—'માનવ અને નહિમાનવ' એમ થાય. નાટક પહેલું બાર્સિલોનામાં ભજવાયા બાદ અહીં આવેલું.

વચમાં એક અ-માનવ બાજુનાં બે પીંજરાંમાં દરેકમાં એકેક વરવહુ ઉપર દેખરેખ રાખતો દેખાય છે. એક જોડી તે ફાબી અને સેલેનાની, બીજી જોડ તે બ્રેટ અને ઇલિયાનાની. શરૂઆતમાં તો



ઝરઝુએલાનું પ્રેક્ષકગૃહ

પાંચે ઊંઘતાં દેખાય છે, પણ જાગ્રત થતાં બંને જોડ પેલા પહેરેગીરની સામે થઈ છૂટવા મથામણ કરે છે. ભારેખમ લોખંડના સળિયા; ફાંફાં પણ નાહકનાં. મિ. નો, એટલે કે અ-માનવ ચારેમાંથી કોઈનાં વલખાંને બર આવવા દેતો જ નથી. મારઝૂડ કે ધીંગામસ્તી નથી, પરંતુ આ કેદખાનાની બહાર જવા સતતની મથામણ તો ચાલુ જ છે. માનવ આજીજી નથી કરતો; અખતરા કરે છે, જહેમત ઉઠાવે છે, રસ્તો ખોળવા મથામણ કરે છે. અને પહેરગીર ફક્ત માનવોની તરકીબો એળે જાય એટલું જ જુએ છે. થાકે એટલે ઊંઘે. બીજી જોડી જાગ્રત રહે તો તે મથામણ કરે. બન્ને સાથે યે મથામણ કરે. બે છેડેથી બે જોડી એકબીજા સાથે ચર્ચા કરી રસ્તો ખોળે. પહેરેગીરે તો ફક્ત સજાગ રહી એમના પ્રયાસો નિષ્ફળ થાય એટલું જ જોવાનું. બંને જોડી આરામ કરે ત્યારે જ પહેરગીર આરામ કરી શકે, નહિતો એણે સતત જાગ્રત રહી, ચોકેલા રહી, મનુષ્યપ્રયત્નોને નિષ્ફળ બનાવવાના કામમાં મંડ્યા રહેવાનું. એમ આખા અંક દરમિયાન વાત કશી આગળ વધતી નથી, એટલું જ કે એક જોડી એક યુક્તિ અજમાવે તો બીજી જોડી નવો દાવ અજમાવે, અને એનું પરિણામ શૂન્યમાં આવે.

વિરામ બાદ બીજો અંક શરૂ થયો. બંને નરનારીની જોડીને હવે એકેક સંતાન થયું છે, ફાબી-સેલેનાને ફેડા નામે દીકરો; બ્રેટ-ઇલિયાનાને સોન નામની દીકરી. બંને કિશોર-કિશોરીની વયે પહોંચ્યાં છે અને એકબીજાને જોઇને પ્રેમમાં પણ પડ્યાં છે. આ કિશોર-કિશોરી પણ પોતપોતાનાં બંધનમાંથી માબાપની માફક જ ચારે કોર છૂટવાના રસ્તા શોધે છે. ખૂણામાં ક્યાંક ભીંતમાં બાકોરું, દૂર ક્યાંક ચઢીને પાર ઊતરાય એવો મોકો. માબાપને આશા હતી કે પોતે તો રસ્તો ન શોધી શક્યા, સંતાનો શોધી કાઢશે. પણ બધાં જ ફાંફાં ફોગટ. આખરે કિશોર ફેડા એક ભાગ એવો જુએ છે કે એ ફક્ત કાપડનો પરદો જ હોય એમ એને લાગે છે, એટલે એ ચીરી નાખવા નિશ્ચય કરે છે. ત્યાં પેલો અ-માનવ એને રોકે છે. વીનવે છે કે એવું કંઈ કરી ન બેસતાં; છે એથી વધારે વિકટ પરિસ્થિતિ સર્જાશે. આમ વિમાસણ વધે છે. ચીરી જ નાખવો! થઈથઇને શું થવાનું છે? બહુબહુ તો મોત આવશે, એ જ ને? પણ આ ગૂંગળામણનો છેડો તો આવે!

ફેડાએ પેલાની ના છતાં એ ચીર્યો, તો ત્યાં તો બીજા ત્રણ જાલીમ પહેરગીરો બેઠા છે. એ પેલા અ-માનવ ઉપર પહેરો ભરે છે. ટૂંકમાં પહેરેગીર અ-માનવ જાતે જ કેદમાં છે, સળિયા પાછળ છે,

એની ઉપર દેખરેખ રાખનારા ત્રણ બીજા જ પ્રકારના અ-માનવ-રાક્ષસ જેવા, દૈત્ય જેવા, જીન જેવા, જે કહેવું હોય તે કહો એવા. બસ નાટક પૂરો. ઘેર જાઓ. રસ્તે વિચારતા જાઓ કે માનવ, તું સ્વતંત્રતાની વાતો કરે છે ખરો, પણ જીવનભર તો તું કેદમાં જ છે. બીજા અવતારમાં યે કેદ. વહેમનાં બંધન, સમાજનાં બંધન, જાતિનાં બંધન, પૃથ્વીનાં બંધન, એકાદ જાળિયું તોડે તો પાછળ ત્રણગણાં ખડકાયલાં જ છે. ક્યાં જશે, કેમ કરી તું છૂટશે?

એના એક બીજા નાટકમાં એણે એવું રજૂ કર્યું છે કે એક જણના ઘરમાં ખુરશી છે, ટેબલ છે, ફ્લાવરવાઝ છે; ધણી અણગમતી, નહિ જોઈતી વસ્તુઓ આવી પડી છે. લેખક કહેવા માંગે છે કે માનવ સજાગ ન રહે તો બહારની અગણિત વસ્તુઓ એકાએક આપોઆપ આવીને એની ઉપર હલ્લો કરશે, એને જકડી રાખશે, માયાવી બંધનમાં બાંધી લેશે. એ ધારશે કે અણગમતી વસ્તુઓને ફેંકી દઉં, પણ એ ફેંકી શકશે નહિ. આપણાં ઘરોમાં એમ, સંઘરેલો સાપ પણ કામનો છે એ હિસાબે તો ખાસ, ભરચક ભંગાર-ભંડાર ભર્યે રખાતા આવ્યા છે. એ જ પ્રમાણે સંસારમાં: ગમતું ન ગમતું પણ વળગાડતા ચાલ્યા જઇએ છીએ, માયા વિસ્તારતા જઇએ છીએ. એનું પ્રતિબિંબ આવાં નાટકોમાં પણ જોઇએ છીએ. આર્થર કોપિટ, ગેલ્બર, આલ્બી જેવા નવા લેખકો અમેરિકામાં પણ આવા અખતરા કર્યે જાય છે.

ત્યારે આ નવી જમાત તે કેવી? રાતે પેડ્રોલો સાહેબ સાથે અવનવી અસ્પાનિયા વાનગીઓનું વાળુ કર્યા બાદ છૂટા પડી મધરાતે મારું મગજ પણ ગરગ્રુએલા થીએટરમાં જોએલા અમાનુષી જાલિમ પહેરેગીરના પંજામાં સપડાયલું રહ્યું. આ વિલક્ષણ વિચક્ષણ અતિવિચિત્ર, અક્કલમાં ન ઊતરે એવી ઘટનાઓના સર્જકોનાં લખાણમાં કંઈ મુદ્દોમલીદો ખરો? એનો તાગ કાઢવાના કામની સજા ભોગવતું સજાગ થઇ બેઠું રહ્યું. જમાને જમાને નવો લેખક નવાં ક્ષેત્રો હાથ કરવા મથે છે. વિવેચકોએ આ ફાંટાનાં મૂળ તો છેક ઈ. ૧૯૦૦ની આસપાસથી તારવ્યાં છે. બર્લિનમાં કૅબેરે વોલ્તેરમાં નાના પ્રકારનાં નાટકો ભજવાવા માંડયાં ત્યારથી; ૧૯૩૦ની આસપાસ 'ડાડા' ચાલો શરૂ થયો ત્યારથી. પણ આપણે એના ઈતિહાસમાં ઊંડે નહિ ઊતરીએ; આ તરંગરંગના તાણાવાણા જ તપાસીએ.

આ જમાતે પોતા માટે જાતજાતનાં નામો આપ્યાં છે. કોઇ એને અસંભવની નાટકશાળા કહે છે; તો કોઈ એને ઘાટઘરેડ વિનાની નાટ્યકલા કહે છે, ટૂંકમાં, એ ક્ષેત્રમાં જે પ્રયોગો થઈ રહ્યા છે તે તપાસીએ તો ક્યાંક સર્જક નાટકમાં વસ્તુવિકાસ, પાત્રાલેખન અને સંવાદકલાને પણ ટાઢ્લે મૂકવા મથે છે; ક્યાંક ભાષાને અળગી રાખી કેવળ મૂક અભિનયથી વણાટ બિછાવે છે; ક્યાંક નાટકશાળામાં આઇનેસ્કો કહે છે તેમ સરકસ લાવવાની પણ તરકીબો યોજે છે. રંગભૂમિ કેવળ નટોની નથી, એટલે કે શુદ્ધ નટની ન્યાતની નહિ, પણ એમાં જાદુપ્રયોગો, કરામત, માયાજાળ, ઠઠ્ઠા-મશ્કરી અને કસરત કરવાવાળાઓને પણ પોતાનો અડ્ડો જમાવવાનો હક્ક છે એવું પ્રતિપાદન કરે છે. એટલે એમાં ત્રણ નાકવાળી અને ચાર આંખવાળી નાયિકા, એક કુટુંબમાં બધા એક જ નામવાળા સભ્યો, ઘર માપવાની પટ્ટી તદ્દન કોરી લઇને આવતા ઈજનેરો, ઘરમાં પડેલા મુરદાનો કેવળ એક જ પગ વધતો વધતો બીજા ઓરડામાં પેસી નીકળે એવાં પાત્રો, પૉની ટેઇલ વાળી નાયકણને જોઇ પૉની જ આવીને એની સાથે પ્રેમ કરવા મંડી પડે એવાં માનવ-ખચ્ચરનાં પ્રેમસંવનનો, એવી એવી બુદ્ધિમાં એકાએક ન ઊતરે એવી અને સમય-સાંકળના બંધનથી મુક્ત ઘટનાઓ દશ્યમાન થતી રહે છે. હા, આમાં પણ એમની કોઈ ફિલસૂફી તો તરવરે જ છે. કશું કહેવા ન માગતાં છતાં ઘણુંઘણું કહેવા, સૂચવવા, સંવેદના જાગ્રત કરવા, હચમચાવવા તો મથે જ છે. વળી એ બધાંમાં સસ્પેન્સ ભારોભાર; જીવ તાળવે ચોંટાડવાની કળા તો ખરી જ; પરદો પડે ત્યાં સુધી જીવ અધ્ધર. અને છેવટે પૂરું થતાં, એ શું કહેવા માગે છે, એમાં જીવને બાંધી લેવાની શક્તિ યે પૂરી. એ એમનો કલાકીમિયો.

ચારે કોર ભયંકર અંધકાર છે, જિંદગીનું કશું મૂલ્ય છે જ નહિ, બધાં ફાંફાં છે, ફોગટ વલખાં છે, બધું અર્થ વિનાનું છે, અસાર છે. મોત પછી શું તે ખબર નથી; સુખ જેવું કંઇ છે જ નહિ; સર્જનહારે કોઇ સરખો ઘાટ ઘડ્યો નથી. હવે આ સરજત ઘરડી થઇ ગઈ, એને ભાંગી નાખવાની ઘડી આવી ગઇ. કંઇ નવો ઘાટ બનાવીએ. માટે આ બધું મિથ્યા છે એવું એમનું સરવાળે કહેવાનું થાય છે.

આપણે શું કહ્યું? મિથ્યા? હા, એ જ 'જગત મિથ્યા'ની વાત, સંસાર અસારની કથા કદાચ હવે એમને ભારોભારના જડવાદમાંથી-નીતરતી દેખાતી હશે; તો આવતી કાલે આ મહારથીઓને એમાંથી આ સત્ય શોધવાની ગડમથલમાંથી શું સત્ય છે એ પણ કદાચ સાંપડશે. હા, એમનાં લખાણમાં હાસ્ય છે, ક્રૂર કટાક્ષ છે, ભારોભાર ચાબખા છે, વિચિત્ર ઘટનાઓની રમૂજ પણ છે, સચોટ ઠઠ્ઠો છે. એવું જ વૈચિત્ર્ય આપણે પંચતંત્રમાં નથી જોતા? પણ પંચતંત્રવાળો આપણને ભડકાવતો નથી. રમ્ય હાસ્ય અને મીઠા કટાક્ષથી આપણને રમાડે છે. અહીં ભય, જુગુપ્સા, ધાક, ભ્રમ, નિરાશા, વિચિત્રતાઓ એકઠી કરી બાળમાનસને ભડકાવાય એમ આપણને વામણા બનાવી ગભરાવે છે, મનને ચંચળાવે છે. એમાં પુરાણી મિથ, સ્વપ્નોના ભંગાર, અને કદીક ઉત્તમ પ્રકારની કાવ્યરચનાઓનો પણ સુમેળ જમાવે છે. અને એ જ એક આશાસ્પદ ચિહ્ન છે. ના, લાગે છે એવી તદ્દન અર્થવિહોણી આ નાટકશાળા નથી. પરોઢ થવા આવ્યું, આ નાટક જોવાની મોકાણમાં ઊંઘાયું નહિ, એટલે એ જ જમાતના એક લેખક સિમ્પસનના એક નાટકમાંની પ્રાર્થના કરી, ફરી નીંદરવા મથીએ:

'અમારે જે જાણવું છે એ જાણવા માટે અમને શક્તિ આપો; કારણ શાણા મનુષ્યના મનમાં જે સંચરે છે તે ગાંડા મનુષ્યના મનમાં સંચરતું નથી; અને જાત ઉપર કષ્ટ વહોરનારાઓની સંવેદના એ દારૂડિયાની સંવેદના નથી; સન્નિપાતમાં પ્રલાપ કરનારાના બકવાદો જેવા પ્રેમમાં તરફડનારાના પ્રલાપો નથી; અને વિલક્ષણ બુદ્ધિશાળીના જેવી સામાન્ય માનવીની બુદ્ધિ દોડતી નથી. ગાંડાઓ જેને સત્ય કહે છે એ સમજવાને અમ ડાહ્યાઓની બુદ્ધિને એટલી કે એથી વધારે ભ્રમિત કે વિકસિત કરવાનું જ્ઞાન આપો; એટલે ડાહ્યાઓ એને સત્ય કહી શકે અને જાણે કે એ અસત્ય છે. અને આખરે અમે અમારી જાતને બરાબર ઓળખીએ, અને ઓળખી અમે જે જાણીએ છીએ તે જ અમે જાણીએ. અસ્તુ.'

આનો અર્થ શો? અર્થ એક જ કે જે કૂંડાળામાં એ ગૂંચવાયા છે, એ કૂંડાળામાં ગૂંચવાઈને એ વિચારકો તત્ત્વ શોધતાં તત્ત્વને પામશે. નાટકના પરદા ઊપડયા છે, પણ અંતરના પરદા ઊપડવાની ઘડી આવી રહી છે, એટલે જ પારાવારનો હમણાં અંધકાર છે. સવારે હું જાગ્યો—ના, નાસ્તાનો સમય થઈ ગયો હતો એટલે જૉન ચાઉએ મને જગાડ્યો, અને અમે સાં પાબ્લોના જમવાના ખંડમાં ગયા. (ચાલુ)

યુવાન ક્રિકેટ ખેલાડી શ્રી યતીન રેળેનો પરિચય થયો, જે આગળ જતાં લગ્નમાં પરિણમ્યો. પણ સાધારણ રીતે અનેક કલાકારોની બાબતમાં બને છે તેમ લગ્ન પછી એમની કલાસાધના અટકી નહિ. લગ્ન પછી ઠીક ઠીક વર્ષે ૧૯૬૧માં તેમનો દીક્ષાન્ત નૃત્ય-સમારોહ યોજાયો હતો.

મેં સૌપ્રથમ એમને ૧૯૫૪-'૫૫ દરમિયાન સોથી યે વધુ પ્રયોગ માટે નોંધપાત્ર ઠરેલી નૃત્ય-નાટિકા 'રામ-શબરી'માં સીતાની ભૂમિકામાં જોએલાં. રાવણ જ્યારે સીતાનું અપહરણ કરે છે ત્યારે એની પાછળ ઘસડાતી, સહાય માટે આર્દ્ર સ્વરે પોકાર કરતી, અસહાય દીન નારી સીતાના પાત્રમાં એમનો અભિનય ભારે પ્રભાવિત કરનારો હતો. એ પૂર્વે '૫૪માં ગુજરાતી નૃત્ય-નાટિકા 'સ્વપ્ન-વાસવદત્તા'માં પણ એમણે ભૂમિકા ભજવેલી. ૧૯૫૫માં શ્રી યોગેન્દ્ર દેસાઇની નૃત્ય-નાટિકા 'ગીત-ગોવિંદ'માં પદ્માની ભૂમિકા કરેલી. 'રામ-શબરી'માં શતાધિક વારની સીતાની ભૂમિકાના અનુભવે તો હવે તેઓ શ્વાસ લેવા જેટલી સહજતાથી કોઇ પણ ભૂમિકા ભજવી શકતાં. પદ્માના પાત્રમાં 'યશોદા તારો નંદ દુલારો ભારે થયો ઠગારો રે' પદમાં વિવિધ સંચારીભાવ તેઓ સુંદર રીતે દર્શાવતાં. કૃષ્ણનાં અનેકવિધ તોફાનોનાં વર્ણન કરતી ગોપીની ભૂમિકાનું ભાવાંતર ઘણું હૃદ્ય હતું. ૧૯૫૮–'૫૯ દરમિયાન 'રૂપ-કોશા'માં અને '૬૦માં 'ચિત્રલેખા'માં ભજવેલી પ્રમુખ ભૂમિકાઓમાં પણ તેમના વ્યક્તિત્વે તથા નૃત્યસાધનાએ ઉત્તમ છાપ જમાવેલી; અને '૬૧માં 'સોલો ડાન્સ'થી તો એક જ પ્રયોગે એમણે આગલી હરોળની યુવાન નૃત્યાંગનાઓમાં સ્થાન મેળવી લીધું અત્યાર સુધી નૃત્ય-નાટિકાઓના મર્યાદિત વર્તુળમાં બંધાઈ રહેલી એમની કલા તેના પૂર્ણ વિસ્તૃત રીતે જોવા મળી.

પોતાના 'ભરતનાટ્યમ્'ના 'અરંગેત્રમ્' (દીક્ષાન્ત) કાર્યક્રમ સાથે એમણે જાહેરમાં પ્રથમ વાર સળંગ કથકલી નૃત્યોનો કાર્યક્રમ પણ રજૂ કરેલો. કોઇ પણ નૃત્યાંગના માટે આ બન્ને કલા-પ્રકારો પર પ્રભુત્વ મેળવી તેની નિતાન્ત સુંદર રજૂઆત કરવાનું અતિ કઠિન છે. પ્રકાર, ટેકનિક, રજૂઆત અને અભિનય તેમજ અન્ય અનેક વિગતોમાં આ બંને કલાપ્રકારો ભિન્ન છે. કથકલી જોશીલું, વેગવાન અને અભિનય-પ્રધાન નૃત્ય હોઈ નાટ્યની વધુ નજીક સરે છે; જ્યારે ભરતનાટ્યમ્‌ની વિદ્યુત્ સમ ચપળતા, તરલ ગતિ અને લાલિત્ય આદિ એટલાં તો નોખાં છે કે બાલ્યવયથી કથકલી નૃત્યની દીક્ષા પામેલાં કલાકાર માટે એ પ્રકાર એક આહ્વાનરૂપ થઈ પડે છે. કથકલી નૃત્યની દીક્ષાનાં મૂળ ઊંડાં હોવાથી તેના કલાકાર જ્યારે અન્ય પ્રકારનાં નૃત્યો રજૂ કરે ત્યારે એ બીજા પ્રકારને વેઠવું પડે છે. કનકની બાબતમાં પણ તેવું બન્યું હતું અને એમનાં 'ભરતનાટ્યમ્' કથકલી જેટલાં આહ્લાદક નીવડયાં ન હતાં; પણ 'ભરતનાટ્યમ્' પ્રકારમાં 'પદ'નો પ્રયોગ રજૂ કરતાં 'કૃષ્ણાની બ્રિગને બારો' પદના સંચારીભાવમાં કથકલી નૃત્યના અભિનયના શિક્ષણે તેમની નૃત્યકળાની દક્ષતા પુરવાર કરી આપી હતી.

દ્યૂતમાં સર્વસ્વ હારી બેઠેલા યુધિષ્ઠિર નત મસ્તકે દ્રૌપદીને પણ હોડમાં મૂકે છે અને તેને યે હારી બેસે છે ત્યારે રજસ્વલા દ્રૌપદીને ભરદરબારમાં વેણી પકડી દુ:શાસન ઘસડી લાવી તેનાં વસ્ત્રો હરી, તેની વિડમ્બના કરવા મથે છે. એ વેળા અસહાય દ્રૌપદી જગદોદ્ધારક કૃષ્ણને વિનતિ કરી ધા નાખે છે, અને કૃષ્ણ એને ચીર પૂરાં પાડી એની લાજ રાખે છે. એ પ્રસંગનું વિવિધ સંચારીભાવનું નિરૂપણ એટલું તો હૃદય-સ્પર્શી અને સચોટ હતું કે યુવાન વયે આવી અપ્રતિમ અભિનયશક્તિ દર્શાવવા બદ્દલ એમને ધન્યવાદ આપ્યા વિના ચાલે નહિ. અલબત્ત ભરતનાટ્યમ્‌નો અભિનય કંઈક વધુ સંયત હોય છે; તથાપિ આવો નાટ્યોચિત અભિનય ભાવ-નિરૂપણમાં બાધક ન નીવડતાં ઉપકારક



પૂતનામોક્ષમ્ : કનક રેળેનો કથકલીની લાક્ષણિકતાઓના દ્યોતક અને નિદર્શક અભિનય (ડાબી બાજુથી અનુક્રમે) ૧ અતુલ સૌન્દર્યમંડિત લલનાના છદ્મરૂપમાં ગોકુલ પ્રતિ ગમન કરતી પૂતના. ૨ બાલકૃષ્ણને સ્તનપાન કરાવતી પૂતના. ૩–૪ સ્તનપાન કરતાં બાલકૃષ્ણ પૂતનાના પ્રાણ હરે છે ત્યારે એની મૂળ રાક્ષસી વૃત્તિઓનું પ્રકટીકરણ.

નીવડ્યો હતો અને એમની શક્તિ માટે નિઃસંશય માન પ્રેરે તેવો હતો.


કથકલીમાં 'પુરપ્પાદ', 'સારી', 'પન્થડી' વગેરે પ્રયોગ પછી 'પૂતના-મોક્ષમ્' કથાનક તેમણે રજૂ કરેલું. બાલ કૃષ્ણ સ્તનપાન કરતાં પૂતનાના પ્રાણ હરી લે છે તે પ્રસંગની રજૂઆતમાં તેમનો અભિનય કથકલીની લાક્ષણિકતાઓનો દ્યોતક અને નિદર્શક હતો. આ કલાકારનું નૃત્ત, ભાવાભિનય, રજૂઆત, પોષાક વગેરે બધું જ સંતોષપ્રદ ને ઉચ્ચ કક્ષાનું હતું. પરંપરાનું પાલન અને પરંપરાની મર્યાદામાં રહી નિજની સર્ગશક્તિને બહલાવવાની એમની આવડત માન મુકાવે તેવાં હતાં. વિશેષતઃ આટલી યુવાન વયે ભાવ-નિરૂપણની આટલી પરિપક્વતા, સાહજિકતા અને હૃદયસ્પર્શિતા એમનાં નૃત્યોની વિશિષ્ટતારૂપ બનતાં હતાં. એટલે જ શાસ્ત્રીય નૃત્યોનાં કલાકાર તરીકે અને તેમાં યે કથકલી નૃત્યનાં સ્ત્રી-કલાકાર તરીકેનું એમનું મહત્ત્વ અદકેરું છે.

આ કાર્યક્રમ પછી તરત જ તેઓ તેમના પતિ સાથે વધુ અભ્યાસ માટે લંડન ઊપડી ગયાં. કાયદાનાં સ્નાતક થયા પછી ડૉક્ટરેટની ઉપાધિ માટે શ્રીમતી કનક 'ઇન્ટરનૅશનલ લૉ'માં વધુ 'રિસર્ચ' કરવા માગતાં હતાં. માંચેસ્ટરમાં પ્રોફેસર વર્ટલીના હાથ નીચે એમણે એમનાં 'પેપર્સ' રજૂ કર્યાં. પ્રોફેસર વર્ટલી 'ઇન્ટરનૅશનલ લૉ'ના અધિકારી પ્રાધ્યાપકોમાંના એક છે. તેમણે એ 'પેપર્સ' સ્વીકારી એમને ધન્યવાદ આપી એમની બૌદ્ધિક શક્તિ માટે બિરદાવ્યાં. 'પીએચ. ડી.' માટે તેમણે 'પોઝિશન ઑવ સેક્રેટરી જનરલ ઈન યુનાઇટેડ નૅશન્સ ફ્રૉમ ઈન્ટરનૅશનલ લૉ પોઈન્ટ ઑવ વ્યૂ' વિષય પસંદ કર્યો છે અને તે માટે વધુ સંશોધનારી પ્રવૃત્તિમાં શ્રીમતી કનક વ્યસ્ત છે.

લંડનના નિવાસ દરમિયાન વિન્ડસર, માંચેસ્ટર, સ્ટ્રૅટફર્ડ, શેફિલ્ડ, બર્મિંગહામ વગેરે સ્થળોએ ભરતનાટયમ્ અને કથકલીની તેમણે રજૂઆત કરેલી. પ્રવાસ દરમિયાન ઈસ્ટ આફ્રિકા, નૈરોબી, કમ્પાલા, જિન્જા, મોમ્બાસા વગેરેમાં પણ નૃત્યો રજૂ કરી ભાવકોની પ્રીતિ સંપાદન કરેલી. લંડનના નૃત્યવિષયક સામયિક 'બૅલે ટુ-ડે'એ કથકલી કલાકાર તરીકે તેમની ઘણી પ્રશંસા કરી હતી.

ત્યાં પાશ્ચાત્ય નૃત્યપ્રકારોમાં તેમને 'Fire bird' 'બૅલે' ઘણું પ્રિય લાગેલું અને તે દિશામાં ભારતમાં ચિલ્ડ્રન્સ થીએટરની પ્રવૃત્તિ કોઈ હાથ ધરે એવી ઇચ્છા તેમણે વ્યક્ત કરેલી. ભારતીય કલાકારોમાં 'ભરતનાટયમ્'માં તેમનાં માનીતા પ્રિય કલાકાર બાલાસરસ્વતી છે અને કથકલી પ્રકારમાં શ્રી કુંજુ નાયર. (બન્નેનો પરિચય અનુક્રમે 'કુમાર'ના અંક ૪૨૭ અને ૨૭૦માં આવી ગયો છે.) દક્ષિણ ભારતીય સંગીત તેમને ઘણું પ્રિય છે. વાચન તથા સાહિત્યમાં પણ તે ઊંડો રસ ધરાવે છે. તેમના માનીતા લેખકો છે બર્ટ્રાન્ડ રસેલ ને સ્ટિફન ઝ્વાઈગ.

શ્રીમતી કનક ભારતમાં રજૂ થતી નૃત્ય-નાટિકાઓ વિષે ચોક્કસ મત ધરાવે છે અને પોતાનો લાંબો વર્ષોનો અનુભવ તે માટે સમર્થનમાં તેઓ રજૂ કરે છે. તેમનો નૃત્ય-વિષયક અભિગમ (એપ્રોચ) બૌદ્ધિક રીતે સંતુલિત છે. યુનિવર્સિટીનું શિક્ષણ મેળવી પરદેશી વિદ્યાપીઠમાં ઉચ્ચ અભ્યાસ કરી ચૂકેલાં આ કલાકાર ઘણાં સજાગ છે અને કેવળ પરંપરાના અંધ અનુકરણમાં રાચનાર નથી. બહુ ઓછા કલાકારો બૌદ્ધિક ભૂમિકાએ આવી જાગૃતિ દર્શાવી શકે છે. માતા તરીકે બાળકની પૂરી કાળજી અને ઘરસંસારની ફરજો બજાવવાની સાથેસાથે આવા પરસ્પર વિરોધી વિષયોમાં રસ ધરાવી તેઓ સતત કલા-ઉપાસના કરતાં રહે છે તે બદલ ગુજરાત ગૌરવ લઇ શકે.



શ્રીરંગપટ્ટમમાં ટીપુ સુલતાન અને તેનાં માતાપિતાની આરામગાહ

અંગ્રેજોએ આપણાં શહેરોનાં નામ પણ કેવાં બગાડી મૂક્યાં છે? મથુરાનું મુત્રા, ખંભાતનું કૅમ્બે, વેળૂર (શીતનગર)નું બૅંગલોર અને ભારતની સાત મોક્ષદાયી નદીમાંની એક કાવેરીને તીરે આવેલા આ શ્રીરંગપટ્ટમનું એમણે સેરીંગપટ્ટમ કર્યું છે. એ શ્રીરંગનાથનાં દર્શન કરવા ગયો. ગૌતમના તપથી પ્રસન્ન થઈ સૃષ્ટિની રંગભૂમિના સંચાલક રંગનાથના સ્વરૂપે વિષ્ણુએ એને દર્શન આપ્યાં ને કાવેરીના સખ્યમાં અહીં રહેવા કબૂલ થયા એવી એની કથા છે. મંદિરમાં શેષશાયી વિષ્ણુની પ્રસન્ન વદના મહાકાય મૂર્તિ છે. એ આખી યે મૂર્તિ તરત દેખાતી નથી. મૂર્તિ ઉપરથી ફરીફરીને અનંતની છાયા નીચે હાથ ટેકવી સૂતેલા મગ્ન-સ્વરૂપ તરફ દૃષ્ટિ આવીને અટકે છે, એટલે પગ તરફનાં કાવેરી અને ગૌતમ ભુલાઇ જાય છે.

કાવેરીના બાહુઓથી વીંટાએલું આ શહેર એક નાના ટાપુ ઉપર આવ્યું છે, હૈદર અને ટીપુની રાજધાની તરીકે આપણે એને ઓળખીએ છીએ. એક વખતે એ વિજયનગરના સામ્રાજ્યના પ્રદેશનું વહીવટી મથક હતું. હૈદરઅલી મ્હૈસુરના રાજાઓના લશ્કરમાં હતો. શ્રીરંગપટ્ટમ ઉપર ચડાઈ કરી મરાઠાઓ વારેવારે ખંડણી લઇ જતા તે અટકાવવા મ્હૈસુરના રાજાએ એને સર્વાધિકારી બનાવ્યો. એણે મરાઠાઓને હાંકી કાઢ્યા, પણ એટલો પ્રદેશ પચાવી પાડ્યો. બ્રિટન અને ફ્રાન્સની સાર્વભૌમ સત્તા મેળવવાની હરીફાઈમાં આ બાપદીકરાએ ફ્રેંચોની તરફદારી કરેલી, એટલે બ્રિટન એમનો પરાભવ કરવા આતુર હતું. છેવટે ૧૭૯૯માં ટીપુનો પરાજય થયો.

શહેરથી થોડે દૂર 'દરિયા દૌલત'—ટીપુનું વસંતભવન આવેલું છે. એના થાંભલા, દીવાલ અને છત ઝીણીઝીણી ફૂલબુટ્ટીનાં સુશોભનોથી ભરી દીધાં છે. બીજી દિશા તરફ થોડે દૂર ગુંબજ નામે ઓળખાતી, હૈદર એની પત્ની અને ટીપુની આરામગાહ છે. એમાં ટીપુને એનાં માતપિતાની કબર વચ્ચે સુવાડેલો છે.

મકબરાની સફેદ પથ્થરની દીવાલોને ફરતા ઓટલાના થાંભલા કાળા આરસના છે. સીસમનાં બારણાંમાં હાથીદાંતનું નકશીકામ છે. ઉપરનો ગુંબજ ઈંટનો છે. સરૂની કેડીમાંથી જોતાં આ આરામગાહ કોઇ દૂરના પ્રદેશમાં જવાના રસ્તા પરની સરાઈ જેવી લાગે છે.




પચ્ચીસ વર્ષ પહેલાં

એમની કવિતા અનોખી છટાથી કૅાળતી આવતી હતી ત્યારે સ્વ. હરિશ્ચંદ્ર ભટ્ટે એક નાના પ્રવાસ દ્વારા 'દક્ષિણ ભારતમાં ડોકિયું' કરેલું - આજથી પચ્ચીસ વર્ષ પહેલાંના અંકમાં એમાંના થોડાફકરા બધાં ચિત્રો સાથે જોઇએ:

''ટેકરા અને પથ્થરોવાળા વિશાળ પ્રદેશમાંથી અમારી ગાડી જતી હતી. લશ્કરી હિલચાલ માટે આ પ્રદેશ અનુકૂળ છે એવું વિચારતો હતો ત્યાં તો એકાએક હૈદરાબાદ આવી પણ ગયું હૈદરાબાદને એક છેડે વળગીને દક્ષિણના બ્રાહ્મણી સામ્રાજ્યનું પાટનગર ગોલકૉંડા ઊભું છે. ચારે તરફ દસેક માઇલના વિસ્તારનું નિરીક્ષણ થઈ શકે એટલી ઊંચી ટેકરી ઉપર, દીવાલોના કોઠાઓમાં રક્ષાએલા એ શહેરના ભાંગેલા અવશેષોમાં હવે પ્રાચીન ગૌરવની યાદ આપે એવું કશું નથી.

આપણે ત્યાં સામાન્ય જનતાને માટે હિંદુસ્તાનને ઇતિહાસ અંગ્રેજો અને એથી જરા આગળ વધીને મુસલમાનોથી શરૂ થાય છે. મારે આ પ્રદેશ વિષે વધારે જાણવું હતું. મારી જિજ્ઞાસા સંતોષે એવું કોઈ લાગ્યુ નહિ. એવામાં હું જેમને ત્યાં ઊતર્યો હતો એ ભાઇની હજામત કરવા એમનો હમેશનો વાળંદ આવ્યો. મને યાદ આવ્યું કે વાળંદની જમાત દુનિયાભરમાં લોકચર્ચા જાણવા માટે શ્રેષ્ઠ સાધન છે. એટલે હાથે દાઢી કરવા કરતાં એને જ પકડ્યો. એ તો ઉત્સાહી મહસભાવાદી અને મોટો સમાજસેવક નીકળ્યો!



અર્વાચીન હૈદરાબાદ (આંધ્ર)માં જ પ્રાચીન તેલંગણનો પ્રદેશ આવેલો છે. તેલંગણના એ સામ્રાજ્યના અવશેષ સમી, વરંગળમાંની એક દરવાજાની કમાનની શિલ્પસમૃદ્ધિ

થોડે દૂર એક જ પત્થરના વિશાળ ખડક ઉપર ભૌંગીરનો કિલ્લો છે. દૂરથી ખડક ઉપરનો આ કિલ્લો દંતૂશળ સુધી પાણીમાં ડૂબેલા હાથી પર મકેલી અંબાડી જેવો શોભતો હતો.

ભારતવાસીઓ ગોદાવરીને દક્ષિણ ગંગાને નામે ઓળખે છે. દક્ષિણ ભારતની શરૂઆત ગોદાવરીથી છે. હૈદરાબાદથી મ્હૈસુર જતાં કૃષ્ણા નદી ઓળંગવી પડે છે. ઉત્તર ભારતનાં સામ્રાજ્યો દક્ષિણનું સામ્રાજ્ય લેતાં થાકી જતાં. તેથી તો आसमुद्रक्षितीश – છેક સમુદ્ર સુધી જેની સત્તા પહોંચતી તેને જ ભારતવાસીઓ ચક્રવર્તી કહેતા. દક્ષિણનું રાજ્ય લેવા જતાં મુઘલાઈનું જોર પણ ઓછું થયું હતું.

અત્યાર સુધી મ્હૈસુર ઊતરેલા મુસાફરોમાં સૌથી ઓછે ખરચે મેં જ એ શહેર જોયું હશે. અજાણ્યા શહેરમાં એકાદ મારવાડી ગૃહસ્થની ઓળખાણ હોય તો ઘણો બચાવ થઈ શકે. મારો બિસ્તરો પરચૂરણ ધીરધાર કરનાર એક મારવાડીની દુકાને રાખી એમણે ભાડું ઠરાવી આપેલા એક ઝટકામાં (ટાંગામાં) શહેરના મુખ્ય રસ્તાઓ જોઈ વળ્યો. ખરે બપોરે શહેર બહાર આવેલી ચામુંડી હિલ્સ જઇ આવવાનું ઠરાવ્યું કે જેથી સાંજે વૃંદાવન ગાર્ડન્સ જોઈ એક જ દિવસમાં બધું આટોપી લેવાય.

બપોરનો વખત હોવાથી ચામુંડી (મ્હૈસુરના રાજકુટુંબની કુળદેવી)નું મંદિર તો બંધ હતું, એટલે ટેકરી ચડતાં એક જ પથ્થરમાંથી કોતરેલા મોટા નંદીના દર્શનથી જ સંતોષ માનવો પડ્યો. કાશ્મીરમાં મુઘલ સમ્રાટોએ કરાવેલા બગીચાઓની જેમ મ્હૈસુરમાં વૃંદાવનના ઉપવન–ઝરૂખાઓ બાંધ્યા છે એવું કહે છે. ઉત્સવો અને રજાના દિવસોમાં ઊડતા પાણીના ફુવારાઓમાં વીજળીની રંગયોજના કરેલી છે. રંગીન પાણીની ઊંચે ઊડતી ધારાઓ આકાશમાં રંગબેરંગી ફૂલો વેરતી હવાઈ જેવી રમણીય લાગે છે. (અનુસંધાન સામે પાને)





અર્વાચીન હૈદરાબાદમાં જ પ્રાચીન તેલંગણનો પ્રદેશ આવેલો છે. એ સામ્રાજ્યના જૂના અવશેષ વરંગળમાં છે. બૂતપરસ્તીમાં નહિ માનનાર ઈસ્લામી સંસ્કૃતિના રક્ષક આ રાજ્યના સિક્કા ઉપર જે ચારમિનારની મહોર છે તે મિનારા શહેર વચ્ચે આવેલા છે.

શહેર કંઇ આકર્ષક નથી. હૈદરાબાદથી

ઉપર: ગોલકૉંડાનો કિલ્લો
જમણી બાજુ: એક અખંડ પથ્થરમાંથી કોતરેલો મ્હૈસુરની ચામુંડી ટેકરી પરનો વિશાળકાય નંદી

કંકાવટી

શ્રી લલિતાદેવી

વડાપ્રધાન શ્રી લાલબહાદુર શાસ્ત્રી પોતે જેમ સાદા ઠરેલ અને નિષ્ઠાવંતા રાજપુરુષ છે, તથા લાગવગ અને શેહશરમથી પર છે તેમ જ તેમનાં પત્ની શ્રીમતી લલિતાદેવી પણ રાજકાજના ઝંઝાવાતથી પર રહ્યાં છે. તેમની દ્વારા કાંઈ પણ અપેક્ષા માટે એમને સંકેત કરનારને જવાબ મળે છે: જે જોઈતું હોય. તે મારા આ ભગવાન (શિવ) પાસે માગો.



શાસ્ત્રીજીનાં અર્ધાંગના તરીકે તેઓ માત્ર ગૃહિણીભાર વહે છે અને તેમાં જ સુખ અને સંતોષ અનુભવે છે.

એમને ચાર પુત્રો અને બે પુત્રી મળી છ સંતાન છે. વળી મહેમાનો, અમલદારો, કર્મચારીઓ, પક્ષના આગેવાનો, સામાન્યજનો ઇત્યાદિની અવરજવરથી ઘર ભર્યુંભાદર્યું રહે છે. એ બધાનાં સૌજન્યપૂર્ણ આતિથ્ય કરવાં, હરેક પ્રતિ સમાન વર્તન આચરવું, પતિનાં સુખ, શાંતિ, કીર્તિ અને કર્તવ્યપાલનને ક્ષેત્રે સહાયરૂપ થવું અને બાહ્ય ભૌતિક જીવનની લોલુપતાઓથી અલિપ્ત રહેવું, એ એમના સંસારની ગુરુચાવી છે.

શ્રીમતી લલિતાદેવીના પિતા એક શાળાના નિરીક્ષક હતા. સત્તરેક વર્ષે એમનું લગ્ન થયું. એમને આધુનિક ઉચ્ચ કેળવણીનો લાભ નથી મળ્યો, તેમ એમને કોઈ સામાજિક કે રાજદ્વારી જીવનની બાહ્ય બહુશ્રુતતાની છટાનો અનુભવે નથી મળ્યો. એ સાદાં, સીધાં, એકમાર્ગી, સંતોષી અને ઈશ્વરભીરુ ગૃહિણી છે. પતિનાં જીવન અને કાર્યમાં જ છાયા જેમ ઓતપ્રોત રહેવા સિવાય એમને કોઇ ભૌતિક મહત્ત્વાકાંક્ષા નથી. (ગુજરાતમિત્ર)

સૌભાગ્યવતીઓ - ૨

આજે ગૌરી-વ્રત ચાલે છે ત્યારે જુલાઈ અંકમાંનો બહેન અંજલિ દેસાઇનો લેખ અનુરૂપ છે. આજે માનવ જીવનનું ધ્યેય શોધવા જઇએ તો કાંઇ જડશે નહિ. કોઇ સ્મારક કે સમારંભનું મહત્ત્વ નથી; વિજ્ઞાનની ભારે શોધ કે વિશિષ્ટ સગવડોનું યે મહત્ત્વ નથી. મનુષ્યના જીવનમાં મહત્ત્વ હોય તો તે છે મનુષ્યનું. પશુ અને માનવમાં આ જ મુખ્ય તફાવત છે. મનુષ્યની ભાવનાઓ, લાગણીઓ વગેરેથી એ સર્વોત્તમ ગણાય છે. મનુષ્યજન્મની સાર્થકતા એમાં જ છે.

આ બધા માટે 'સંસ્કાર' જોઈએ. સંસ્કાર વેચાતા નથી મળતા, ઘરમાંથી અને કુટુંબમાંથી જ મળે છે. આનંદના પ્રસંગે આખું ગામ ભેગું થઈ જશે, વિષાદને પ્રસંગે ઘરનાં જ સાથે રહેશે.

અને એ ઘર સાચવનાર સ્ત્રી છે. એ જ પુરુષને ઘર—કુટુંબ સાથે સાંકળરૂપ બની જોડી રાખે છે. પણ આજે તો સ્ત્રીઓ ઘરથી દૂર ભાગતી જાય છે. પરિણામે કુટુંબો તો વર્ષોથી ભાંગતાં જાય છે જ, સાથે ઘર પણ હવે તો વેરવિખેર થતાં જાય છે

આજે જણાતી સામાજિક અવ્યવસ્થા અને માનસિક રોગોના ઢગલા તે આ ભાંગેલા કુટુંબોનો જ ભંગાર છે. ઘરના ફર્નિચરની જેમ માણસો પણ આજે સુખ-સગવડનાં સાધનો બની ગયાં છે. છોકરાં સાચવે એ દાદી સારી; માંદી પડે તો વૃદ્ધાશ્રમ શોભાવે! આ બધું સ્ત્રીએ ઘરનું આંગણું – લક્ષ્મણરેખા – વટાવ્યું એનું પરિણામ છે. આ ક્યાં સુધી ચાલશે?

ઈ. ૧૯૨૦માં રૉથેન્સ્ટાઈને લંડનમાં આપણને અપીલ કરી કે આપણી મૂડી આપણે સાચવતા નથી અને એને ક્ષુદ્ર સમજી ઊંધે માર્ગે દોડીએ છીએ. આજે ઈ. ૧૯૬૪માં 'ડિસ્કવરી ઑવ ઇન્ડિયા'ના લેખકનાં પુત્રી ઇન્દિરા ગાંધીએ લંડનમાં અપીલ કરી કે અમારા દેશના લોકો પણ અમારી સાચી સંસ્કૃતિનો સંદેશ ફેલાવી શકતાં નથી.


જેટલા સુધરેલા ગણાતા દેશો છે ત્યાં બધે જ નૈતિક અધઃપતન થઈ રહ્યું છે. માણસની કિંમત, એ કેટલી હદ સુધી સુખસંતોષ આપી શકે છે એ પરથી જ ત્યાં થાય છે. જ્યારે આપણે ત્યાં સમાજરચના એટલી સુંદર છે કે મનુષ્યને સૌથી વધુ પ્રાધાન્ય મળે છે. પણ એ આપણા ઘરની કિલ્લેબંધી ન તૂટે ત્યાં સુધી. ગૃહરક્ષકો જ બહાર ભટકશે તો એ કિલ્લો તૂટી જશે અને પશ્ચિમની એ હવા બધે ફરી વળશે.

આ સંસ્કાર સચવાઈ રહે, આપણી ભાવનાઓ ખંડિત ન થાય તે માટે આપણી અખંડ-સૌભાગ્યવતીઓએ ઘરનો કિલ્લો સાચવવાનો છે અને અંદર રહેનારનું રક્ષણ કરવાનું છે. એ જ એમનું સૌભાગ્ય છે. પુરુષ બહુ બહુ તો પહેરેગીર બની ચાવી સાચવી શકે; અંદરના ભંડારની કાળજી સ્ત્રી જ રાખી શકે.

રમેશ શાહ

સવા માસનું સ્નાન

સુવાવડ પછી સ્ત્રીને સવા મહિનો નવડાવ્યા બાદ જ શુદ્ધ માનવાની પુરાણી પ્રથા છે. ત્યાં સુધી કોઇ ચીજવસ્તુને અડવાની, કામકાજ કરવાની કે બહાર સુદ્ધાં નીકળવાની તેની પાસે પરહેજી (સૂતક) પળાવવામાં આવે છે. એ પ્રતિબંધ આજે ઢીલો બની ગયો છે. સ્વતંત્ર રહેવાની ઇચ્છાથી કે અન્ય કારણે, અવિભક્ત કુટુંબથી અલગ થઇને એકલી રહેતી બહેનોને નછૂટકે ગૃહભાર સંભાળી લેવો પડે છે, જ્યારે કેટલીક બહેનો 'મૉડર્ન' કહેવડાવવા એવો 'જુનવાણી વહેમ' માનતી નથી હોતી. પરંતુ એ પ્રતિબંધની પાછળ આરોગ્યનું રહસ્ય રહેલું છે. સન્તાનોત્પત્તિ બાદ ગર્ભાશયને પોતાની મૂળ સ્થિતિમાં આવતાં સવા માસ લાગે છે. એ દરમ્યાન હલચલ કે પરિશ્રમ કરવાથી તેને હાનિ પહોંચીને સ્ત્રીના જીવન માટે તે કેટલીક વાર અભિશાપરૂપ બની જાય છે.



ફૂલપાનની આ બુટ્ટીને તમારા હાથરૂમાલથી માંડી આખી સાડી પર છૂટી પણ ભરી શકો.

ખાટું થઈ ગએલું કે બગડી ગએલું દૂધ મેળવવું ન હોય તો ફેંકી ન દેતા. બાથરૂમની સફેદ ટાઈલ પીળી પડી ગઈ હોય તો તેનાથી સાફ થઈ શકે છે, એટલું જ નહિ પણ ટાઈલમાં પડેલી ઝીણી વા-તડ પણ અદૃશ્ય થાય છે.

મકાઈની મોજ

મકાઇ સામાન્યરીતે તો ગરીબોનું ખાણું; પરંતુ ચોમાસામાં કૂણી કૂણી મકાઇનો મબલખ પાક ઊતરે ત્યારે સાકર જેવું મીઠું આ ધાન શ્રીમંતોના મેજ ઉપર પણ પહોંચી જાય. દૂધિયા મકાઈદાણાની મીઠાશ તો જેણે શેકેલો ડોડો ચાવીચાવીને ખાધો હોય તે જ જાણે.

મુખ્યત્વે કાર્બોહાઇડ્રેટ (શર્કરાયુક્ત તત્ત્વો) ધરાવતા આ ધાન્યની વિવિધ વાનગીઓ :

(૧) મકાઇનો ડોડો ધીમા તાપ ઉપર બદામી રંગનો થાય ત્યાં સુધી શેકી, ઉપર મરી, મીઠુ ને લીંબુનું મિશ્રણ લગાડીને બાળકોને માટે નાસ્તામાં આપો.

(૨) અમેરિકામાં ડોડાને આખો જ બાફી ઉપર માખણ અને મીઠું લગાડી ખવાય છે.

(૩) મકાઈને શેકી, એના દાણા ફોલી, એને વઘારીને ચેવડો બનાવી શકાય. આ જ દાણા પૌંઆમાં ભેળવી, પૌંઆને સહેજ ધોઈ વઘારવાથી મકાઈ-પૌંઆ તૈયાર કરી શકાય.

(૪) મકાઇને ખમણી, ખમણ જેટલો જ બાફેલા બટાટાનો છૂંદો ભેળવી, જરૂરી મસાલો નાખી ભજિયાં બનાવી શકાય. છૂટી જતાં હોય તો સહેજ ચણાનો લોટ ઉમેરવો.

(૫) મકાઇના કાચા દાણા કાઢી, વરાળથી બાફી, એનું પૂરણ બનાવી પેટીસ કે કચોરી બનાવી શકાય. શેકેલા દાણા કરતાં બાફેલા દાણાના સ્વાદ અને કુમાશમાં ફેર પડી જશે.

(૬) મકાઈના કાચા દાણાને દૂધમાં રાંધી મીઠી ખીર બનાવી શકાય. એલચી, બદામ, પિસ્તા વગેરે ભભરાવી ઠંડી કરીને યે ખવાય.
(પ્રવાસી) —સુશીલાબેન

એક ઉત્સાહી ગૃહિણીએ મકાઈની નીચે મુજબની વાનગીઓનું પોતાને ઘેર પ્રદર્શન યોજેલું : મકાઇ શેકેલો, કુમળો મકાઈ મીઠાના પાણીમાં બાફેલો (તેની ઉપર સહેજ માખણ ચોપડીને ખવાય), મકાઇનો સૂપ, મકાઇનો ચેવડો, મકાઈની ખીર, મકાઇની ખીચડી, મકાઈનાં વડાં, મકાઈ તથા બટાટાનું શાક, તે જ રીતે મકાઈના કુમળા દાણા સાથે તૂરિયાં કોળું, ગલકાં તથા દૂધીનાં શાક, મકાઈની પેટીસ, મકાઈની કટલેસ, મકાઈનાં ઢોકળાં, મકાઈની ખીર, મકાઇનો હલવો, મકાઈની કચોરી, મકાઈનાં મૂઠિયાં, મકાઇના લોટનો રોટલો; ઉપરાંત મકાઈની રાબ તથા ઘેંશ પણ બનાવ્યાં હતાં. લિ.

ખરતા વાળ પર નારિયેરનું દૂધ અથવા કંકોડીની ગાંઠ ઘસી લગાડવી.

ઘરગથ્થુ ઔષધ .... [૨૨ : ગાયનું ઘી

ગાયનું ઘી તો આજકાલ ખોરાક મટીને દવા જેવું બની ગયું છે ! અરે દવા તરીકે પણ એ સુલભ નથી રહ્યું. વર્ષા પછી શરદ ઋતુનુ આગમન થશે. એ પિત્તપ્રકોપની ઋતુ છે. ઘી પરમ પિત્તશામક છે. એના સાદા-સીધા ઘરગથ્થુ પ્રયોગો કલ્પનાતીત લાભ આપનારા છે.

ગુણકર્મ

ગાયનું ઘી સ્મરણશક્તિને, બુદ્ધિને, જઠરાગ્નિને, વીર્યને, ઓજસને, કફને તથા મેદને વધારનાર છે. તે વાયુ, પિત્ત, ઝેર, ઉન્માદ, શોષ, અલક્ષ્મી (નિર્ધનતા અથવા અશોભા) તથા તાવનો નાશ કરે છે. વળી એ સર્વ સ્નેહોમાં ઉત્તમ, શીતળ, રસમાં તથા પાકમાં (પચ્યા પછી પણ) મધુર અને વિધિપૂર્વક ઉપયોગમાં લેવાયું હોય તો હજારો શક્તિઓથી યુક્ત(સહસ્રવીર્ય) અને હજારો કર્મોને કરનાર (कर्मसहस्रकृत) થાય છે. (ચરક)

સુશ્રુતે ગાયના ઘીને આંખ માટે અત્યંત હિતકારી (ચક્ષુષ્ય) અને બલપ્રદ કહ્યુ છે.

પિત્તશામક

પિત્તશામક તરીકે એના અનેક સાદાસીધા પ્રયોગો છે : (૧) પિત્ત ઉષ્ણ-તીક્ષ્ણ હોઈ બળતરા ઉત્પન્ન કરે છે. હાથ-પગનાં તળિયાં અને આંખોમાં બળતરા થતી હોય તો પગના તળિયે તથા હથેળીમાં રાત્રે દશદશ મિનિટ એ ઘી ઘસવું. શરીરના કોઈ પણ ભાગમાં બળતરા થતી હોય તોપણ પગના તળિયે તે ઘસવાથી તેની પિત્તશામક શક્તિ ત્યાં પહોંચે છે.

(૨) છાતીમાં, ગળામાં, પેશાબમાં કે મળપ્રવૃત્તિ વખતે બળતરા થતી હોય તો અર્ધો તોલો શતાવરી અને અર્ધો તોલો સાકરનું ઝીણું ચૂર્ણ ગાયના ઘીમાં મેળવી દિવસમાં ત્રણ વખત ચાટવું. તીખા, ખાટા અને ખારા પદાર્થો ઓછા કરવા. ખોરાકમાં દૂધ વધારવું. શતાવરી ન હોય તો સાકર-ઘી ચાટવાં.

(૩) શરીરના કોઈ પણ ભાગમાંથી લોહી પડતું હોય તો શતાવરી-સાકર-ઘીનો આ પ્રયોગ કરવો; અને રુચિ-શક્તિ પ્રમાણે બકરી કે ગાયનું દૂધ પીવું. બીજો ખોરાક ઓછો લેવો.

(૪) ચક્કર આવતા હોય તો પિત્તવર્ધક આહાર-વિહારનો ત્યાગ કરી એકવાલ સોડાબાઈ કાર્બ (સર્જક્ષાર) ગાયના ઘી સાથે દિવસમાં ત્રણ વખત ચાટવો. પગના તળિયે તથા કપાળમાં અને માથામાં ગાયનું ઘી ઘસાવવું.

(૫) પ્રસવ પછીના દિવસોમાં સ્ત્રીનું શરીર તપી જતું હોય, ફીકાશ રહેતી હોય, લોહી માંસ વધતાં ન હોય, પૂરતું ધાવણ આવતું ન હોય તો જેઠીમધ-શતાવરી-ગળોના સમભાગ મિશ્રણમાંથી અર્ધો તોલો ચૂર્ણ દિવસમાં ત્રણ વાર ગાયના ઘી સાથે ચાટવું. ગાયના દૂધમાં ચમચી ગાયનું ગરમ કરેલું ઘી નાખી સવારસાંજ યથાશક્તિ રુચિ પીવું.

(૬) યોનિપ્રદેશમાં દાહ-આળાશ હોય તો ગાયના ઘીમાં જેઠીમધનું બારીક ચૂર્ણ મેળવી એમાં સ્વચ્છ રૂનું મોટું પૂમડું બોળી યોનિપ્રદેશમાં ગોઠવી દેવું. બારબાર કલાકે પૂમડું બદલવું. ઘણો જ લાભ થશે. ક્ષત હશે તો પણ રૂઝ આવી જશે, આળાશ ચાલી જશે અને બળતરા બંધ થશે. સાથેસાથે ખોરાકમાંથી પિત્તવર્ધક ચીજોનો ત્યાગ કરવો જોઇએ. મળત્યાગ પછી જેમને ગુદામાં બહુ જ બળતરા થતી હોય તેમણે પણ આવું પૂમડું મળવૃત્તિ પછી મૂકવું. લાભ થશે.

ચક્ષુષ્ય

ગાયનું ઘી પરમ ચક્ષુષ્ય, આંખ માટે હિતકારી છે. પગના તળિયે ઘી ઘસવાથી આંખનું આરોગ્ય વધે છે અને સુધરે છે. આંખો નબળી હોય કે આંખની કોઇ પણ પ્રકારની વિકૃતિ હોય તો ગાયનું ઘી પગના તળિયે ઘસવાનો મહાવરો રાખવો. મહિનાઓ સુધી એમ કરવાથી અવશ્ય લાભ થશે. અરે આંખે જોવાની શક્તિ ગુમાવી બેઠેલાઓ આ પ્રયોગથી પુનઃ દેખતા થયાના દાખલા પણ નોંધાયા છે.

તાવ પછી

તાવ ગયા પછી ખોરાકમાં ગાયના ઘીનો ખાસ ઉપયોગ કરવો. તાવથી શરીરમાં પિત્ત અને વાયુ વધ્યાં હોય છે. આ બંને દોષો ધાતુઓનું શોષણ કરનારા છે. ઘી પિત્ત અને વાયુનું શમન કરનાર હોઈ તાવ પછી ખાખરા, ભાત વગેરેમાં ગાયના ઘીનો અવશ્ય ઉપયોગ કરવો. તાવ લંબાય અને ઊતરે નહિ એવી સ્થિતિમાં પણ ખોરાકમાં થોડું ઘી લેતા જ રહેવું, નહિતો વધેલાં પિત્ત અને વાયુ ધાતુઓમાં ઊંડે ઊતરી વધુ નુકસાન કરે છે.

રોપણ ગુણ

ઘીમાં રૂઝ લાવવાનો ઉત્તમ ગુણ છે. ઠંડા પાણીમાં ઘીને સો વખત ધોઈ નાખવાથી (મસળવાથી) એ 'શતધૌત ઘૃત'ની શક્તિ વધી જાય છે. પણ એવું ઘી ઝેરી બની જાય છે, એટલે એ ખાવું નહિ. શતધૌત ઘી શરીરમાં કોઈ પણ ભાગમાં પડેલાં ઘારાં, ગડ-ગૂમડ, ખસ વગેરે પર લગાડવાથી એ ભાગ દોષરહિત બની એમાં રૂઝ આવી જાય છે.

લાભશંકર ઠાકર

પ્રાણિજ આહારમાં મુખ્ય પદાર્થ માંસ

વનસ્પતિજ આહારની પ્રોટીનોની ઊણપ પૂરનાર ઘણો ઉપયોગી રક્ષણદાયી ખોરાક

લેખક ડૉ. શિવપ્રસાદ ત્રિવેદી

દુનિયાભરની મોટા ભાગની પ્રજા વનસ્પતિજ અને પ્રાણિજ બન્ને પદાર્થો ખાય છે. માત્ર આફ્રિકાના મસાઈ અને ઉત્તર ધ્રુવ-પ્રદેશના એસ્કિમો કેવળ આમિષ આહાર ઉપર નભે છે. આ પ્રાણિજ ખોરાકમાં માંસ મુખ્ય પદાર્થ છે.

બકરાં, ઘેટાં ને બીજાં પશુ-પક્ષીઓની દેહધારક અને તેમનું હલન-ચલન શક્ય બનાવનારી માંસપેશીઓ એ માંસ છે. હૃદય એ માંસપેશી છે. કલેજું, મગજ, મૂત્રપિંડ એ છે તો ગ્રંથિઓ, પણ માંસની છે.

માંસ દોરા જેવા લાંબા કે ટૂંકા તાંતણા (ફાઈબર)નું બનેલું છે. સૂક્ષ્મદર્શક યંત્ર નીચે નળીઓ જેવા દેખાય છે. એ નળીઓની દીવાલો પ્રોટીન પદાર્થની છે. તાંતણાઓને જોડનાર સંયોજક પેશીઓમાંથી જિલેટિન મળે છે. સંયોજક પેશીમાં ચરબી પથરાએલી છે.

માંસપેશીઓના તાંતણાઓમાં પાણી, પ્રોટીન, ક્ષારો અને અર્ક (એક્સ્ટ્રક્ટિવ) નામે જાણીતા પદાર્થો છે, જે માંસરસ કહેવાય છે. પ્રાણીની નાની ઉમરના પ્રમાણમાં વધારે પાણી હોવાથી તેનું પોષણ-મૂલ્ય ઓછું છે. માંસરસના એક પ્રોટીનનું નામ માયોસીન છે. માયો-સીનમાં જામવાનો ગુણ હોવાથી પ્રાણીના મરણ બાદ માંસપેશીઓ અક્કડ બને છે. આ કારણે સુંવાળપની ખાતર કાં તો પ્રાણીની કતલ બાદ તરત તેનું માંસ ખાવું જોઈએ, યા તો તેની અક્કડાઈ દૂર થવા તેને લટકાવવું જોઈએ. લટકાવેલા માંસમાં ઍસિડ પેદા થાય છે, જે રાંધવા દરમિયાન તેને પોચું બનાવે છે ને સારો સ્વાદ પણ આપે છે શિકાર થએલા ભક્ષ્યને ખૂબ શ્રમ પડ્યો હોવાથી ઍસિડો ઉત્પન્ન થએલા જ હોય છે. આથી એ માંસ પોચું ને વધુ સ્વાદિષ્ટ હોય છે.

જુવાન કરતાં ઘરડાં પ્રાણીઓમાં સંયોજક પેશીઓ પુષ્કળ હો-વાથી તેને વધારે રાંધવું જરૂરી બને છે. સંયોજક પેશીઓમાં ચરબી છે. ડુક્કરનું માંસ (પૉર્ક), ઘેટાંનું માંસ (મટન), બતક આદિ જળપક્ષી-ઓનું માંસ, અને પુષ્ટ ગોમાંસ ચરબીથી સમૃદ્ધ હોય છે, તો મરઘીનાં બચ્ચાં (ચિકન)માં ચરબી હોતી નથી.

ચરબીથી માંસની પચનીયતા અને શોષણ ઘટે છે. માંસમાં જેમ ચરબી વધારે તેમ તેમાં પાણી ઓછું. બીજી રીતે કહીએ તો પાણીના બદલામાં ચરબી જામે છે, પણ પ્રોટીનો તો નહિ જ. ડૉ. ઘોષ લખે છે કે એક રતલ માંસમાં પોણો ભાગ પાણી ને પા ભાગ ખાદ્ય દ્રવ્યો છે.

માંસની જાત પ્રમાણે એમાં હિમોગ્લોબિનનું પ્રમાણ રહે છે. હિમોગ્લોબિનમાં લોહ હોઈ પોષણની દૃષ્ટિએ એ કિંમતી છે. લોહી વહી જઇને મરી ગએલા પ્રાણીમાં તે ઓછું કે બિલકુલ નથી હોતું.

માંસરસમાં ફૉસ્ફેટ અને પોટૅશિયમ એ બે મુખ્ય ખનિજ પદાર્થો છે. કૅલ્શ્યમ બહુ ઓછું છે. માંસરસના ચીકાશભર્યા અર્કમાં માંસનું કોઈ પોષણમૂલ્ય તો નથી, પણ તેના પ્રમાણ અને પ્રાણીની જાત અનુ-સાર માંસની વિશિષ્ટ સોડમ અને સ્વાદ પ્રાપ્ત થાય છે. આ બાબતમાં પ્રાણીની ઉમર અને ખોરાકનું મહત્ત્વ છે. પ્રાણીનું મુક્ત જીવન અને કુદરતી ખોરાક માંસનો સ્વાદ વધારે છે.

પ્રાણીના ઉછેર અને ખોરાક પ્રમાણે માંસના રાસાયણિક બંધા-રણમાં ફેર પડે છે. ખાટકીને ત્યાંથી આણેલા માંસમાં હાડકાં અને બીજાં અખાદ્ય ભાગોનું પ્રમાણ, ડૉ. ઘોષના કથન મુજબ, ૧૭ થી ૨૦ ટકા કરતાં વધારે હોય છે. માંસમાં પાણી ૧૫ ટકા, પ્રોટીન ૧૮, ચરબી ૩, ખનિજ દ્રવ્યો ૦·૭ અને અર્ક ૦·૮ ટકા છે.

સારા માંસનાં લક્ષણો ડૉ. ઘોષ આ પ્રમાણે વર્ણવે છે: 'માંસ ન તો ફિક્કા ગુલાબી રંગનું કે ગાઢા લાલ રંગનું જોઈએ. પહેલી નિશાની રોગની છે, તો બીજી તાવ કે બીજા કારણથી પ્રાણી મરાયાની છે. ચર-બીમાં પથરાએલી શિરાઓને લીધે માંસ રેસાદાર દેખાય છે. સ્પર્શમાં તે ઘટ્ટ અને સ્થિતિસ્થાપક જોઈએ. આંગળી ભીંજાવી ના જોઈએ. ખરાબ માંસ ભીનું, ઢીલું અને પોચું હોય છે. માંસની વાસ નથી હોતી કે થોડી હોય તો તે ખરાબ નથી હોતી. રોગિષ્ટ માંસની વાસ સૂગ ચડે એવી અને મડદા જેવી હોય છે. રાંધવામાં સારું માંસ નથી સંકોચાતું કે નથી ઘટતું. એકાદ દિવસ પડ્યું રહેવાથી તે પાણીપોચું નથી બનતું પણ એની સપાટી ઉપરથી સુકાય છે. બગડેલું માંસ ફિક્કું, ભીનું, ઢીલું, ખરાબ વાસવાળું અને ધીરેધીરે લીલું બને છે. બહારથી બગડવાની કોઈ નિશાની ન દેખાતી હોવા છતાં યે કોહવાતા માંસ-માં ઊંડું ચપ્પુ ભોંકતાં તેમાંથી અપ્રિય વાસ આવે છે.'

આહારમાં લેવાતાં વિવિધ માંસ આ પ્રમાણે છે:

ગાય કે બળદનું માંસ (બીફ): ઘેટાના કરતાં સસ્તું પડતું હોવાથી બહુ વપરાય છે. પ્રાણીના શરીરના ભાગો પ્રમાણે માંસની જાતમાં ફેર પડે છે. શક્તિદાતા આ માંસ પચવામાં ભારે છે.

ઘેટાંનું માંસ (અં. મટન): પચવામાં સહેલું હોઈ બહુ વપરાય છે. બીફ કરતાં ચરબી વધારે હોવાથી માંદલાં માટે એ પથ્ય નથી.

હિંદમાં ઓછા વપરાતા ડુક્કરના માંસ (પોર્ક)માં ચરબી વધારે હોવાથી પચવામાં તે બધા પ્રકારનાં માંસ કરતાં ભારે છે. સો ગ્રામ બીફને પચવામાં બે કલાક લાગે તો પોર્કને ત્રણ કલાક.

બકરાનું માંસ બીફ અને મટન કરતાં કોમળ છે તથા તેમાં ઓછી ચરબી હોઈ એ સહેલાઈથી પચે છે.

મરઘાં બતકાં ટર્કી તેતર આદિનાં માંસમાં ચરબી વ્યાપેલી નહિ હોવાથી પચવામાં સહેલાં છે. પણ બતકોનું માંસ નાજુક હોજરીને માફક નથી આવતું.

મહર્ષિ સુશ્રુતે અને ભાવમિશ્રે જંગલમાં રહેનારાં પશુઓનું માંસ 'જાંગલ' અને જળની પાસે રહેનારાં પ્રાણીઓનું માંસ 'આનૂપ' એવા બે પ્રકાર પાડ્યા છે. ભાવમિશ્ર જાંગલ માંસને બળ અને પુષ્ટિ આપ-નાર, અને મૈથુનશક્તિ વધારનાર, તો આનૂપ માંસને પુષ્ટિ આપનારાં ને ઘણું કરીને બહુ જ પથ્ય ગણાવ્યાં છે. સુશ્રુતે માંસની ઉત્તમતા આ પ્રમાણે કહી છે: 'પશુઓમાં માદાનું માંસ તો પક્ષીઓમાં નરનું માંસ શ્રેષ્ઠ છે. ફળ ખાનારાં પક્ષીઓનું માંસ અત્યંત રુક્ષ છે. માંસ-ભક્ષી પંખીઓનું માંસ અત્યંત પુષ્ટિકર છે (સુત્રસ્થાન અધ્યાય ૪૬). લાવાં, તેતર, ગૌર, હરણ, કુરંગ, કાળિયાર મૃગ, ગોરું તેતર, મોર, વર્મી ને રોહિત નામનાં માછલાં અને કાચબાનાં માંસ ઉત્તમ પ્રકારનાં છે. (સૂત્રસ્થાન ૪૬ : ૨૧૭).'

માંસ ઉપરાંત ભક્ષ્ય પ્રાણીના શરીરના બીજા અવયવો, જેવા કે કલેજી મૂત્રપિંડ પૅંક્રિયાસ હૃદય ફેફસાં ને મગજ પણ ખાવામાં લેવાય છે. આ અવયવોનું પોષણમૂલ્ય મહત્ત્વનું છે. જોકે માંસ કરતાં તે

ઓછું છે, પણ આહારમાં પ્રોટીનના સાધન તરીકે અગત્યનું છે. ઉપરાંત તેમાંથી વિટામિનો, લોહ વગેરે રક્ષણદાયી ઘટકો પણ મળે છે.

કલેજીમાં વિ૦ 'એ' ને વિ૦ 'બી' જૂથનું પુષ્કળ પ્રમાણ અને લોહ ને ફૉસ્ફરસ છે, તો બીજા અવયવોમાં થિયામિન. રૉબર્ટ મૅક્કૅરિસન માણસ માટે કલેજીને શ્રેષ્ઠ પ્રાણિજ ખોરાક તરીકે ઓળખાવી અઠવાડિયે એક વાર એનું ખાણું ઘણું ગુણદાયી હોવાનું કહે છે. વિ૦ 'બી' જૂથવાળી હોઈ કલેજી પેલાગ્રા રોગ નિવારે છે. એમાં દૂધ ને ઈંડાંની જાતનાં પ્રોટીનો છે. કેટલીક જાતના ઉગ્ર રક્તક્ષય, પેલાગ્રા અને સંગ્રહણી માટે કલેજીનો તાજો અર્ક કે તેનો ભૂકો સફળ ઔષધરૂપ ગણાયાં છે. મૂત્રપિંડ મગજ અને બીજા અવયવોમાં 'બી' વિટામિનોની સમૃદ્ધિ છે; થોડું વિ૦ 'એ' છે. મગજમાં થોડું પ્રોટીન, ફૉસ્ફરસ, લોહ અને થોડી કીમતી ચરબી છે. કોઈ પણ માંસલ દ્રવ્ય કરતાં મગજ હોજરીમાં જલ્દી લોંદો થતું હોવાથી એનું ઓછું પ્રમાણ શોષાય છે. કલેજી, મૂત્રપિંડ અને પૅંક્રિયાસનાં પ્રોટીનોનાં ન્યૂક્લિઓપ્રોટીન, યૂરિક ઍસિડમાં પરિણમતાં હોવાથી નજલાથી પીડાતા લોકો માટે તે અપથ્ય છે.

રાંધવાથી માંસની સંયોજક પેશી જિલેટિનમાં પરિણમે છે અને થોડી ચરબી ઓછી થાય છે. પાણીનું પ્રમાણ ઘટવાથી તેનું પોષણમૂલ્ય વધે છે, જે રાંધેલા શાક કરતાં ઊંચું હોવાનું હચિન્સન કહે છે. માંસ ઉકાળવાથી વધારે રસો અને થોડા ક્ષાર છૂટા પડે છે, ચબ્બડ માંસની પચનીયતા સુધરે છે અને સ્વાદ વધે છે. વળી રોગદાતા જીવાણુઓ કે બીજી જીવાતો (પૅરસાઈટસ)ના ચેપનું જોખમ ઘટે છે.

માંસને હળવા તાપે લાંબો વખત રાંધવું. ઓછા રાંધેલા માંસ કરતાં કાચું માંસ પચવામાં સહેલું હોવાની માન્યતા છે, પણ હચિન્સન કાચું માંસ અપચનીય હોવાનો ફ્લિફર્ડનો મત ટાંકે છે; તો જેસન રાંધવાના ક્રમ પ્રમાણે તેની પચનીયતા ઘટતી હોવાના આંકડા આપે છે.

ખોરાકમાત્ર હોજરીમાં લોંદો થયા બાદ આંતરડાંમાં જાય છે, પણ માંસનું રાસાયણિક પાચન તો હોજરીમાં જ થાય છે. અને હોજરીમાં જે ઘટ્ટ ખોરાકનું રાસાયણિક પાચન થાય છે તે ઘણી સહેલાઇથી પચે છે. માંસનું મુખ્ય પોષણ ક્રોષ (પ્રોટીન) શોષણક્ષમ બને છે. હા, ચબ્બડ અને ચરબીભર્યું માંસ અપચનીય નીવડે છે.

ગોમાંસ કરતાં ઘેટાંનું માંસ સહેલાઇથી પચનારું છે, પણ તેના કરતાં ડુક્કરનું માંસ થોડું પચનીય છે. ડુક્કરનું માંસ અપચનીય ગણાય છે, પણ હોજરીમાંથી તે પસાર થવાની ગતિ પ્રમાણે આ ખોટું હોવાનું હચિન્સન કહે છે. ડુક્કરનું માંસ જેને અપચનીય નીવડે તેને બેકન (ડુક્કરનું આથેલું માંસ) માફક આવે છે. મરઘાંનાં બચ્ચાં અને મરઘાંની છાતીનું માંસ અતિ પચનીય છે. પક્કાં મરઘાંબતકાં ને ટર્કીના માંસની વધારે ચરબી અપચનીય હોવાથી અજીર્ણથી પીડાતા લોકોએ તે ન ખાવું. દૂધ સાથે માંસ જામી પડવાથી પચવામાં ભારે પડે છે. એ જ રીતે તળેલું માંસ પણ પચવામાં ભારે છે.

માંસનું શોષણ ઉચ્ચ છે. માત્ર તેનો પાંચ ટકા જેટલો ભાગ જ શોષાતો નથી. એનો થોડોક જ અવશેષ આંતરડાંમાં રહે છે. આંતરડાંના રોગોથી પીડાતા માટે આ ખોરાકની ઉપયોગિતા છે.

ગરમ દેશોમાં માંસ જલ્દી બગડે છે એટલે તેને રાંધ્યા વિના બહુ લાંબો વખત રખાતું નથી. પક્ષી, માખી, વાંદા ને બીજી જીવાતથી જાળવવા માટે માંસને બરાબર ઢાંકીને રાખવું જોઇએ. બગડેલું માંસ ખાવાથી હોજરી ને આંતરડાંમાં દાહ થઈ ઊલટી, ઊબકા, પેટમાં પીડા, ઝાડા, ને પુષ્કળ અશક્તિ આવી પડે છે. શરીરે શીળવા થાય છે, યા તો તાવ અને બકવાટનાં લક્ષણો થાય છે. આ બધાં ઝેરનાં લક્ષણો ઍન્ટેરાઇટિસ બૅસિલાઇ અને તેના ઝેરના લીધે થાય છે. રાંધવાથી જીવાણુઓ જોકે મરી જાય છે પણ તેનું ઝેર કાયમ રહે છે.

ડૉ. ઘોષ કહે છે: 'ઍન્થ્રેક્સ, હડકવા, ગ્લૅન્ડર્સ ને ક્ષયથી પીડાતાં તેમજ અકસ્માત ને વીજળીથી મરેલાં પ્રાણીઓનું માંસ ન જ ખાવું. ઢોર, ડુક્કર, મરઘાંબતકાં ને ક્વચિત્ ઘેટાં ક્ષયરોગવાળાં હોય છે. ડુક્કરના માંસમાં સિસ્ટિસર્સી સેલ્યુલોમી અને ટ્રિચિના સ્પાઈરાલિસનો ચેપ હોય છે. ઘેટાં ડિસ્ટોમમ કે હેપેટિકમથી પીડાતાં હોય છે. ખરાબ માંસ ખાવાથી ક્ષય અને ઍન્થ્રેક્સ જેવા ચેપી રોગ લાગુ પડે છે. કાચું માંસ ખાધાથી આંતરડાંનાં ટેપવર્મ કૃમિનો ચેપ લાગે છે. આ કૃમિ આંતરડાંમાં મોટા કદનાં થવાથી રક્તક્ષયને અશક્તિ આણે છે.

માંસની પસંદગી અંગે આયુર્વેદાચાર્ય વાગ્ભટ્ટનું કથન છે કે, તાજા મરેલા, જુવાન અને નીરોગી પ્રાણીનું માંસ ખાવું. બાળક, વૃદ્ધ કે રોગી પ્રાણીનું માંસ ન ખાવું. જેના મરણનું કારણ જાણવામાં નથી આવ્યું તેવા મરેલા પ્રાણીનું, દૂબળા, પુષ્કળ ચરબીવાળા, રોગથી મરેલા પ્રાણીનું, પાણીમાં ડૂબી મરેલાનું કે ઝેરથી મરેલા પ્રાણીનું માંસ પણ ન ખાવું.' (સૂત્રસ્થાન–અધ્યાય ૬: ૬૭-૬૮).

માંસનું મુખ્ય પોષણદ્રવ્ય ઉચ્ચ પ્રકારનું પ્રોટીન છે. ચરબીવાળા ભાજી સાથે ખાવાથી માંસમાંથી વિ૦ 'એ' મળે છે. માંસમાં થિયામિન ઓછું, પણ બીજાં 'બી' વિટામિનોની સમૃદ્ધિ છે. થોડું વિ૦ 'ડી' અને સહેજ વિ૦ 'ઇ' છે. આવું પોષણમૂલ્ય ધરાવતા માંસને મહર્ષિ ચરક 'શરીરને પુષ્ટ કરનાર આનાથી બીજો કોઈ ખાદ્ય પદાર્થ નથી' કહી (સૂત્રસ્થાન–૭: ૮૫) બિરદાવે છે.

કલેજી, દૂધ, ઈંડાં, અને મચ્છીનાં પ્રોટીનોની સાથે માંસનાં પ્રોટીનની ગણના છે. આ પ્રોટીનો પુષ્ટ અને સહેલાઈથી પચે એવાં હોઈ માંસનું આહારમૂલ્ય છે. માંસના પ્રોટીનની વિશિષ્ટતા સહેલાઈથી પચવાની અને શરીરમાં શોષાવાની છે. વળી એનાં શોષણાંક અને જૈવકમૂલ્ય પણ ઉચ્ચ છે. ઉપરાંત, તે શરીરમાં જલ્દી ગરમી આપી શક્તિ ઉપજાવે છે. મૅક્કૅરિસન તેને શારીરિક બળ વધારનારો ઉત્તેજક ખોરાક ગણાવે છે. આ કારણે ઠંડી ઋતુ કે પ્રદેશમાં એનો આહાર ગુણકારી છે. માંસ ગરમ હોવાથી ઉનાળામાં તેનો મર્યાદિત આહાર કરવાનું હચિન્સન કહે છે.

માંસાહારમાં પુષ્કળ પ્રોટીન, ઓછી ચરબી ને એનાથી ય ઓછું કાર્બોહાઇડ્રેટ હોય છે. એટલા માટે માંસ સાથે ચરબી ખાવી ઇષ્ટ છે. એકલા માંસાહાર ઉપર લાંબા કાળ સુધી જીવન ટકી શકે છે. આના સમર્થનમાં હચિન્સન ધ્રુવ પ્રદેશના શોધક સ્ટીફન્સન નવ મહિના પર્યંત માત્ર માંસાહાર ઉપર નભ્યા હોવાનું લખે છે. આ દરમિયાન તેના શરીરનો અધિકતમ વજન-વધારો થયો, શ્રેષ્ઠ આરોગ્ય જળવાયું અને કદી બંધકોષની પીડા તેને નડી ન હતી.

માંસાહારથી નેફ્રાઇટિસ (મૂત્રપિંડના સોજાના રોગ), લોહીનું ઊંચું દબાણ, સાંધાઓનો બગાડો, આંતરડાંમાં કોહવાટ અને બંધકોષ થતાં હોવાનું કહેવાય છે, પણ આ સાચું ન હોવાનું કહી હચિન્સન માત્ર માંસાહાર પર જીવતા ધ્રુવપ્રદેશ ને ભૂમધ્ય પ્રદેશના રહેવાસીઓ આમાંના કોઈ પણ રોગથી પીડાતા ન હોવાનો દાખલો ટાંકે છે. પણ વધારામાં લખે છે કે 'કિંમતની દૃષ્ટિએ એકલો માંસાહાર શક્ય નથી. અને આવશ્યક ઉષ્ણાંક મેળવવા માટે રોજ ત્રણથી પાંચ રતલ માંસ ખાવું જોઈએ. વળી ખોરાક તરીકે માંસ દળદાર પણ છે.'

માંસ જલ્દી બગડી જતું હોવાથી તેને જાળવી રાખવા અનેક રીતો અજમાવાય છે. એક તો તેને રાંધીને હવા ન પ્રવેશે એવા ડબ્બામાં ભરે છે, અગર તો ડબ્બામાં મૂકેલા માંસને ૧૨૫ અંશ સેન્ટીગ્રેડ ગરમી

આપી એની અંદરના જીવાણુઓનો નાશ કરીને પછી સંઘરે છે. આ કૅનિંગની રીતથી માંસ લાંબો વખત જળવાઈ રહે છે. કાચા માંસમાં મીઠું ભેળવી, ભૂંજીને કે ભૂંજ્યા વગર, અગર તો સૂકવી કે ભૂકો કરીને પણ જાળવવામાં આવે છે. મીઠું ભેળવી ભૂંજેલું ડુક્કરનું માંસ ઘરગથ્થુ વપરાશ માટે એક વર્ષ પર્યંત જળવાય છે. બીજા વિશ્વયુદ્ધ દરમિયાન માંસની સુકવણી (ડીહાઇડ્રેશન)ની પદ્ધતિ અસ્તિત્વમાં આવી છે. આમાં પ્રોટીન ને ચરબી જળવાઈ રહે છે. હવા ન પ્રવેશે એવા ડબ્બા-માં આમ પૅક કરેલું માંસ વર્ષો પર્યંત જળવાય છે.

હચિન્સન લખે છે: 'માંસના અર્કો ખોરાક નથી. નથી એથી શરીર બંધાતું કે નથી શક્તિ મળતી. હા એથી થાક દૂર થાય છે, પાચક રસો વધુ સ્રવવાથી પાચનમાં મદદ થાય છે, એની મિષ્ટ સોડમથી ભૂખ ઊઘડે છે. ભૂખ ને પાચનક્રિયા મંદ હોય ત્યારે ખાસ કરીને ઠંડી ઋતુમાં ભારે ખોરાક ખાતાં અગાઉ એનો સૂપ પીવાથી ભૂખ પ્રદીપ્ત થાય છે. પણ વધારે પીવાથી ઝાડા પણ થઈ જાય છે.

મહર્ષિ ચરક માંસ-રસનું આહારમૂલ્ય આવું વર્ણવે છે: શરીરની ધાતુઓની અપૂર્ણતા પૂરે છે. હૃદય માટે હિતકર છે. જે રોગમાં શરીર સુકાય, શરીર કૃશ હોય, ક્ષીણવીર્ય હોય તેમાં, બલ ને વર્ણ માટે માંસ-રસ અમૃત તુલ્ય છે. માંસરસ બધા રોગોને શાંત કરે છે. વય, બુદ્ધિ, ઇન્દ્રિય ને આયુના બળને વધારે છે.' (સૂત્રસ્થાન–૨૭: ૩૦૭–૩૦૯).

ગોમાંસાર્કમાં માંસનો ભૂકો ઉમેરી ખોરાક-ક્ષમ બનાવેલી બના-વટો બજારમાં 'બોવરીલ' અને 'એફ્રુસો' નામે વેચાય છે. એમાં ઘણું ઓછું પ્રોટીન હોવાથી ખાસ પોષણ મળતું નથી.

માંસાર્કની અવેજીમાં 'યીસ્ટ એક્સ્ટ્રૅક્ટ' વપરાય છે. 'મારમાઈટ' આની જાણીતી બનાવટ છે જે ગોમાંસાર્કને ઘણી મળતી આવે છે, પણ બન્ને વચ્ચે રાસાયણિક તફાવત છે. મારમાઈટમાંથી વિ૦ 'બી' જૂથ સારા પ્રમાણમાં મળે છે.

હાડકાં, શિંગડાં, માંસના રેસાઓ અને સ્નાયુબંધન વગેરે ઉકા-ળતાં જિલેટિન મળે છે. જિલેટિન ઊકળતા પાણીમાં ઓગળે છે અને ઠંડું પડતાં મુરબ્બા જેવું જામે છે. યુરોપીય બજારુ ખાદ્ય વાની જેલીમાં એક પિન્ટ પાણીમાં એક ઔંસ જિલેટિન અને બાકીની ખાંડ હોય છે. 'કાફ ફૂટ જેલી' એક જાણીતી બનાવટ છે.

જઠરદાહ (હાઈપર ક્લોર હાઈડ્રીઆ)ના રોગીને જિલેટિન લાભ-દાયી છે. વળી તેનાથી પુષ્કળ જઠરરસ થણુ પેદા થાય છે.

જિલેટિન એક પ્રોટીન છે. તેમાં અગત્યનાં એમાઇનો ઍસિડો ન હોવાથી પોષણની દષ્ટિએ તે હલકું છે; પણ પાઉંના પ્રોટીન સાથે તેની ભેળવણી ઘણી કિંમતી છે. સમારોગ્યતાના આહારમાં જેલી ઉપયોગી છે.

ઉચ્ચ પ્રકારનાં પ્રોટીનો, ખનિજ દ્રવ્યો ને રીતસરનાં વિટામિનો ધરાવનાર માંસ રક્ષણદાયી ખોરાક છે. જેમનાથી ખાઈ શકાય તેમના માટે વનસ્પતિજ ખોરાકની પ્રોટીનોની ઊણપ પૂરનાર ઘણું ઉપયોગી ખાદ્ય છે. પણ પ્રાણિજ ખોરાકનો પરિપાક ઍસિડ–ગુણધર્મી હોવાથી લોહીને અલ્કલી રાખવા માટે તેની સાથે પુષ્કળ શાકભાજી અને ફળો ખાવાં ઈષ્ટ છે.

લઘુકથા

કનકપાત્ર

મોહનલાલ પટેલ

નરેન્દ્ર વાત પૂરી કરે એ પહેલાં તો સુધા પોતાના સ્વભાવ પ્રમાણે ગુસ્સે થઈ ચૂકી હતી. ને જ્યારે બયાન પૂરું કરીને એ ખડખડાટ હસી પડયો ત્યારે તો એના ગુસ્સાનો પાર ન રહ્યો. રોષથી એ બોલી ઊઠી: 'તમને સ્વમાન જેવું કંઈ છે જ નહિ. ખરો સ્વમાની માણસ ફરીથી એવી બહેનનું નામ સુદ્ધાં ન લે. માથું ફાટી જાય એવા તાપમાં તમે એને મળવા ગયા, અને બે કલાક બેસી રહ્યા ત્યાં સુધી એણે તમારી સામે પણ ન જોયું!'

'સામે ન જોયું એટલું જ નહિ; કપરા તાપમાં એને ત્યાં જઈ ચડેલા આ મુસાફરને પાણી સુદ્ધાંનું ન પૂછ્યું!' નરેન્દ્રે હસીને વાક્ય પૂરું કર્યું.

સુધા નરેન્દ્ર તરફ તાકી રહી. પોતે પતિના ભયંકર અપમાન માટે દુઃખ અને ગુસ્સો અનુભવી રહી હતી ત્યારે એ પોતાની જ હાંસી ઉડાવી રહ્યો હતો! ક્રોધથી એ બોલી ઊઠી: 'તમને તો લાજ, શરમ કે સ્વ-માન કશું જ નથી.'

'આવું આકરું વિધાન કરવાની જરૂર નથી.' નરેન્દ્ર હજી હસતો જ હતો: 'તું ગુસ્સામાં છે એટલે સ્મિતાને સમજી શકતી નથી.'

'હજુ ય બહેનનો પક્ષ ખેંચો છો? તમે તે માણસ છો કે......'

'...જાનવર, કેમ?' સુધાને છેલ્લો શબ્દ ગળી જતી જોઈ નરેન્દ્રે મજાકમાં કહી દીધું.

'હા. સાડી સાત વાર જાનવર. જેને સ્વમાન ન હોય એને બીજી શી ઉપમા આપી શકાય?' તાપના આવેગમાં સુધા બોલી ગઈ.

પણ નરેન્દ્રના મુખ ઉપર તો પ્રસન્નતા જ હતી. થોડી વાર પછી એ ઑફિસે ચાલ્યો ગયો અને સુધા ખિન્ન બનીને બેસી રહી.

સાંજે નરેન્દ્ર પાછો આવ્યો ત્યારે પણ એ સ્વસ્થ થઈ શકી નહોતી. ચા પીતાં એણે નરેન્દ્રને પૂછ્યું: 'મને તો હજુ ય નથી સમજાતું નરેન્દ્ર, કે તારું આવું અપમાન થયું હોવા છતાં તને કેમ કંઈ લાગતું નથી!'

સુધાને હજુ પણ રોષમાં જોઈ નરેન્દ્રના મુખ ઉપર સ્વાભાવિક ગાંભીર્ય પ્રસરી રહ્યું. ગંભીર અવાજે એણે શરૂ કર્યું: 'સુધા, આજે બપોરે તેં મને "જાનવર" કહ્યો. છતાં હું તારા ઉપર ગુસ્સે ન થયો. શાથી?'

સુધા કંઈ બોલી નહિ. નરેન્દ્રે કહ્યું: 'જે કારણથી હું પતિને "જાનવર" કહેનાર પત્ની ઉપર ગુસ્સે નથી થયો એ જ કારણથી સ્મિતા ઉપર પણ ગુસ્સે નથી થયો.'

સુધાએ નરેન્દ્ર તરફ નજર ઠેરવી.

પોતાની તરફ સ્મિત વેરી રહેલા પતિના કોઈ આંતરિક વ્યક્તિત્વ-ની તત્કાળ અસર હેઠળ એ એવી તો ઘેલી બની ગઈ કે એણે બે હાથે નરેન્દ્રના ગાલ આમળ્યા અને બોલી ઊઠી: 'તને તે શું કહેવું? તારા હૈયાના સુવર્ણપાત્રમાં સિંહણનું દૂધ છલોછલ ભર્યું છે!'

કૅપ્ટન (ગર્જના કરતાં): ક્યા ગધેડાએ તને અહીં ટેબલ પર આ ફૂલ મૂકવાનું કહ્યું છે?

ચપરાસી: મેજર સાહેબે, સાહેબ.

કૅપ્ટન: સરસ ફૂલો છે, નહિ?

શિક્ષક: પૃથ્વી પર કેટલા સમુદ્રો છે?

વિદ્યાર્થી: સાત.

શિ૦: ગણાવો.

વિ૦: એક, બે, ત્રણ, ચાર, પાંચ, છ ને સાત.

સાહિત્યસંપર્ક

શેક્સ્પીઅરનો સમકાલીન પુરોગામી ક્રિસ્ટૉફર માર્લો

મહાન નાટ્યકાર શેક્સ્પીઅર કરતાં બે માસ પહેલાં જન્મેલા, એલિઝાબેથન યુગના એના જેવા જ કવિ અને નાટ્યકાર ક્રિસ્ટૉફર માર્લોની પણ ૪૦૦મી જયંતી આ જ વર્ષમાં આવી ગઇ એ બહુ ખયાલમાં આવ્યું જણાતું નથી. પણ સાહિત્યસૃષ્ટિમાં માર્લોનું સ્થાન ઘણું ઊંચું છે; કેમ કે એના વિના શેક્સ્પીઅરનાં અને એ યુગનાં અન્ય નાટકોને પ્રેરણાત્મક માર્ગદર્શન પ્રાપ્ત થયું ન હોત, અને પરિણામે અંગ્રેજી સાહિત્યને કાવ્યાત્મક પ્રતીકો અને ભાષાના એક અદ્વિતીય ખજાનાની ખોટ પડી હોત. માર્લો એના યુગનો સુધારક, અગ્રેસર અને નાટકમાં પ્રવાહી પદ્યરચના તથા બાઇબલ બહારનાં પાત્રોનો પ્રયોગ કરનાર પહેલો નાટ્યકાર હતો, એટલું જ નહિ પણ નાટકમાં વસ્તુ, પાત્રાલેખન અને માનસશાસ્ત્ર પરત્વેનું એનું જ્ઞાન એટલું તો અભિનવ હતું કે એ એણે જો ન સર્જ્યું હોત તો એનાથી ઘણી સદીઓ મોડું તે ઉત્પન્ન થયું હોત.

વિક્ટોરિયન યુગના રાજકવિ લૉર્ડ ટેનિસને કહ્યું છે કે જો એલિઝાબેથન આકાશમાં શેક્સ્પીઅર સૂર્ય છે તો માર્લો પ્રભાતનો શુક્રતારક છે. માર્લોનાં કુલ છ નાટકોમાંનું દરેક સ્થાપિત પ્રણાલિકાઓ અને રૂઢિઓનું ખંડન કરે છે. 'ટેમ્બરલેઇન ધ ગ્રેઇટ'માં સત્તા માટેના ગાંડપણનું આલેખન છે, તો 'ડૉક્ટર ફાઉસ્ટસ'ના કરુણ ઇતિહાસમાં એક એવા વૃદ્ધ બુદ્ધિશાળી માનવીનું આલેખન છે કે જે મોજમજા સાથેનું યૌવન પુનઃ પ્રાપ્ત કરવા માટે



પોતાનો આત્મા રાક્ષસને સોંપવા તૈયાર થયો છે. 'ધ જ્યૂ ઑવ માલ્ટા' જાતિવાદનો પ્રશ્ન પ્રગલ્ભતાથી હલ કરે છે, તો 'સ્ત્રીના ધિક્કાર જેવો આવેશ તો નર્કમાં પણ નથી' એ સનાતન પ્રશ્ન 'ડીડો, ક્વીન ઑવ કાર્થેજ'માં ચર્ચાયો છે. સેઇન્ટ બાર્થોલોમ્યુની રાત્રિના ભયંકર બનાવોથી ત્રાસીને ઘણા ફ્રેન્ચ વણકરોને માર્લોના વતન કૅન્ટરબરીમાં આશ્રય લેવો પડેલો, એને લગતું કદાચ પહેલું જ દસ્તાવેજી નાટક છે 'મૅસૅકર ઍટ પારી(સ) છેલ્લા નાટક 'એડવર્ડ સેકંડ'ની ટ્રૅજેડી વિષે ચાર્લ્સ લૅમ્બે લખ્યું છે કે 'મારા ખયાલમાં છે એવા કોઈ પ્રાચીન કે આધુનિક નાટકના કરુણ દૃશ્ય કરતાં માર્લોનું રાજાના મૃત્યુનું દૃશ્ય વધારે દયા અને ભીતિ ઉત્પન્ન કરે છે.' 'હિરો અને લેન્ડર' નામની એક લાંબી કવિતા પણ માર્લોએ લખી હતી, જે એના મૃત્યુ બાદ ૧૫૯૭માં પ્રસિદ્ધ થઈ હતી. માર્લોની કલમમાંથી નીચેના જેવી વારંવાર ઉલ્લેખ પામતી પંક્તિઓ સરી ના હોત તો અંગ્રેજી સાહિત્ય સાવ દરિદ્રી જ રહ્યું હોત:

'Was that the face that launched a thousand ships?'

સ્થાનિક મોચી-મંડળના પ્રમુખ, દેવળના કલાર્ક (clerk) અને એક ધર્મશાળાના વ્યવસ્થાપક જૉન માર્લોનું બીજું સંતાન અને પહેલો પુત્ર, ભવિષ્યમાં 'કેન્ટના કવિ'નું બિરુદ પ્રાપ્ત કરનાર ક્રિસ્ટૉફર માર્લો, એના જમાનામાં 'ઍવનના કવિ' (શેક્સ્પીઅર) કરતાં થોડો આગળ હતો. એને માર્ગરેટ, જોન, ઍન અને ડૉરોથી નામની ચાર બહેનો હતી.

માર્લો અસાધારણ તેજસ્વી વિદ્યાર્થી હોવો જોઈએ, કેમકે જે મેળવવા માટે લૅટિન કવિતા વાંચવાની ને સર્જવાની શરત હોય છે એવી 'આર્ચબિશપ મૅથ્યુ પાર્કર'ની શિષ્યવૃત્તિ એ કૅન્ટરબરીની સરકારી શાળામાં હતો ત્યારે એણે જીતી હતી! ત્યાં બે વર્ષ ગાળ્યા બાદ એણે કેમ્બ્રિજ યુનિવર્સિટીની શિષ્યવૃત્તિ પણ મેળવી, અને ઈ.સ. ૧૫૮૦ના ડિસેમ્બર માસમાં ફક્ત ૧૬ વર્ષની ઉંમરે એ કોર્પસ ક્રિસ્ટી કૉલેજમાં દાખલ થયો, જ્યાં એણે લૅટિન અને ગ્રીકનો અભ્યાસ કર્યો, ઓવિડના 'એમોરિસ' અને લુકાનના 'ફાર્સાલિયા'નું અંગ્રેજીમાં ભાષાન્તર કર્યું, ગુપ્ત રીતે મશિયાવેલીનાં પુસ્તકો ને નાટકો તફડાવ્યાં, અને હજી તો સ્નાતક પણ નહોતો થયો એ પૂર્વે તો બે નાટકો–'ટેમ્બરલેઈન' અને 'ડીડો'–લખ્યાં.

ઈ.સ. ૧૫૮૪માં એની વીસમી વર્ષગાંઠ પછી તરત જ એણે સ્નાતકની ઉપાધિ મેળવી અને પછીનાં બીજાં ત્રણ વર્ષ માટે પણ પોતાની શિષ્યવૃત્તિ મંજૂર કરાવી. પણ ઈ. ૧૫૮૭માં એમ. એ.ની ઉપાધિ માટે એ લાયક થયો ત્યારે યુનિવર્સિટીના કુલપતિએ, તે છેલ્લા સત્રમાં ગેરહાજર રહ્યો હતો એ કારણે, એને ઉપાધિ એનાયત કરવાની ના પાડી. અફવા એવી હતી કે એણે ત્રણ માસ માટે ગાપચી મારી હતી એટલું જ નહિ પણ રૂહેમમાં રહી રોમન કૅથૉલિક પંથ સ્વીકાર્યો હતો. કુલપતિનો નિર્ણય સાંભળી એ લાગલો લંડન ગયો ને પોતાના આશ્રયદાતા સર ટૉમસ વૉલ્શિંગહામને મળ્યો, જેનો પિત્રાઈ ભાઈ સર ફ્રાન્સિસ વૉલ્શિંગહામ રાજ્યમંત્રી ને પ્રીવી

શબ્દકથા : અધૂકડું

જૈનોના અર્ધમાગધી સાહિત્યમાં તેમજ બૌદ્ધોના પાલિ તથા સંસ્કૃત સાહિત્યમાં તપના પ્રકારોમાં એક પ્રકાર ઉભડક આસને બેસવાનો કે ઊંઘવાનો છે. આવા આસનને સંસ્કૃતમાં 'ઉત્કટુક' કે 'ઉત્કુટુક', પાલિમાં 'ઉક્કુટિક' અને પ્રાકૃતમાં 'ઉક્કુડુય' કહ્યું છે. આ શબ્દ પશ્ચિમ ભારતની ભાષાઓમાં જળવાયો છે. હિંદી અને રાજસ્થાની 'ઉકડૂ', ઉકડ; ગુજરાતી 'ઊકડુ' કે 'ઊકડું'. સૂરતી પ્રયોગ 'ઊકમડિયે બેસવું' એટલે 'ઉભડક પગે બેસવું' આ ઉપરથી મૂળ રૂપ 'ઉત્કુટક' તેમજ 'ઉત્કુટુક' બંને સમજાશે.

'અધૂકડું' એટલે 'ઉભડક બેઠેલું'. આમાં સંસ્કૃત 'અર્ધ' પરથી આવેલો અંશ 'અધ' અને 'ઊકડું' છે. 'અદ્ધકડું' પણ બોલાય છે. 'અધૂકડું'નો બીજો અર્થ 'અરધું ઉઘાડું' એવો છે. આમાં 'અધૂકડું' અને 'અધૂઘડું' (અરધું ઉઘાડું) વચ્ચે ગરબડ થઇ છે. જાણીતી લોકવાર્તા 'ખડબડ ખડબડ ખોદત હૈ'માં બ્રાહ્મણે જોડીને બનાવેલી કવિતા કે શ્લોક આમ છે:

ખડબડ ખડબડ ખોદત હૈ, લાંબી ડોકે જોવત હૈ,
ફૂકડમૂકડ બેઠત હૈ, દડબડ દડબડ દોડત હૈ.

આમાં, લપાઇને બેઠેલા ચોર માટે, અને કુકડી માટે 'ફૂકડમૂકડ બેઠત હૈ' છે, તે ખરી રીતે તો 'ઊકડમૂકડ બેઠત હૈ' જોઇએ. પણ વાર્તામાં કુકડી છે તેથી 'કૂકડમૂકડ' થઇ ગયું!

હરિવલ્લભ ભાયાણી

કાઉન્સિલર હતો. પ્રીવી કાઉન્સિલની એક અગત્યની સભા તરત જ બોલાવવામાં આવી અને એવી જાહેરાત કરવામાં આવી કે માર્લો રાણીના કામ અંગે જ પરદેશ ગયો હતો, એથી એને એમ. એ.ની ઉપાધિથી વંચિત રાખવો નહિ. પરિણામે એકજ અઠવાડિયામાં માર્લોને એમ. એ.ની ઉપાધિ પ્રાપ્ત થઈ, અને પબ્લિક રેકોર્ડ ઑફિસમાં રાખેલા દસ્તાવેજ પરથી એમ સાબિત થયું કે માર્લો એક દેશદ્રોહી તરીકે નહિ પણ રાણી એલિઝાબેથ પહેલીને ગાદી પરથી ઉઠાડી સ્કૉટલૅંડની રાણી મેરીને ગાદી અપાવવા પ્રયત્ન કરતા રોમન કૅથૉલિકો પર છૂપી નજર રાખવા રૂહેમ ગયો હતો!

એને કેમ્બ્રિજ મોકલીને વિદ્વાન પાદરી બનાવવાની કૅન્ટરબરીના આર્ચબિશપની, ઇચ્છાને ફોક કરીને એ તો લંડનમાં જ આવી સ્થિર થયો, જ્યાં એનાં નાટકો કર્ટેન અને રોઝ થીએટરોમાં ભજવાવા લાગ્યાં. એનાં નાટકોમાં નાયક બનનાર એ સમયના ખ્યાતનામ અભિનેતાઓમાંનો એક, ડલ્વિચ કૉલેજનો સ્થાપક ને એને ચૂંગી પીતાં શીખવનાર વિખ્યાત ઇતિહાસકાર સર વૉલ્ટર રેલે, એના મિત્રોમાં મુખ્ય હતા.

પણ આ તેજસ્વી યુવાન નાટ્યકારની કારકિર્દી ટૂંકી ને વિચિત્ર બનવા સર્જાઈ હતી. એ સર ટૉમસ વૉલ્શિંગહામનો આશ્રિત હોવા છતાં, એની અણઘડ વર્તણૂક અને નાસ્તિક ને ધર્મવિરોધી વિચારોની મુક્ત અભિવ્યક્તિના લીધે પ્રીવી કાઉન્સિલને હવે એના માટે શંકા ઉત્પન્ન થઈ. પરિણામે ૧૫૯૩ના મે માસમાં એની ધરપકડ કરવામાં આવી અને બીજા મહિનામાં કેસ ચલાવવાનો નિર્ણય કરી એને જામીન પર છોડવામાં આવ્યો. જો ૩૦મી મેના દિવસે એની આ ટૂંકી મુક્તિ દરમિયાન ડેપ્ટફોર્ડની એક વીશીમાં થએલી તકરારમાં એનું ખૂન ન થયું હોત તો ઈંગ્લંડના આ મહાન કવિનો અંજામ થાંભલે બાંધીને બાળી નાખવાની, એ સમયે નાસ્તિકોને થતી રૂઢિગત સજા દ્વારા જ આવ્યો હોત.

એના મૃત્યુ બાબતમાં કશું ચોક્કસ જાણવા મળ્યું નથી. પોલીસ તપાસમાં ઇન્ગ્રામ ફ્રેઝરે કબૂલ કરેલું કે પોતે સ્વરક્ષણાર્થે માર્લોને ઘા કરેલો; પણ મૃત્યુનોંધના રજિસ્ટરમાં ખૂની તરીકે ફ્રાન્સિસ આર્ચરનું નામ નોંધાયું છે. અંતિમ નિર્ણય એવો થયો હતો કે દુસ્સાહસને લીધે એનું મૃત્યું થયું હતું. વળી એ ગામના સરપંચે એનું શબ જોવાની કે ઝીણવટભરી કશી ચકાસણી કરવાની તકલીફ લીધી નહિ, કેમકે એ સમયે ત્યાં પ્લેગ ચાલતો હતો.

૧૫૯૩ના જૂનની પહેલી તારીખે ડેપ્ટફોર્ડના કબ્રસ્તાનમાં માર્લોના મૃતદેહને દાટવામાં આવ્યો, પણ એના મૃત્યુ વિષે અનેક અફવાઓ ઊભી થઈ; જેમાંની એક એવી હતી કે આવા ઉદ્ધત જુવાન સાથેના સંબંધમાંથી છૂટવા માટે ખુદ સર ટૉમસ વૉલ્શિંગહામે જ પોતાના માણસો (જેમાંનો એક ફ્રેઝર હતો) મારફત એનું ખૂન કરાવ્યું હતું; જ્યારે બીજી અફવા, જે અમેરિકન ઇતિહાસકાર ને નાટ્યવિવેચક કેલ્વિન હૉફમેનની માન્યતાએ ઊભી કરેલી તે એવી છે કે ત્યાં તો માર્લોના બદલે બીજા જ કોઈના દેહને દાટવામાં આવ્યો હતો અને એ તો ફ્રાન્સ કે ઈટલી જઈને રહ્યો હતો, જ્યાં રહી એણે સ્ટ્રૅટફોર્ડના અભિનેતાઓ માટે શેક્સપીઅરના નામે નાટકો લખ્યાં હતાં!

એક આધુનિક અંગ્રેજ લેખક આર. ચાર્લ્સ લાઈબર્મૅન માને છે કે માર્લો, એના સમકાલીનોએ ચીતર્યો છે એવો વ્યભિચારી, નાસ્તિક કે ધર્મવિરોધી નહિ, પણ સહેજ ગરમ મિજાજનો યુવાન હશે. એનામાં તેજસ્વી પ્રતિભા ને રૂહેમમાં રાણી માટે જાનનું જોખમ ખેડવા જેટલી દેશભક્તિ છતાં એ સમયના સમાજે એને કૅન્ટરબરીના મોચીના પુત્ર કરતાં વિશેષ તરીકે સ્વીકાર્યો નથી. સરકારી શાળામાં અને કૉલેજમાં એને મળેલી શિષ્યવૃત્તિઓ એની પ્રતિભાને નહિ પણ એના કિસ્મતને આભારી ગણવામાં આવી છે. ફક્ત રૅલેએ એને યોગ્ય રીતે સ્વીકારી, એલિઝાબેથન યુગના સ્વાર્થસંતોષી લોકોને પોતાના તૉરી ખયાલોથી આઘાત આપવાની તક આપી હતી. પણ રૅલે પોતે તો સમજતો હતો કે જેને પોતાના સ્વતંત્ર્ય તથા જીવનની ખેવના હોય તે એવા તૉરી ખયાલો રાખે એ અસંભવિત હતું.

મૃત્યુ સમયે માર્લોની ઉમર ૨૯ વર્ષની હતી છતાં એ ખ્યાતનામ નાટ્યકાર હતો. શેક્સપીઅરનાં ઐતિહાસિક નાટકો પર માર્લોની અસર છે ને શાયલૉક તો 'જ્યૂ ઑવ માલ્ટા'ના બાર્બારા ઉપર જ અવલંબે છે.

કૅન્ટબરી ખાતેનું માર્લોનું જન્મસ્થાન તો ગત વિશ્વયુદ્ધમાં નાશ પામ્યું છે પણ જ્યાં એણે સમૂહમાં પ્રાર્થના કરી હતી એ દેવળ, જ્યાં એ સ્કૉલર હતો એ સરકારી શાળા, જ્યાં એની પ્રતિમા ઊભી છે એ 'ડેન જોન ગાર્ડન', જ્યાં એના ખ્રિસ્તી જન્મસંસ્કારની વિધિ કરવામાં આવી હતી એ સેન્ટ જ્યૉર્જનું દેવળ, કૅમ્બ્રિજમાં એની કૉલેજ કોર્પસ ક્રિસ્ટી, ચીઝલહર્સ્ટમાં એના આશ્રયદાતાનું મકાન અને લંડનમાંના એના મિત્રોની કબરો દ્વારા એનાં સંસ્મરણો જાગ્રત કરી શકાય એમ છે.

નર્મ-હાસ્યનાં નવાં પુસ્તકો

વ્રજલાલ દવે

'ગોરખ અને મચ્છિન્દ્ર'માં ચિનુભાઈ પટવા 'ફિલસૂફે' હળવા લેખો સંગૃહીત કર્યા છે. આ પુસ્તક એક તરફ કોઈ સિદ્ધહસ્ત સર્જકતાનો દાવો કરી શકે તેમ નથી તો સામે પક્ષે એમાંનું આલેખન માત્ર બે ઘડીની મોજ પણ નથી એ હકીકત પુરવાર કરે તેવું છે.

આમાં ગુરુ મચ્છિન્દ્રનાથ અને શિષ્ય ગોરખની જોડીના સંવાદ રૂપે કોંગ્રેસપક્ષના રાજકારણની કેટલીક ઘટનાઓની અને વ્યક્તિઓની લેખકને લાગેલી વિચિત્ર અને કઢંગી લીલા હળવી રીતે રજૂ કરવામાં આવી છે. જ્યારે લેખકને લોકશાસનની આણ નીચે પણ સત્ય ન્યાય અને મુક્તતાનાં મૂલ્યો રૂંધાતાં લાગ્યાં છે ત્યારે એમણે કટાક્ષશરો ફેંક્યાં છે. વર્તમાન રાજકારણમાં પ્રસિદ્ધ કેટલીક વ્યક્તિઓ એ શરસંધાનનો શિકાર બની છે.

વર્તમાનપત્રોની કટારમાં આ પ્રકારનું મુક્ત અને નિર્ભય હાસ્ય વિરલ ન ગણાય, પણ તેનું આ પ્રકારનું રસવાહી સાતત્ય મુશ્કેલ ગણાય. તેથી જ લોકહૃદયમાં આ લેખમાળાએ પ્રિય સ્થાન મેળવી લીધું હતું. દૈનિક પત્રોની કટારોમાંના અલ્પાયુષી હાસ્યલેખો ભાગ્યે જ 'લેખો'ની કક્ષા સુધી પહોંચે. જો કે આ સંચયમાંના થોડાક હળવા લેખો ટકી રહે તેવા છે. તેનું આ ટકાઉપણું અભિનંદનીય ગણાવું ઘટે.

લેખકે રજૂ કરેલી વિવિધ ઘટમાળ કે પાછળ કેટલીક વાર ઘટનામાળ અહંકાર, દુરાગ્રહ ને સત્તામોહનાં બિંબો ચમક્યા કરે છે. આવાં સ્થાનોમાં હાસ્ય સૂક્ષ્મતા સુધી—નર્મ વિનોદ સુધી પહોંચી શકે છે. સામાન્ય સંજોગોમાં લેખક કટાક્ષ (સૅટાયર)થી ભાગ્યે જ આગળ જઇ શક્યા છે. વળી નજીકની વ્યક્તિઓ પ્રત્યેનો તેમનો પૂર્વગ્રહ પડઘાયા વિના રહ્યો નથી. તેથી બધા જ લેખોમાં 'નિર્દોષ' મનોરંજન છે એવી દલીલ કરી શકાય તેવું નથી. સાંપ્રત પ્રવાહમાંથી હાસ્યક્ષમ પરિસ્થિતિને પકડી તેને ફાળકે ચડાવવાની તેમની કુશલતા અને નિર્ભયતા અભિનંદનપાત્ર છે. (રવાણી પ્રકાશનગૃહ ટિળકમાર્ગ અમદાવાદ-૧
કિં. રૂ. ૫–૫૦

'હળવું ગાંભીર્ય'માં 'ફિલસૂફ' મુખ્યત્વે સામાજિક વિષયો અને વલણો પર કટાક્ષો

કરે છે. દરજી ('આધુનિક કનૈયા')થી માંડીને યુટોપિયા બનતા ભારત સુધી તેમની દૃષ્ટિ-યાત્રા લંબાએલી છે. શ્રીમંતોનાં મેલાં કપડાં, દિવાળી વખતે વાનગીઓનો આસ્વાદ, શાંતિ-વિસ્તાર (સાઇલેન્સ ઝોન), કૉલેજની જાહેર ખબરો, ઘૂજેટી, વગેરેના આલેખનમાં અમદાવાદીઓની ખાસિયતો તારવી તેમણે વિશિષ્ટ રજૂઆત દ્વારા હાસ્યનું વાતાવરણ સરજ્યું છે; ઉપરાંત તેમણે ગોરખની કંઠી અને ખુરશીપ્રિય બિલાડાના પ્રસંગો દ્વારા રાજકારણી કટાક્ષરસનું ચટકું પણ મૂક્યું છે.

કોઈ મર્મજ્ઞ ઉત્કૃષ્ટ હાસ્યકારની શક્તિનો પરિચય 'ફિલસૂફ'ના આ પુસ્તકમાં થતો નથી, તેમછતાં લેખકની ઘૂમતી નજરે કુટુંબજીવન, સ્ત્રી-સંવાદ, નગરજીવનની અલ્પતા જેવા વિષયો સહેલાઈથી ઝડપાઈ જાય છે. 'પરીઓનો પરિ-સંવાદ' અને 'સ્ત્રીઓનું તર્કશાસ્ત્ર' હળવી ગંભીરતાનાં સારાં ઉદાહરણો છે. તેમાં માર્મિકતાની સાથે સ્ત્રીમાનસની અનેકવિધ છટાઓ ખીલી આવી છે.

સરળ મધુર ભાષા અને નિર્દંભ રજૂઆત હાસ્યપ્રસંગોને ખૂબ પોષક નીવડી છે. સમગ્રરીતે જોતાં હાસ્યરસની સિદ્ધિ માટે આ પ્રકારનો ગંભીર પુરુષાર્થ ખૂબ આવકાર્ય ઠરે છે. (પ્ર૦ શ્રી લક્ષ્મી પુસ્તકભંડાર, ફર્નાન્ડિઝ પુલ પાસે, અમદાવાદ-૧ કિં. રૂ. ૫–૫૦)

'મોજ મજાક અને મેહફિલ' એ શ્રી રમેશ મ. ભટ્ટની હળવી નિર્બંધિકાઓનો સંગ્રહ છે. વર્તમાનપત્રની કટારો માટે લખાએલાં આ લખાણોમાં ઘણે ઠેકાણે જીવવાળું હાસ્ય છે. 'સ્પેશિયાલિસ્ટના પંજામાં', 'ચાલો વરઘોડે જઈએ', 'લગ્નને માંડવે', 'ત્રણ વાંદરા' વગેરેમાં નિર્દંશ રમૂજની સાથે જીવનનો કોઈ ને કોઈ ખૂણો ઉજાળી આપતાં કિરણો પણ છે. ફ્લૅપ પર એક હાસ્યકારે ભલે ઉત્સાહથી બે મોઢે વખાણ કર્યાં હોય; પણ સમગ્રરીતે જોતાં તથ્ય તો કંઇ બીજું જ છે. કેવળ હળવાશ કે બે ઘડીનુ હાસ્ય એ જ લેખકનું નિશાન નથી લાગતું. મધ્યમ વર્ગની બચતના વ્યંગમાં તો કારુણ્યનું આછું—અર્ધપ્રગટતું આંસુ પણ છે. વિષયાંતરની બહુલતા અને શબ્દની ચાતુર્યપ્રેરક ચેષ્ટા, આ બન્નેમાંથી ઊગરી જાય તો શ્રી ભટ્ટ માર્મિક વિનોદ Humour–ભર્યા લેખો હજી વધારે ગુણવત્તાવાળા આપી શકશે તેમાં શંકા નથી. (પ્રકાશક: નવચેતન સાહિત્યમંદિર અમદાવાદ, રૂ. ૩)

ધૂળનાં ઢેફાં એ પુસ્તકના લેખો પણ હળવા, હાસ્યપ્રધાન જ છે. લેખક શાંતિલાલ ચંદુલાલ પરીખે ૧૯૪૭થી 'પરના ગાળામાં 'અખંડાનંદ', 'મુંબઈ સમાચાર', 'ખેડા વર્તમાન' વગેરે માસિક-વર્તમાપત્રોમાં તે પ્રસિદ્ધ કરેલા. તેમાં 'ટાલ', 'છીંક', 'આરસી' જેવા વિષયો પસંદ કરી લેખકે હાસ્ય નિષ્પન્ન કરવાનો પ્રયાસ કર્યો છે. 'પતન પ્રતિ પગલાં પાડતી આખી યે આદમી આલમને' અને 'સ્ત્રીપુરુષોની સમાનતાનું સત્યાનાશ થાવ' જેવા નિબંધોમાં હાસ્ય દ્વારા લેખક ગંભીર હેતુલક્ષી પ્રચારક લખાણ આપતા હોય એવું લાગે છે, અને હાસ્ય માત્ર અભિપ્રાયનું વાહન બની આવતું હોવાથી વરવું પણ લાગે છે. 'ચેલામંડળ' અને 'તુમાર' જેવા લેખોનો કટાક્ષ થોડોઘણો અસરકારક બન્યો છે. લેખકની હાસ્યસૃષ્ટિમાં ઘણી વધારે સૂક્ષ્મતા અને સૂચકતાના અભાવની મર્યાદા વર્તાય છે. (પ્રકાશક: લેખક પોતે, શારદાનગર સોસાએટી અમદાવાદ–૭, રૂ. ૩)

હેતુ અને હાર્દ

ઍઝ યૂ લાઈક ઇટ

મનુષ્યહૃદયમાં ઊંડું અવગાહન કરી, લોકોને સાધારણ રીતે ન દેખાતા માનવસ્વભાવના સ્તર કુશળતાથી ઉઘાડા કરી સંસ્કૃતિ ટીકા કરવાની તક નાટકકારને શોકપર્યવસાયી નાટક (ટ્રૅજેડી)માં મળી શકે છે. આનંદપર્યવસાયી નાટક (કૉમેડી)માં એમ કરવું મુશ્કેલ બને છે. લોકોને આનંદ આપવા માત્રના હેતુથી પ્રેરિત થઈ નાટકકાર નાટક લખે તો એ વિશુદ્ધ જીવનદર્શન આપી શકે ખરો? 'ઍઝ યૂ લાઇક ઈટ'માં એ કપરા પ્રશ્નનો જવાબ છે.

જીવનમાં આવેલી કટુતાને ભૂલી જવા ડ્યૂક 'વૃક્ષોમાં વાચા અનુભવે છે, દોડતાં ઝરણાંનું જાણે વાચન કરે છે, પથ્થરોમાં ગૂઢ સંકેતો જુએ છે અને સર્વત્ર માંગલ્ય નીરખે છે.' આમ દરેક જણ પોતાના જીવનના સાર રૂપે કોઈ એક વેશ સ્વીકારી લે છે—જેને જે ગમે તે, ફાવે તેવો. આમાં શેક્સ્પીઅર આપણને ઑર્લૅન્ડો, સીલિયા, રોઝલિંડ આદિ દ્વારા એક સુંદર જીવનદર્શન આપે છે.

પોતાના જીવનને ઇષ્ટ એવું કોઈ પણ તત્ત્વ પસંદ કરવાની શક્તિ માણસમાં હોય છે. દરબારમાં પ્રવર્તતી ફીતુરી, દગાબાજી, અપ્રામાણિકતા અને બીજી હૃદયહીનતાથી કંટાળી રોઝલિંડ અને સીલિયા અરણ્યમાં જવાનો નિશ્ચય કરે છે. આવું સાહસ જુવાન સ્ત્રીઓને હાનિકારક નીવડવાનો પૂરો સંભવ છે એમ તેઓ સમજે છે તેથી પુરુષવેશમાં જવાનું નક્કી કરે છે. આમ રોઝલિંડે વેશ ભજવવાનું નક્કી કર્યું, પણ એને આત્મજ્ઞાન હતું કે એ વેશ પોતાનાથી સફળ રીતે ભજવાશે નહિ, ઘણી મુશ્કેલીઓ નડશે. વારવાર મૂળ નાટકમાં આ વાતનો ઉલ્લેખ કરી એ જાત પર હસી પડે છે અને આપણી સહાનુભૂતિ મેળવે છે.

આત્મજ્ઞાનથી આત્મસંયમ ઉદ્ભવે છે અને માણસ સફળ જીવન જીવી શકે છે. ઑર્લૅન્ડોનું પ્રેમાવિષ્કરણ પણ એવી જ જાતનું છે. ઝાડના થડ પર પ્રેયસીનું નામ કોતરતો જાય, પ્રેમ વિષે અકાવ્યાત્મક જોડકણાં રચતો જાય, એ બધું પ્રેક્ષક કે વાચક જોઈ શકે છે, એ બધા ચાળા હાસ્યાસ્પદ છે એમ તે સમજી શકે છે, છતાં ઑર્લૅન્ડોનો ઉપહાસ કરવાનું મન એને થતું નથી. કારણ? એટલું જ કે દુનિયાનાં દંભ ને કપટથી દાઝેલાં આ બે પાત્રો પોતાના હૃદયની નિષ્કપટતા જાળવી રાખી શક્યાં છે. ખરાબ વસ્તુઓના સાહચર્યમાં રહીને પણ તેઓ પોતાની શુચિતાને ટકાવી શક્યાં છે. અને તેથી બંને પ્રશંસાર્હ છે.

'ઍઝ યૂ લાઈક ઇટ'નું હાર્દ મને આ રીતે સમજાય છે. આત્મજ્ઞાન મેળવી, આત્મસંયમ કેળવી જીવનનો અર્થ શોધી શકાય. ઑર્લૅન્ડો તથા રોઝલિંડ એ અર્થ કે રહસ્ય પામી શક્યાં. વ્યક્તિને પૂરો સંતોષ આપો, સમાજને અનિષ્ટ ન લાગે.

માનવતાના સદ્ગુણોને વળગી રહીને જ જેનું આવિષ્કરણ થાય એવો પ્રેમ માણસને જીવનમાં સાંપડે તો જીવન ધન્ય થાય. પછી એ પ્રેમિકનો વેશ ભજવતાં ભલે આપણે આપણી પોતાની નજરમાં હાસ્યાસ્પદ બનીએ, કે લોકો ભલે આપણી મશ્કરી ઉડાવે; પણ આપણને એ પ્રેમ આત્મકલ્યાણકારી લાગતો હોય તો લોકોની પરવા ન કરવી. જગત આખું રંગમંચ છે, આપણે બધા એમાં વેશ ભજવવાના છીએ. કેટલાક લોકો એ ભૂલી જવાના છે, અને ભવાઈના બાહ્ય રૂપને સત્ય સમજી આપણને હસવાના છે. પણ આપણે જાણીએ છીએ કે વેશ ભજવવાની સાથે જ આપણે આપણા હૃદયમાં શુચિતા અને શુદ્ધતા જાળવી શક્યા છીએ. પછી આપણું બાહ્ય સ્વરૂપ ભલેને હાસ્યજનક હોય! આપણે લોકોને કહીશું: 'આ ખેલ તમને દેખાય છે. એમાંથી તમને ગમે, રુચે, તે તમે સ્વીકારી લેજો.'

વસન્ત જોષી

આ નાટક સુખાન્ત છે, છતાં એના ચોથા અંકમાં વિષાદનાં મોજાં એટલાં દેખાય છે કે એને શોકમિશ્ર સુખાન્તિકા (ટ્રૅજિ-કૅામેડી) કહેવી યોગ્ય ગણાય. બીઆટ્રીસ અને બેનેડિક એ બે પાત્રોએ આ નાટકને અમર બનાવ્યું છે. ખરી રીતે નાટકમાં આ પાત્રો મહત્ત્વનાં નથી, એટલું જ નહિ પણ એમને નાટકમાંથી કાઢી નાખીએ તો યે નાટ્યવસ્તુને કશી જ હાનિ ન પહોંચે. ગૌણ પાત્રો યાદગાર બને અને મૂળ વસ્તુ ભુલાઈ જાય એમ થવાનું કારણ શોધવાનો પ્રયત્ન કરવા જેવો છે.

નાટકનું શીર્ષક છે: 'નજીવી વસ્તુ માટે નકામી ધમાલ'. એલિઝાબેથ(પહેલી)ના જમાનામાં નથિંગ (nothing) અને નોટિંગ (noting) એબે સમાનધર્મી શબ્દો homonyms ગણાતા. દેખાવમાં સરખા, પણ જુદા અર્થવાળા—નોટિંગ એટલે 'કોઈ વાત કરતું હોય. ત્યાં એમને ખબર પણ ન પડે એવી રીતે એમની વાત ચૂપકીદીથી સાંભળવી તે'; ને 'નથિંગ'નો રૂઢ અર્થ તો આપણે જાણીએ છીએ.

બીઆટ્રીસ પ્રેમને ધુત્કારે છે. મૃત્યુ સુધી અપરિણીત રહેવાની પ્રતિજ્ઞા બેનેડિકકરી બેઠો છે. હૃદયના સાચા અવાજને સાંભળવાની બંનેને ફુરસદ કે ઇચ્છા નથી. અને આ બે પાત્રોને પરિણયાભિમુખ કરવા એમની નિકટના લોકો એમના પરસ્પર પ્રેમ વિષેની વાતો ઉપજાવી કાઢી એ સાંભળી શકે એ રીતે બોલે છે ત્યારે બંને એ વાતોને વિશ્વસનીય ગણી લે છે. પ્રિયકર અને પ્રેયસીને પરસ્પર વિષેના પ્રેમની પ્રતીતિ લોકોની વાતો પરથી થાય છે. દરેકના મનમાં પ્રેમનો ફણગો સરખો યે ફૂટ્યો હોય એવી રીતે બેમાંથી એકે વર્તતું નથી. અને બીઆટ્રીસ તો એટલું કડુ બોલે છે કે એના મનમાં શું છે એ જોવાનો પ્રયત્ન કરવાનું યે કોઇને મન ન થાય. બેનેડિક પણ એવા જ સ્વાંગમાં ફરે છે. બંને એકબીજાને દ્વેષથી જુએ છે અને એ દ્વેષમાંથી આકર્ષણ જન્મે છે. એ વિરોધી આકર્ષણ વિચિત્ર લાગે છે. એ લોકો પરણવા તૈયાર થાય છે ત્યારે આપણને એમનો હૃદયપલટો થયો લાગતો નથી અને મનમાં વિચાર થાય છે: તો શા માટે નકામી ધમાલ કરી? એ કરતાં થોડુંક આત્મજ્ઞાન મેળવી આ બંને એકબીજાની નિંદા કર્યા વગર નિકટ ન આવી શકત?

અને છેલ્લો ડૅાગબેરી. એ સરકારી અધિકારી છે, પણ બિચારો શબ્દોના અર્થ કોઇ દિવસ શીખ્યો નથી. વદતોવ્યાઘાતનો એ સુંદર નમૂનો છે. 'હું ગધેડો છું' એવો એકરાર એ ઘણી વાર કરે છે, પણ મૂળ નાટકમાં એ 'ગધેડો' પોતાની ફરજ જો ભૂલ્યો હોત, અથવા પોતાની ન્યાયપરાયણ દૃષ્ટિને એણે જરા ય દગો દીધો હોત તો આ નાટક સુખાન્ત થાત જ નહિ. નાટકમાંનાં છળકપટ, કટુતા, બધું અંતે ભુલાઈ જાય છે. નહિ જેવી વસ્તુ માટે કહેવાતા મોટા લોકો કેવી નકામી ધમાલ મચાવે છે તે જોઈ એમને માટે આપણા મનમાં અણગમો જાગે છે અને આખરે એટલું યાદ રહે છે કે એક 'ગધેડા'એ જ લોકોને સુખી કર્યા!

વસન્ત જોષી

પ્રકીર્ણ પ્રકાશનો

વિચિત્ર સાહસ: શ્રી માધવલાલ દેસાઇએ કિશોરાવસ્થામાં લખેલું આ પુસ્તક ત્રણ કિશોર અને બે કિશોરીઓની સાહસકથા છે. આ વાર્તાની દુનિયા આપણી રોજિંદી દુનિયામાંથી ઊભી થએલી હોવાં છતાં એનાથી જાણે અનેક યોજનો દૂરની હોય એવો ભાસ થાય છે. ખજાનાની શોધ કરવા નીકળેલી દુષ્ટ ટોળકી સાથે પાંચ કિશોર-કિશોરીઓને કેવી રીતે પાનો પડે છે અને પોલીસ અમલદારની મદદથી તેઓ જીવસટોસટના સાહસમાંથી કઈ રીતે હેમખેમ પાર ઊતરે છે તેની આ કથા છે. ભાષા સાદી, સીધી અને મૌગ્ધ્યની છાંટવાળી હોઇ વિષયને અનુરૂપ છે અને નિર્દોષ હાસ્ય તેની શૈલીને ઉઠાવ આપે છે. ગંગારામ (પોપટ) અને ટપુ (કૂતરો) યાદ રહે એવાં છે. જીવ અદ્ધરતાલ થઈ જાય તેવી ક્ષણોમાં ગંગારામના મુખમાં રમૂજી વાકયો મૂકી લેખકે એમની કલાસૂઝ પ્રગટ કરી છે. સુખદ અંતમાં પરિણમતી આ સાહસકથા કોઈ ચીલાચાલુ જાસૂસી કથા કરતાં (ખાસ કરીને કિશોરમાનસને તો વધારે) ગમશે જ. ગુજરાત પુસ્તકાલય સહાયક સહકારી મંડળ લિ. વડોદરા રૂ. ૪).

—ચન્દ્રકાન્ત શેઠ

ગાંધીજીનાં સંસ્મરણો અને બીજી સાંભરણો: ગાંધીજીનાં (અને અન્ય નેતાઓના) વ્યક્તિત્વ તથા ચરિત્રને વિવિધ રૂપે રજૂ કરતી લગભગ ત્રણ દાયકાની સાંભરણો; લેખક: શાંતિકુમાર, પ્રકાશક: બાલગોવિંદ કુ૦ની કં. ગાંધીરોડ અમદાવાદ-૧, રૂ. ૫.

અદ્દ્ભુત સંધાણ · કૌશલકળા—૧૦

બહુ જ સરળ ને કદાચ ઠીકઠીક જાણીતો આ પ્રયોગ છે. જાદુગર પ્રેક્ષક પાસેથી એકાદ દીવાસળી માગે છે. બદલાવી ન લેવાય એટલા સારુ પ્રેક્ષકને એના પર કંઈ પણ નિશાની કરી લેવાનું પણ એ સૂચવે છે. પછી જાદુગર ખિસ્સામાંથી પોતાનો હાથરૂમાલ કાઢી એના છેડા પકડીને પ્રેક્ષકો સામે ઝાપટીને બતાવે છે કે એમાં કંઇ ઘાલમેલ કરેલી નથી. હવે એક હાથમાં દીવાસળી પકડી એ અદાથી એના પર પેલો રૂમાલ ઢાંકે છે ને પછી એ બહારથી જ દીવાસળી પકડી પેલો હાથ પણ રૂમાલ તળેથી કાઢી લઇને બંને હાથે પેલી (આકૃતિ ૧) દીવાસળી પકડી કોઈ એક પ્રેક્ષકને બોલાવે છે અને દીવાસળીને ભાંગી નાખવા કહે છે. ઇચ્છા હોય તો બીજો કોઇ પ્રેક્ષક બહારથી જ હાથ ફેરવીને દીવાસળી ભાંગી ગયાની ખાતરી કરી શકે છે. ને પછી જાદુગર પોતાની ઇલમકી લકડી ફેરવીને રૂમાલ ખોલે છે તો અંદરથી નિશાની કરેલી દીવાસળી એમને એમ ભાંગ્યા વિનાની આખી નીકળે છે.





રહસ્ય: રૂમાલની ચારે તરફ જે કિનારી વાળેલી હોય છે એના છેડા ખુલ્લા જ હોય છે. એ વાળેલી કિનારીમાં અગાઉથી જ એક દીવાસળી મૂકી રાખી હોય છે. (આ.૨) નિશાનીવાળી દીવાસળીને જાદુગર રૂમાલ સાથે પકડે ત્યારે એ દીવાસળીને તો સહેજ બાજુ પર રાખી, પેલી કિનારીમાં ભેરવેલી દીવાસળી વાળો ભાગ જ એ રૂમાલની મધ્યમાં લાવીને પકડે છે. પ્રેક્ષક તોડી નાખે છે તે દીવાસળી પણ આ, કિનારીની અંદર છુપાવી રાખેલી દીવાસળી જ. અસલ દીવાસળી તો બાજુ પર રહી જવાથી અખંડ જ હોય છે, જે છેલ્લે જાદુગર પાછી કાઢી બતાવે છે.

—નિરંજન ઠક્કર

ફૂટેલી આંખ

પંચશીલ

વિગ્રહથી થાકેલા ઉંદરોએ બિલાડીઓને કહ્યું: 'આપણે હવે "યુદ્ધ નહિ"નો કરાર કરીએ, તેમજ પંચશીલના સિદ્ધાંતો પ્રમાણે આપણી નીતિ ઘડીએ.'

બિલાડીઓ તેમ કરવા સંમત થઈ.

પરિણામે યુદ્ધ ગયું અને પંચશીલ કરારો રહ્યા. પણ પાંચ વરસ પૂરાં થતાં સુધી એક પણ ઉંદર ન રહ્યો.

સમિતિ

એક નાના ગામડામાં જઈ ચડેલા મુખ્ય પ્રધાને ત્યાં ઘણી માખીઓ જોઇને કહ્યુ: 'તમારે ત્યાં માખીઓનો ઘણો ત્રાસ છે. તેને દૂર કરવા માટે હું નવું ખાતું ખોલીશ અને તેના પ્રધાનશ્રીને કહીને માખીનું સંતતિનિયમન કેવી રીતે થાય તે શોધવા માટે એક સમિતિ નિમાવીશ. મને ખાતરી છે કે બેચાર યોજનાઓ પૂરી થતાં સુધીમાં માખીનો ત્રાસ આપણે નિર્મૂળ કરી શકીશું.'

એક ગામડિયાએ કહ્યુ: 'સાહેબ, માખીઓ મારવાનું કામ અમે તો આવી રીતે કરીએ છીએ.' આમ કહી તેણે પૂઠાથી એક માખી મારી નાખી.

તે જોઇને પ્રધાનશ્રીએ કહ્યું: 'અરે! આ કામ આટલું સહેલું હશે તેની તો મને ખબર જ નહોતી! હવે હું માખી મારવા માટે પૂંઠાંનું ઉત્પાદન વધારવા એક સમિતિ નીમીશ!'

હક

મધપૂડાને મધથી છલોછલ ભરીને બેઠેલી મધમાખીને ફૂલે પૂછ્યું: 'રે બાઈ! આમ આટલું બધું મધ ભેગું કાં કરે?'

મધમાખી બોલી: 'થોડા સમય પછી ઉનાળો આવતાં ફૂલ સુકાઈ જશે એટલે આ સંગ્રહેલું મધ હું કાળા બજારમાં બીજી માખીઓને વેચીને ધનવાન બની જઈશ.'

એ જ વખતે એક રીંછ તે મધપૂડા ઉપર તરાપ મારી અને તે મધ જમવા લાગ્યો. મધમાખી ચીસો પાડતી પૂછવા લાગી: 'અરે! તું કોણ છે? મારું મધ બધું જમી જવાનો તને શો અધિકાર છે?'

મધપૂડાનો એક મોટો ટુકડો ચૂસતાં રીંછે કહ્યુ: 'હું પશુઓમાં રૅશનિંગ ઇન્સ્પેક્ટર છું.'

રોગ

તે ડૉક્ટરે તે સ્થૂળકાય સન્નારીની નાડ જોઇને કહ્યુ: 'આજે અતિશય ખોરાક લેવાને કારણે જ આ રોગ થયો છે.'

સન્નારીએ વેદનાથી કણસતે અવાજે કહ્યુ: 'ખરી વાત છે. આજે અગિયારશનો ઉપવાસ હોવાથી મારાથી વધારે ખવાઈ ગયું.'

ભેદ

એક વખત એક ચકલો છાતી કાઢીને કાગડાની સામે લડવા તૈયાર થઈ ગયો. તેની હિંમત જોઇને બિચારો કાગડો ડરીને ઊડી ગયો.

પછી ચકલો સમડીની સામે થયો. તેના આવા વર્તનથી ડઘાઇને સમડી પણ ભાગીગઈ.

પછી એ જ ચકલો બાજ ઉપર હુમલો કરવા ધસ્યો. બાજ પણ ડરી જઇને દૂર ઊડી ગયો.

ત્યાર પછી કાગડો, સમળી અને બાજ ભેગાં થયાં ત્યારે સમડીએ કહ્યુ: 'ચકલી જેવું નિર્બળ પંખી પણ આટલી હિંમત બતાવે છે એનું કારણ શું હશે?'

પ્રાજ્ઞ કાગડાએ ડોકું હલાવીને કહ્યુ: 'જરૂર તેને પરદેશોમાંથી લશ્કરી મદદ મળતી હશે!'

હૂંડિયામણ

વનમાં પોતાના વધેલા શિકારને શિયાળ, ઝરખ વગેરે પ્રાણીઓ વચ્ચે વહેંચી દેવાની ટેવવાળા વાઘને હવે વધેલા ખોરાકનો સંગ્રહ કરતો જોઈને શિયાળે કહ્યુ: 'આમ વધેલો ખોરાક સંઘરવાથી તો તે સડી જશે. એના કરતાં અમને જ શા માટે ખાવા દેતા નથી?'

વાઘે જવાબ દીધો: 'ખોરાક સડી જશે તો ભલે; પણ હું તમને આપવાનો નથી. તેની નિકાસ કરીને મારે હૂંડિયામણ મેળવવું છે.'

પસંદગી

પોતાનો નવો જન્મ પોતાની પસંદગીનો જ મળશે એમ જાણીને તે ત્રણે ય જીવાત્માઓ આનંદમાં આવી ગયા.

સરકારી અમલદારના જીવાત્માએ બે હાથ જોડીને ધર્મરાજને કહ્યુ: 'પ્રભુ! મારે આવતો અવતાર શ્વાનનો જોઈએ છે, જેથી હું ગમે ત્યાંથી પેટ ભરીને પછી આરામથી આખો દિવસ ઊંઘી શકું.'

નેતાએ કહ્યુ: 'અને ભગવાન! મને કાગડાનો અવતાર આપજો, જેથી હું આખો દિવસ ભાષણ કરું તોપણ કોઈ મારી ટીકા ન કરે.'

અને છેલ્લે વેપારીએ કહ્યુ: 'પ્રભુ, મારે તો એલિસબ્રિજમાં મચ્છરનો અવતાર જોઈએ છે, જેથી હું પેટ ભરીને લોકોનું લોહી પી શકું!'

—નવનીત સેવક

નવાં જર્મન પત્રમિત્રો

(8) Hanne Gedeon, Konstanz/Bodensee, Fasanenweg 1, West Germany (16 f) music, literature drawing; (9) Brigitte Hanft, 871 Kitzingen, Kaiser Str. 19 (17 f) general interests; (10) Heidelore Schmitt, 8702 Essleben, Schule 132 ½ (18 f) music, stamps, coins, sport; (11) Brigitte Koch, 8712 Volkach, Siedlerweg 1 (18 f) classical music, art, postcards; (12) Inge Karl, 805 Freising, Kammergasse 22 (21 f) music, dancing, stamps; (13) Maria-Cornelia Becker, 75 Karlsruhe, Welfenstr. 9 a (20 f) history philosophy, theatre, painting, ballet; (14) Franzi Hitzges, Essen-Hellwig, Hans Horl Str. 74 (15 f) general interests; (15) Marianne Sohn, 795 Biberach, Waldseer Str. 94 (16 f) music, dancing, postcards; (16) Heidi Ludwig, Forchheim, Frankenstein Str. 6 (18 f) reading, swimming, travelling; (17) Ursula Mayer, 89 Augsburg, Lutzow Str. 66 a (20 f) stamps, postcards, music; (18) Edeltraud Spotka, 89 Augsburg, Morell Str. 23 (20 f) stamps, postcards; (19) Ingrid Pudel, Duisburg 1, Drossel Str. 12 (17 f) classical music, art, literature; (20) Kurt H. Flock, Krefeld-Uerdingen, Duisburger Str. 351 (21 male) stamps, art, reading, sport; (21) Gerhard Friedrich, Forchheim/Ofr, Haupt Str. 55 (18 m) music, theatre, sport, films; (22) Rusiger Starl, bei Stanner, 8011 Reithofen, Post Pastetten (21 m) ancient history, reading; (23) Joachim Elle, Karl Marx Stadt, Hutten Str. 12 (19 m) music, sport, history; (24) Gunther Schafnitzel, 8851 Oberndorf, bei Donauworth (19 m) swimming, stamps, postcards, music. (દરેક સરનામાને છેડે West Germany ઉમેરવું.) (ઉલ્લેખ: શ્રી ગિરીશ મોદી, ૧૧૭૧ ધનાસુથારની પોળ, અમદાવાદ)

નહિ એવી અનેક બાબતો-ધાર્મિક સામાજિક કે રાજકીય સર્વમાં તેમને જીવન્ત રસ હોઈને, મિત્રો, સ્વજનો સાથે આવી ચર્ચા-વાર્તાવિનોદમાં પોતાનો સમય પસાર કરતા.

આમ તેમનું જીવન વહી રહ્યું હતું. એવામાં ૨૮મી ફેબ્રુઆરીની રાતે તેમના ઉપર હૃદયના વ્યાધિનો એકાએક હુમલો આવ્યો જે અઢારેક કલાક સુધી ચાલ્યો. માથે મૃત્યુ ઝઝૂમી રહ્યું હતું છતાં પ્રારંભથી અન્ત સુધી તેઓ એકસરખી શુદ્ધિમાં હતા; અને જે કાંઇ બનવાનું તેને ભેટવાને પૂરા તૈયાર હોય એવી સ્વસ્થતાપૂર્વક અંતિમ ઘડીઓ તેઓ પસાર કરી રહ્યા હતા. મિત્રો-સ્નેહીઓ આવતા ગયા તે સર્વનું અભિવાદન કરતાં 'હવે હું જાઉં છું,' એમ કહેતાં સૌકોઈની રજા લેતા રહ્યા હતા. એમાં વળી ગાળેગાળે લોહીની ઊલટી થવા લાગી. પરિસ્થિતિની ગંભીરતા વિચારીને તેમનાં સ્વજનો રામનામની ધૂન શરૂ કરે, ૐ નમઃ શિવાયનો જાપ કરે તો તેમાં પોતે સામેલ થતા. અન્ય કોઇ ભજન ગાય તો તેમાં પણ સૂર પુરાવતા. તેમના મોટાભાઇ શ્રી હિંમતલાલ શુક્લ સાંજના છ વાગ્યે પહોંચતી ટ્રેનમાં આવી રહ્યા હતા. તે જાણમાં હોવાથી જાણે આવવાની રાહ જોતા હોય એમ તેઓ અંતિમ ક્ષણને ઠેલતા ગયા. પણ એ મેળાપ થવો સરજેલો નહિ ચાર વાગ્યા પહેલાં દશ મિનિટે 'હવે હું જાઉં છું, બધાંની રજા લઉં છું,' એમ બોલી તેમણે જીવનલીલા સંકેલવા માંડી અને દશ મિનિટમાં ઇશ્વરે આપેલું ઘર ખાલી કરી અનંતની યાત્રાએ ચાલી નીકળ્યા.

ભાનુભાઈ એક સામાન્ય માનવી હતા. સમાજ-ઇતિહાસના પાને અંકાય એવો કોઈ વ્યાપક પરિણામલક્ષી તેમનો પુરુષાર્થ નહોતો. પણ જેમ એક બાજુએ અસામાન્ય માનવીની સામાન્ય બાબતો પણ નોંધપાત્ર બની જાય છે તેમ એક સામાન્ય માનવીના જીવનમાં અસામાન્ય પુરુષાર્થનું આપણને કદી કદી દર્શન થતાં તે પણ નોંધપાત્ર બને છે. ભાનુભાઇનું જીવન આવું હતું. પ્રતિકૂળતાની પરંપરા આવે છતાં હતાશ ન બનવું, ટકી રહેવું, સ્વત્વ દાખવવું અને સામે દેખાતા મૃત્યુને હસતા મોઢે, સર્વ કોઈ ચિંતાથી મુક્ત બનીને સ્વીકારી લેવું એ કોઈ સામાન્ય પુરુષાર્થ ન ગણાય. તેમણે એક વીરપુરુષની માફક જીવી જાણ્યું અને એક પ્રાજ્ઞ પુરુષની માફક મરતાં પણ જાણ્યું, આ જ માત્ર અંજલિમાં તેમના જીવન-મરણનો સર્વ સાર આવી જાય છે.

(પ્રબુદ્ધજીવન) —પરમાનંદ કાપડિયા

અજંતાનાં ભીંતચિત્રોનું જતન

ઈ. સ. પૂર્વે પહેલી સદીથી માંડી ઈ. સ. સાતમી સદી સુધી જુદા જુદા સમયે ત્યાં રહેલા બૌદ્ધ સાધુઓએ અજંતાનાં ભીંતચિત્રો દોર્યાં હતાં. અશ્વનાળ આકારની દુર્ગમ ખીણમાં છુપાએલી ત્રીસથીએ વધુ ગુફાઓની ચારે તરફ ગીચ જંગલ ઊગી નીકળ્યું હતું અને કાળના કૈંક ઘસારા એણે સહ્યા હતા. ઈ. ૧૮૧૦માં એ શોધાયા પછી નિઝામ સરકાર આ જંગલ-ઝાડી સાફ કરવા અને ગુફાઓ સુધી જવાનો માર્ગ તૈયાર કરવા માટે વર્ષો સુધી ભારે જહેમત ઉઠાવી. એ ગુફા-ચિત્રોની જાળવણી માટે પણ અનેક પગલાં ભર્યાં અને અનેક ચિત્રોની પ્રતિકૃતિઓ પણ તૈયાર કરાવી. આજથી સાત વર્ષ પર ભારત સરકારના પુરાતત્વ ખાતાએ તે ગુફાઓ પોતાના હસ્તક લીધી.

દીવાલો અને છતો પર માટીનાં લીંપણ અને ચૂનાનાં આછાં પટ પર દોરેલાં આ ચિત્રો પર વર્ષોથી ધૂળ અને મેશ બાઝી ગઈ હતી. તેલના ડાઘ પડ્યા હતા, જાળાં બાઝયાં હતાં અને પંખીના માળા બંધાયા હતા. તૈલચિત્રોની જાળવણી માટેની ઇટાલિયન નિષ્ણાતોની પદ્ધતિને અનુસરીને નિઝામ સરકારે ચાલુ સદીની ત્રીસી-ચાલીસીના ગાળામાં એની પર લાખનો ઢોળ, એક રક્ષણાત્મક પગલા તરીકે ચઢાવ્યો.

પરંતુ વખત જતાં, લાખનો આ ઢોળ કાળો પડવા લાગ્યો. એ અર્ધ-પારદર્શક બન્યો અને મોટા ભાગનાં ચિત્રોનું દર્શન અસ્પષ્ટ, ઝાંખું અને ધૂંધળું બની ગયું. આ સ્થિતિ નિવારવા બીજી વાર આપવામાં આવેલા લાખના અપ્રમાણસરના ઓપથી ચિત્રોની સ્થિતિ ઊલટી વધુ બગડી. આ સર્વ ક્રિયા-પ્રક્રિયાને પરિણામે, ચિત્રોના અસલ રંગના ઉઠાવ બદલાયા. કેટલેક ઠેકાણે તો ખડક પર લગાવેલા માટીના થર ઊખડવા લાગ્યા કે એમાં તિરાડો પડવા લાગી. વર્ષો સુધી ભેજ અને હવામાનનાં પરિવર્તનોને પરિણામે આમ થવું સાવ સ્વાભાવિક હતું કારણ કે, આવી ઘસારાની પ્રક્રિયા સદીઓથી એકધારી ચાલી રહી છે.

પરંતુ ઘસારાની આ પ્રક્રિયાની ગતિ ઘણી ધીમી છે અને હવે જ્યારે ચિત્રોમાં તડ પડેલી જણાય છે કે તરત એની 'પ્રાથમિક માવજત' કરી સ્થિતિ વધુ બગડતી અટકાવાય એટલું જ બસ નહિ, પણ હવે ચિત્રો પર વર્ષોથી જામેલી ધૂળ, મેશ વગેરે દૂર કરવાની, ઊખડતાં પડ ફરી મજબૂત બનાવવાની અને શક્ય હોય એટલે અંશે અત્યારના વાર્નિશને કારણે ચમકદાર અને ભભક ધરાવતાં રંગોને બદલે અસલના આછા ઘેરા રંગો ફરી મૂળ સ્વરૂપમાં આણવાની રીતો પણ તૈયાર કરવામાં આવી છે.

ઈટાલીના નિષ્ણાતોએ લગાડેલા લાખના વાર્નિશથી આ ભીંતચિત્રો ચમકદાર બની ગયાં હતાં અને શૈલી અને ઉઠાવ બદલાઈ ગયાં હતાં. હવે એ વાર્નિશનો ઓપ સફળતાપૂર્વક કાઢી શકાયો છે અને તેથી મૂળ રંગો એમના અસલ રૂપમાં મહોરી ઊઠ્યા છે. પુરાતત્વ ખાતાને આવું કામ અજંતા ઉપરાંત સીતન્નવાસલ, બદામી ને વાઘની ગુફાઓ, લેપાક્ષી, તાંજોર, અને સોમપલ્લીનાં મંદિરો તથા ફત્તેહપુર સિક્રી, આગ્રા, અલ્લાહાબાદ, શ્રીરંગપટમ્ અને બીજાપુરમાં આવેલી મસ્જિદો તથા ઐતિહાસિક ઈમારતો બાબતમાં પણ પ્રાચીન અને મધ્યકાલીન ભીંત-કૃતિઓની જાળવણીનું કામ કરવું પડયું છે. અજંતાનાં ભીંતચિત્રોની નવી રાસાયણિક પ્રક્રિયાનું પરિણામ કેટલું સુંદર આવ્યું છે એનો ખયાલ, રાસાયણિક માવજત કરતાં પહેલાં માવજત દરમિયાન અને એ પછી લેવાએલી પારદર્શક તસવીરો પરથી આવી શકે છે. ચિત્રોની રાસાયણિક માવજત કરતાં પહેલાં પશ્ચિમમાં આ ક્ષેત્રે સધાએલી સિદ્ધિઓ અને પદ્ધતિઓનો અભ્યાસ કરવામાં આવ્યો હતો ને બીજા અવશેષો પર એ પદ્ધતિઓ અજમાવી જોવામાં આવી હતી.

ટિકિટક્ષેત્રમાં સનસનાટી

ટોંગાએ સોનેરી વરખની ટિકિટો કાઢ્યા પછી હમણાં સીએરાલીઓને ન્યૂ યૉર્કના વિશ્વમેળા નિમિત્તે બહાર પાડેલી ટિકિટોએ ટિકિટ જગતમાં વધુ સનસનાટી ફેલાવી છે. આપમેળે ચોટકી જાય એવી એ ટિકિટો એણે પોતાના દેશના નકશાના આકારમાં બનાવી છે! આ અગાઉ ત્રિકોણાકાર, ગોળાકાર ને અષ્ટકોણ ટિકિટો બહાર પડી છે, પણ દેશની રાજકીય સરહદના આકારની ટિકિટ બહાર પાડવાનું આ પગલું વધુપડતું હિંમતભર્યું છે, એટલું જ નહિ પણ એ ટપાલટિકિટને એના ગૌરવભર્યા સ્થાનેથી ખસેડીને લેબલોના ક્ષેત્રમાં લઈ જતું લાગે છે. વળી એ અવ્યવહારુ ને કંઈક ઉડાઉ પણ ગણાય. એકીસાથે એક જ કાગળ પર મોટા જથ્થામાં એને છાપવી મુશ્કેલ છે. એમાં પરફોરેશન પણ ન આવે. અને આને જ પગલે બીજા દેશો ચાલે તો તો ટિકિટજગતમાં ખળભળાટ જ મચી જાય. બીજી બાબતોને ગૌણ ગણીએ તો યે જે દેશોની સરહદો હજી પણ સત્તાવાર રીતે નિશ્ચિત નથી થઈ તેમની સીમા પરનો કોઈ પણ દેશ આવો પ્રયોગ કરે તો કેવા ઝઘડા ઊભા થાય? ઈટાલી, ચિલી, નૉર્વે, કૅનેડા કે બે ટુકડે વહેંચાએલા પાકિસ્તાન જેવા દેશોનું શું થાય?

ફૂટેલી આંખ

પંચશીલ

વિગ્રહથી થાકેલા ઉંદરોએ બિલાડીઓને કહ્યુ: 'આપણે હવે "યુદ્ધ નહિ"નો કરાર કરીએ, તેમજ પંચશીલના સિદ્ધાંતો પ્રમાણે આપણી નીતિ ઘડીએ.'

બિલાડીઓ તેમ કરવા સંમત થઈ.

પરિણામે યુદ્ધ ગયું અને પંચશીલ કરારો રહ્યા. પણ પાંચ વરસ પૂરાં થતાં સુધી એક પણ ઉંદર ન રહ્યો.

સમિતિ

એક નાના ગામડામાં જઈ ચડેલા મુખ્ય પ્રધાને ત્યાં ઘણી માખીઓ જોઇને કહ્યુ: 'તમારે ત્યાં માખીઓનો ઘણો ત્રાસ છે. તેને દૂર કરવા માટે હું નવું ખાતું ખોલીશ અને તેના પ્રધાનશ્રીને કહીને માખીનું સંતતિનિયમન કેવી રીતે થાય તે શોધવા માટે એક સમિતિ નિભાવીશ. મને ખાતરી છે કે બેચાર યોજનાઓ પૂરી થતાં સુધીમાં માખીનો ત્રાસ આપણે નિર્મૂળ કરી શકીશું.'

એક ગામડિયાએ કહ્યું: 'સાહેબ, માખીઓ મારવાનું કામ અમે તો આવી રીતે કરીએ છીએ.' આમ કહી તેણે પૂઠાથી એક માખી મારી નાખી.

તે જોઇને પ્રધાનશ્રીએ કહ્યું: 'અરે! આ કામ આટલું સહેલું હશે તેની તો મને ખબર જ નહોતી! હવે હું માખી મારવા માટે પૂંઠાંનું ઉત્પાદન વધારવા એક સમિતિ નીમીશ!'

હક

મધપૂડાને મધથી છલોછલ ભરીને બેઠેલી મધમાખીને ફૂલે પૂછ્યુ: 'રે બાઈ! આમ આટલું બધું મધ ભેગું કાં કરે?'

મધમાખી બોલી: 'થોડા સમય પછી ઉનાળો આવતાં ફૂલ સુકાઈ જશે એટલે આ સંગ્રહેલું મધ હું કાળા બજારમાં બીજી માખીઓને વેચીને ધનવાન બની જઈશ.'

એ જ વખતે એક રીંછે તે મધપૂડા ઉપર તરાપ મારી અને તે મધ જમવા લાગ્યો. મધમાખી ચીસો પાડતી પૂછવા લાગી: 'અરે! તું કોણ છે? મારું મધ બધું જમી જવાનો તને શો અધિકાર છે?'

મધપૂડાનો એક મોટો ટુકડો ચૂસતાં રીંછે કહ્યું: 'હું પશુઓમાં રૅશનિંગ ઇન્સ્પેક્ટર છું.'

રોગ

તે ડૉક્ટરે તે સ્થૂળકાય સન્નારીની નાડ જોઇને કહ્યું: 'આજે અતિશય ખોરાક લેવાને કારણે જ આ રોગ થયો છે.'

સન્નારીએ વેદનાથી કણસતે અવાજે કહ્યુ: 'ખરી વાત છે. આજે અગિયારશનો ઉપવાસ હોવાથી મારાથી વધારે ખવાઈ ગયું.'

ભેદ

એક વખત એક ચકલો છાતી કાઢીને કાગડાની સામે લડવા તૈયાર થઈ ગયો. તેની હિંમત જોઇને બિચારો કાગડો ડરીને ઊડી ગયો.

પછી ચકલો સમડીની સામે થયો. તેના આવા વર્તનથી ડઘાઇને સમડી પણ ભાગીગઈ.

પછી એ જ ચકલો બાજ ઉપર હુમલો કરવા ધસ્યો. બાજ પણ ડરી જઇને દૂર ઊડી ગયો.

ત્યાર પછી કાગડો, સમળી અને બાજ ભેગાં થયાં ત્યારે સમડીએ કહ્યુ: 'ચકલી જેવું નિર્બળ પંખી પણ આટલી હિંમત બતાવે છે એનું કારણ શું હશે?'

પ્રાજ્ઞ કાગડાએ ડોકું હલાવીને કહ્યુ: 'જરૂર તેને પરદેશોમાંથી લશ્કરી મદદ મળતી હશે!'

હૂંડિયામણ

વનમાં પોતાના વધેલા શિકારને શિયાળ, ઝરખ વગેરે પ્રાણીઓ વચ્ચે વહેંચી દેવાની ટેવવાળા વાઘને હવે વધેલા ખોરાકનો સંગ્રહ કરતો જોઈને શિયાળે કહ્યુ: 'આમ વધેલો ખોરાક સંઘરવાથી તો તે સડી જશે. એના કરતાં અમને જ શા માટે ખાવા દેતા નથી?'

વાઘે જવાબ દીધો: 'ખોરાક સડી જશે તો ભલે; પણ હું તમને આપવાનો નથી. તેની નિકાસ કરીને મારે હૂંડિયામણ મેળવવું છે.'

પસંદગી

પોતાનો નવો જન્મ પોતાની પસંદગીનો જ મળશે એમ જાણીને તે ત્રણે ય જીવાત્માઓ આનંદમાં આવી ગયા.

સરકારી અમલદારના જીવાત્માએ બે હાથ જોડીને ધર્મરાજને કહ્યુ: 'પ્રભુ! મારે આવતો અવતાર શ્વાનનો જોઈએ છે, જેથી હું ક્યાંયે ત્યાંથી પેટ ભરીને પછી આરામથી આખો દિવસ ઊંઘી શકું.'

નેતાએ કહ્યુ: 'અને ભગવાન! મને કાગડાનો અવતાર આપજો, જેથી હું આખો દિવસ ભાષણ કરું તોપણ કોઈ મારી ટીકા ન કરે.'

અને છેલ્લે વેપારીએ કહ્યુ: 'પ્રભુ, મારે તો એલિસબ્રિજમાં મચ્છરનો અવતાર જોઈએ છે, જેથી હું પેટ ભરીને લોકોનું લોહી પી શકું!'

—નવનીત સેવક

નવાં જર્મન પત્રમિત્રો

(8) Hanne Gedeon, Konstanz/Bodensee, Fasanenweg 1, West Germany (16 f) music, literature drawing; (9) Brigitte Hanft, 871 Kitzingen, Kaiser Str. 19 (17 f) general interests; (10) Heidelore Schmitt, 8702 Essleben, Schule 132 ½ (18 f) music, stamps, coins, sport; (11) Brigitte Koch, 8712 Volkach, Siedlerweg 1 (18 f) classical music, art, postcards; (12) Inge Karl, 805 Freising, Kammergasse 22 (21 f) music, dancing, stamps; (13) Maria-Cornelia Becker, 75 Karlsruhe, Welfenstr. 9 a (20 f) history philosophy, theatre, painting, ballet; (14) Franzi Hitzges, Essen-Hellwig, Hans Horl Str. 74 (15 f) general interests; (15) Marianne Sohn, 795 Biberach, Waldseer Str. 94 (16 f) music, dancing, postcards; (16) Heidi Ludwig, Forchheim, Frankenstein Str. 6 (18 f) reading, swimming, travelling; (17) Ursula Mayer, 89 Augsburg, Lutzow Str. 66 a (20 f) stamps, postcards, music; (18) Edeltraud Spotka, 89 Augsburg, Morell Str. 23 (20 f) stamps, postcards; (19) Ingrid Pudel, Duisburg 1, Drossel Str. 12 (17 f) classical music, art, literature; (20) Kurt H. Flock, Krefeld-Uerdingen, Duisburger Str. 351 (21 male) stamps, art, reading, sport; (21) Gerhard Friedrich, Forchheim/Ofr, Haupt Str. 55 (18 m) music, theatre, sport, films; (22) Rusiger Starl, bei Stanner, 8011 Reithofen, Post Pastetten (21 m) ancient history, reading; (23) Joachim Elle, Karl Marx Stadt, Hutten Str. 12 (19 m) music, sport, history; (24) Gunther Schafnitzel, 8851 Oberndorf, bei Donauworth (19 m) swimming, stamps, postcards, music. (દરેક સરનામાને છેડે West Germany ઉમેરવું.) (ઉલ્લેખ: શ્રી ગિરીશ મોદી, ૧૧૭૧ ધનાસુથારની પોળ, અમદાવાદ)

તવારીખ

પારખું થયું અને ન થયું

રાષ્ટ્રકુટુંબના ૧૭ દેશોના વડા પ્રધાનોની લંડનમાં મળનારી પરિષદમાં ઉપસ્થિત રહીને ભારતના નવા વડા પ્રધાન લાલબહાદુરશાસ્ત્રી આંતરરાષ્ટ્રીય ક્ષેત્રે પોતાના વ્યક્તિત્વનું પારખું કરાવી શક્યા હોત; પરંતુ નાદુરસ્ત તબિયતના કારણે તેમને જવાનું બંધ રહ્યું. (૧-૭-'૬૪) અને એમના બદલે ટી. ટી. કૃષ્ણમાચારી તથા ઇંદિરા ગાંધીને ભારત-પ્રતિનિધિ તરીકે મોકલ્યાં. (૬/૭) પરંતુ પરિષદને અંતે બહાર પડેલી યાદીમાં (૧૫/૭), અત્યાર સુધી કદી પણ નહોતો થયો તે, કાશ્મીરના પ્રશ્નનો ઉલ્લેખ થએલો જોઇને, પાકિસ્તાનની કૂટનીતિ સામે ભારતના પ્રતિનિધિઓની કામગીરીની નિષ્ફળતાની ભારતમાં સખત ટીકા થઈ.

એક વધુ રાષ્ટ્ર સ્વતંત્ર

૭૩ વર્ષ સુધી બ્રિટનની હકૂમત નીચે રહ્યા પછી મધ્ય આફ્રિકાનું ન્યાસાલૅન્ડ ત્યાંની મુખ્ય જાતિનું નામ ધારણ કરીને 'માલાવી' નામથી સ્વતંત્ર થયું. (૫/૭) વડાપ્રધાન તરીકે ડૉ. હેસ્ટિંગ્સ બાન્ડા નિમાયા.

મહાનગરને પારિતોષિક

અનેક આંતરરાષ્ટ્રીય પારિતોષિકો મેળવનાર સત્યજિત રાયને કલકત્તાની કથની કહેતા 'મહાનગર' ફિલ્મ માટે એક વધુ પારિતોષિક બર્લિનના વિશ્વ-ચિત્ર-મહોત્સવમાં મળ્યું.

અમેરિકન સહાય

ભારત માટે લશ્કરી સહાય મેળવવા બે માસ પહેલાં અમેરિકા ગએલા ભારતના સંરક્ષણ-પ્રધાનના પ્રયત્નોના ફળ રૂપે આવતાં પાંચ વર્ષ સુધીમાં લગભગ ૨ અબજ અને ૬૨ કરોડ રૂપિયાની લશ્કરી સહાય મળશે. એ સિવાય બીજી એક જાહેરાત પ્રમાણે ખેતીવાડી, ઉદ્યોગ, શિક્ષણ અને સ્વાસ્થ્યના ક્ષેત્રે લગભગ ૭૮॥ કરોડ રૂપિયાની અને ભારતની અનાજની અછત ઓછી કરવા ૪૦ લાખ ટન ઘઉંની સહાય આપશે. (૩૦/૭)

ચાઉનો અણધાર્યો બર્મા-પ્રવાસ

લાલ ચીનના વડા પ્રધાન ચાઉ એન લાઈ અને માઓત્સે તુંગના જમણા હાથ સમા વિદેશ પ્રધાન માર્શલ ચેન યી ચીન તરફ સારી પેઠે ઢળી ચૂકેલા બ્રહ્મદેશની બે દિવસની (૧૦-૧૨/૭) અણધારી મુલાકાત લઈ ગયા. મુલાકાત અંગેની સંયુક્ત યાદીમાં તો લાઓસના શાંતિમય ઉકેલની સુફિયાણી વાતો કરવામાં આવી છે, પરંતુ તેની પાછળના ભેદમાં ભારત ઉપરના ભાવિ શક્ય આક્રમણની યોજનાથી માંડી અગ્નિ-એશિયામાં ચીની વિસ્તારભૂખ સંતોષવાનાં અનુમાન કરાયાં.

લશ્કરી ભરતી

ચીનના આક્રમણના પરિણામે ભારતમાં ૧૯૬૨માં કટોકટીની જાહેરાત થઈ ત્યારથી અત્યાર સુધીમાં ૩ લાખ જવાનો અને ૧૦ હજાર લશ્કરી અધિકારીઓની ભરતી થઈ છે.

શિક્ષણ-સમિતિ

ભારતની સમગ્ર શિક્ષણપદ્ધતિનું આકલન અને એમાં પરિવર્તન લાવવા માટેનાં જરૂરી સૂચનો કરવા સારુ ૧૬ સભ્યોની એક સમિતિની રચના થઈ. (૧૬/૭) જેમાં અન્ય દેશોના કેળવણીકારોને પણ લેવાયા છે.

વિશ્વરાજકારણમાં હલચલ

આગામી નવેમ્બરમાં થનારી અમેરિકાની ચૂંટણીઓમાં પ્રમુખપદની ઉમેદવારી માટે રિપબ્લિકન પક્ષે વિચિત્ર ભેજાના, સામ્યવાદના કટ્ટર વિરોધી, અણુબૉંબનો ઉપયોગ કરવાના હિમાયતી અને ચુસ્ત રૂઢિવાદી બૅરી ગોલ્ડવૉટરને ચૂંટી કાઢીને (૧૬/૭) આંતરરાષ્ટ્રીય રાજકારણમાં હલચલ મચાવી મૂકી.

નવા વિદેશપ્રધાન

શાસ્ત્રીજીએ પોતાના પ્રધાનમંડળમાં વધુ એક વાર ફેરફાર કર્યો અને સરદાર સ્વર્ણસિંહને વિદેશપ્રધાન (૧૮/૭) તથા દાસપ્પાને ઉદ્યોગપ્રધાન બનાવ્યા. ભારત સ્વતંત્ર થયા પછી વડા પ્રધાનના ખાતાથી વિદેશ ખાતાને અલગ કરવાનો આ પહેલો જ બનાવ બન્યો.

સરહદ

ભારતની ઓતરાદી સરહદે તિબેટમાં ચીને સંપૂર્ણ લશ્કરીકરણ કરીને મોટી જમાવટ કરી છે (૨૫/૭) અને ભારતની સરહદમાં અવારનવાર ચીની લશ્કર અને વિમાનો ઘૂસી આવે છે એવો આરોપ મૂકતી યાદી ભારતે ચીનને મોકલી (૧૭/૭). એ જ રીતે કાશ્મીરમાં સંયુક્તરાષ્ટ્રસંઘના જે નિરીક્ષકો છે તેમણે પાકિસ્તાન નિરીક્ષકોને છેતરી રહ્યુ છે અને પાકિસ્તાન ભારતની સરહદમાં યુદ્ધવિરામ હરોળ ઓળંગી અવારનવાર ઘૂસીને આક્રમક હુમલાઓથી ભારતને ઉશ્કેરવાનો પ્રયાસ કરે છે એવો આરોપ પાકિસ્તાન પર મૂક્યો. (૨૦/૭)

કોમી તોફાનો

નાગરિકત્વના હક્કોની માગણી માટે સિંગાપુરમાં ચીની ને મલય વસતી વચ્ચે તથા ન્યૂયૉર્કમાં હબસીઓ અને ગોરાઓ વચ્ચે હિંસાત્મક તોફાનો ફાટી નીકળ્યાં (૨૩/૭).

સંગીત અને ફળ-ઝાડ

ફળ-ઝાડની ઉત્પાદનક્ષમતા સંગીતથી વધતી હોવાના દાવાને કોર્ઇમ્બતુરની એક કૉલેજના સંશોધને પડકાર્યો છે. છતાં એટલું તો સાબિત થયું છે કે સંગીતની અસર બધાં ફળઝાડો ઉપર એકસરખી નથી થતી (૨૧/૭).

આફ્રિકન શિખર-પરિષદ

આફ્રિકાનાં ૩૩ રાષ્ટ્રોના વડાઓની બીજી શિખર-પરિષદ કૅરોમાં પાંચ દિવસ માટે મળી ગઈ, જેમાં મુખ્યત્વે દક્ષિણ હૉડેશિયા અને દક્ષિણ આફ્રિકાના લઘુમતી ગોરાઓના આપખુદ શાસન વિરુદ્ધ કડક પગલાં લેવા અંગે વિચારણા થઇ (૨૨/૭).

ચર્ચિલ

સતત ૬૧ વર્ષ સુધી બ્રિટનની આમની સભામાં સભ્ય રહ્યા પછી આ સદીના મહાન મુત્સદ્દી ૯૧ વર્ષના સર વિન્સ્ટન ચર્ચિલે સક્રિય રાજકારણમાંથી નિવૃત્તિ લેવા સાથે આમની સભાનું સભ્યપદ પણ છોડી દઈને છેલ્લી વાર આમની સભામાં હાજરી આપી (૨૮/૭). સભાએ અપૂર્વ માનથી એમને નવાજ્યા.

કાદવની નદીઓ

હિંદી મહાસાગરમાં ૨૦ રાષ્ટ્રોના જે સાગરસંશોધકો સંશોધન ચલાવી રહ્યા છે તેમાં એક અમેરિકન વૈજ્ઞાનિકે દર્શાવ્યું કે બંગાળના અખાતમાં સમુદ્ર-સપાટીએથી બે માઈલ નીચે કરવામાં આવેલા સંશોધન ઉપરથી જાણવા મળ્યું છે કે ત્યાં આગળ કાદવની અસંખ્ય નદીઓ વહી રહી છે (૨૫/૭). એ જ રીતે સિલોન અને ભારતની વચ્ચેના સમુદ્રમાં સિલોનથી પૂર્વદિશામાં ૭૮૦૦ ફીટ ઊંડે મોટાંમોટાં કોતરો આવેલાં છે અને ત્રિકોમાલીથી ૨૦ માઇલ દક્ષિણે તો સમુદ્રમાં દુનિયાની મોટામાં મોટી અને મુશ્કેલ એવી ૪૫ ડિગ્રીને કાટખૂણે ભીષણ ખાઈ આવેલી છે.

ચંદ્રયાન

'રેન્જર-બી' નામનું અમેરિકાનું સાતમું, ૮૦૬ રતલના વજનવાળું અવકાશયાન ચંદ્ર ભણી છોડવામાં આવ્યું (૨૮/૭) અને ત્રણ દિવસમાં અઢી લાખ માઇલની મુસાફરી કરીને ચંદ્ર સાથે અથડાયું (૩૧/૭). એ દરમ્યાન તેણે ચંદ્રની સપાટીની લગભગ હજારેક તસવીરો ૬ ટેલિવિઝન કૅમેરાઓ વડે લઈને વિદ્યુત-ચુંબકીય મોજાંઓ દ્વારા પૃથ્વી ઉપર મોકલી દીધી હતી. અવકાશવિજ્ઞાન ને ચંદ્રસફરના ક્ષેત્રે અત્યંત મહત્ત્વની સિદ્ધિ રૂપ મનાતા આ પ્રયોગમાં ખેંચાએલી તસવીરોનો વૈજ્ઞાનિકો અભ્યાસ કરી રહ્યા છે.

ત. ઉ.

આ માસ (ઑગસ્ટ) ઈતિહાસમાં • વ્યક્તિવિશેષ • પ્રસંગવિશેષ

વ્યક્તિવિશેષ : જૉન ગાલ્સવર્ધી

વિક્ટોરિયન યુગની આખર ને એડવર્ડના કાળની શરૂઆતમાં અંગ્રેજ જીવનનો બહુ



અચ્છો ખયાલ આપતી નવલકથાઓ ને નાટકોના લેખક જ્હૉન ગાલ્સવર્ધીનો જન્મ ઈંગ્લંડમાં સરૂરે પરગણામાં ઈ. ૧૮૬૭ની ૧૪મી ઑગસ્ટે થયો હતો. હૅરો અને ઑક્સફર્ડમાં અભ્યાસ કરી ૧૯૦૦માં એ બૅરિસ્ટર થયો પણ વકાલતને બદલે એ લેખન અને પ્રવાસો તરફ વિશેષ ઢળી ગયો.

૧૮૯૮માં 'જૉસલિન' નામે એની પ્રથમ નવલકથા બહાર પડી હતી. પણ 'ધી આઇલૅન્ડ ફારિસીઝ' અને 'ધી મૅન ઑફ પ્રૉપર્ટી'થી એને ખ્યાતિ મળી. આ બીજું પુસ્તક પાછળથી 'ફોરસીટ સાગા' નામક એની વિખ્યાત નવલકથામાળાનું પહેલું પુસ્તક છે. એને અનુસંધાને 'ધી ઇંડિયન સમર ઑફ એ ફોરસીટ', 'ઈન ચાન્સરી', 'અવેઈકનિંગ' ને 'ટુ લેટ' પણ લખાયાં. ઇંગ્લંડના ઉપલા મધ્યમવર્ગના કુટુંબજીવનનું એમાં આલેખન છે. 'ધી કન્ટ્રી હાઉસ', 'ફ્રૅટર્નિટી', ધી પેટ્રિશિયન, 'ધી ફ્રીલૅન્ડ્સ' વગેરે એની બીજી નવલો છે.

૧૯૨૪માં 'ધી વ્હાઈટ મન્કી' પ્રકટ થયું. 'ફોરસીટ સાગા'ની એક આખી પેઢીની કથા પછી આમાં એણે યુદ્ધોત્તર લંડનના જીવનનું આલેખન કર્યું. એને જ અનુસંધાને એણે 'ધી સિલ્વર સ્પૂન' ને 'સ્વૉન સૉંગ' પણ લખ્યાં. આ પુસ્તકોની કંઈક ધૂની લખાવટ જુદી તરી આવે છે. સિલ્વર સ્પૂનમાં ગાલ્સવર્ધીનો યુવાની અને સૌંદર્ય પ્રત્યેનો પક્ષપાત જોવા મળે છે, પણ નવા યુગોનો પલટો એને મન વધુ પડતો હતો. આ ત્રણે કૃતિઓમાં માનવ સ્વભાવનાં ઊંડાણો રજૂ કરવાને બદલે નવા જમાના પ્રત્યેના પ્રત્યાઘાતો વધુ જોવા મળે છે. વિવિધ પ્રકારની ટૂંકી વાર્તાઓ અને તત્કાલીન સામાજિક અને નૈતિક પ્રશ્નો વિષે એણે નિબંધો પણ લખ્યા. 'ધી બર્નિંગ સ્પીઅર'માં એણે યુદ્ધકાલીન ઉડાઉગીરી પર ટીકા લખી છે.

નાટકકાર તરીકે પણ ગાલ્સવર્ધી વિખ્યાત છે. એમાં મોટા ભાગનાં નાટકો નૈતિક ને સામાજિક વિષયો ઉપર મંડાએલાં છે. એમાં એ પોતાનાં પાત્રો દ્વારા સમાજનાં મૂલ્યો પરત્વે અતિશય ચીવટભર્યો ન્યાયદર્શી પ્રયત્ન રજૂ કરે છે. ક્યારેક તેનો અતિરેક પણ લાગી આવે છતાં યે એમાં નાટ્યતત્ત્વ પણ જરૂર છે જ. નાટકોમાં મિનેરોના નાટકીય સભાન ભાષાપ્રયોગો કે બર્નાર્ડ શોના લોકવાણીના અતિરેકવાળા સંવાદોને બદલે રોજિંદી ભાષા જેવા તદ્દન સ્વાભાવિક સંવાદોનો આરંભ કરનાર એ પહેલો અંગ્રેજ નાટકકાર હતો. છતાં એનાં નાટકો વાંચનક્ષમ નથી લાગતાં. કુશળ અભિનેતાઓ ભજવે નહિ તો તે કદાચ એ કાળના ઉપલા મધ્યમ વર્ગમાં બોલાતા અંગ્રેજી જેવા નર્યા વાચાળ બની રહે છે. 'એસ્કેપ' (૧૯૨૬)માં ગાલ્સવર્ધીએ દર્શાવી આપ્યું કે ફિલ્મથી જાગતા રસ અને ઉત્તેજનાને વધુ ચડિયાતી રીતે નાટકમાં રજૂ કરી શકાય છે, છતાં એ માનતો કે નાટકોએ હોલીવૂડ પાસેથી કંઈ વિશેષ શીખવાનું નથી.

ધી સિલ્વર બૉક્સ, જૉય, સ્ટ્રાઈફ, જસ્ટિસ, ધી પિજીઅન, ધી એલ્ડેસ્ટ સન, ધી ફ્યુજીટિવ, ધી સ્કિન ગેઈમ, લોયલ્ટીઝ અને ધી ફૉરેસ્ટ એ એનાં જાણીતાં નાટકો છે.

ઈ. ૧૯૩૩માં એનું અવસાન થયું.

પ્રસંગવિશેષ : એડિસને ગ્રામોફોનની શોધ કરી. તા. ૧૨મી ઑગસ્ટ, ઈ. ૧૮૭૬

રેડિયોને કારણે આજે જેનું માન ઘટી ગયું છે એ ગ્રામોફોન થોડા જ દાયકા પહેલાં એક અજબ યંત્ર ગણાતું હતું. ઈ. ૧૮૫૭માં લીઑન સ્કૉટે 'ફોનોટોગ્રાફ' નામે અવાજની નોંધ કરતું એક યંત્ર બનાવેલું. પણ બોલાએલો અવાજ નોંધીને પછી પાછો સંભળાવી શકે એવું યંત્ર તો વિજ્ઞાનના જાદુગર એડિસને ૧૮૭૬ની ૧૨મી ઑગસ્ટે તૈયાર કરેલું. એણે એને 'ફોનોગ્રાફ' નામ આપેલું. ગ્રેહામ બેલે એ શોધને વધુ વિકસાવીને એને 'ગ્રામોફોન' નામ આપ્યું. એડિસને પોતે પણ એ શોધને વધુ વિકસાવી હતી. ફોનોગ્રાફ સાથેનો એનો એક ફોટોગ્રાફ આ સાથે આપ્યો છે. આરંભનાં એ યંત્રોમાં એક ફરતા નળાકાર પર અવાજની છાપ ઊતરતી. આજની રેકર્ડનો આરંભ તો ઈ. ૧૮૯૭માં થયો હતો.



મર્યાદા મૂકે નહિ સજ્જન લડતાં કોઇ
જયમ કુળવંતી નારીનું હસવું હોઠે હોય.

—દલપતરામ

સિકંદરના ગુરુ એરિસ્ટોટલને 'પીથિયા' નામની વિદુષી તથા ચતુર કન્યા હતી. તેને એક વખત કોઇએ પૂછયું કે 'ગાલ ઉપર શોભાવવાને સૌથી સરસ રંગ કયો?'

પીથિયાએ ઉત્તર આપ્યો : 'લજ્જા!'

ગણિતગમ્મત

અમુક રકમ ધારો. તેની અરધી કરો. જે આવે તેને ધારેલી રકમમાં ઉમેરો. પછી તેને બે વડે ગુણો, અને જે ગુણાકાર આવે તેમાં બે ઉમેરો. હવે જે રકમ આવી તેમાં તમારી ધારેલી રકમ ઉમેરો. જે સરવાળો આવે તેને ચાર વડે ભાગો. હવે આવતી અપૂર્ણાંક સંખ્યાના જો છેદ ઊડતા હોય તો ઉડાડી દો, અને પછી જે રકમ બને તેમાંથી અરધો (½) બાદ કરો. બાકી વધે તે તમારીધારેલીસંખ્યા.

(કા. મ. જોષી)

અનેકાર્થી શબ્દ : **ભાવ**–લાગણી; અનુકંપા; દર; અભિનય; અવસ્થા કે હાલત; અંશ કે ભાગ, પિંગળમાં આઠની સંજ્ઞા; પૂજ્ય માણસ; જ્યોતિષમાં જન્મ સમયનું નક્ષત્ર; રહસ્ય; કચ્છી ભાષામાં પ્રસાદી; બુદ્ધ; રસ ઉત્પન્ન કરવાની વૃત્તિ જે પાંચ છે: વિભાવ, અનુભાવ, સાત્ત્વિક, વ્યભિચારી ને સ્થાયી; વિષ્ણુ (તેમજ શિવ)નાં સહસ્ર નામમાંનું એક; વેરો; સૂર્યનું પણ એક નામ, વજન.



ફ્રાન્સનો આ પિયે મેશી નામનો અભિનેતા પોતાની મરજી મુજબ પોતાના વાળ ઊભા કરી શકતો : આખા માથાના એક સાથે જ નહિ; ચાહે તે એક ભાગના પણ!

આ ૧૫મી ઑગસ્ટે શ્રી અરવિંદની (૯૨મી) જયંતી નિમિત્તે બહાર પાડેલી ખાસ ટિકિટ. ટિકિટમાં રૂપિયા-પૈસાનો ઉલ્લેખ હવે ભારતની ટિકિટમાં નથી આવતો.



કહેવતોના અર્થ : 'બાઈ બાઈ ચારણી, (તો કે') પેલે ઘેર.'–પોતાને ચારણીની જરૂર પડતાં પડોશણોમાં માગવા નીકળેલી સ્ત્રીને બહાનાં કાઢીને બીજે કોઈ ઘેર ધકેલતી પાડોશણોના ભોગ બનવા જેવી અથડાકૂટમાં પડેલાંઓની લાચારી બતાવવા માટે વપરાય છે.



શેક્સ્પીઅરના જન્મસ્થાનનાટ્રસ્ટીઓએ મિ. પોલ વિંસ્ઝે પાસે એક ખાસ ડિઝાઈન તૈયાર કરાવી એના પરથી શેક્સ્પીઅરની ચતુર્થ શતાબ્દીને સ્મરણાંકિત કરવા એક ચંદ્રક બહાર પાડયો છે એની આ પાછલી બાજુ છે. આગલી તરફ શેક્સ્પીઅરની છબી કોતરેલી છે.

ખોટી વાત: વ્હેલ એ માછલીની જાત નથી, પણ આંચળવાળું પ્રાણી છે અને બીજાં પશુઓ પેઠે બચ્ચાંને ધવરાવે છે!

પતિ : વીસ વર્ષ પછી પણ તું હજી એવી જ સુંદર છે, એ જ વાળ, એ જ આંખો, એ જ નાક, એ જ આ નાનકડી ચિબુક...

પત્ની : પણ એ જ કપડાં ને એ જ દાગીના!